દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 11 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 January 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## વિશ્વના સૌથી અનોખા 2026 ના પ્રવાસ - હવે FORAM WORLDWIDE સાથે

### CHINA - 14 DAYS



MAR : 19 | APR : 2,16,30 | MAY : 14,28

BEIJING | GREAT WALL OF CHINA | XI'AN | CHENGDU | CHONGQING | YANGTZE RIVER CRUISE | ZHANGJIAJIE | SHANGHAI

- INTERNATIONAL AIRFARE, 3 BULLET TRAIN, 1 INTERNAL FLIGHT
- દરેક સ્થળે 5 સ્ટાર હોટેલ માં મુકામ
- Xi'an અને Terracotta Army સામેલ – ઘણી ટુરો આ મુખ્ય સ્થળ ચૂકી જાય છે
- GAINT PANDA BREEDING CENTER ની મુલાકાત
- 3 રાતનો લક્ઝરી Yangtze River Cruise
- The Great Wall – એક્સક્લૂઝિવ અને પ્રીમિયમ વ્યૂપોઈન્ટ
- સંપૂર્ણ Zhangjiajie અનુભવ: Avatar Mountains, Bailong Elevator, Glass Bridge
- Tianmen Mountain સાથે Heaven's Gate નો અદ્દભૂત અનુભવ
- Bullet Trains + Internal Flight સાથે સ્મૂથ અને આરામદાયક મુસાફરી
- રાજસ્થાની મહારાજ દ્વારા શુદ્ધ શાકાહારી અને જૈન ભોજનની સુવિધા
- સમગ્ર સફરમાં અનુભવી ભારતીય Tour Manager ની માર્ગદર્શન સેવા

### JAPAN



CHERRY BLOSSOM TOUR - 11 DAYS
ALPINE TOUR - 12 DAYS

MAR : 19,21,23,24,25,26,31
APR : 2,5,8,11,16,20,28 | MAY : 10,22

TOKYO | HAKONE | NAGOYA | KYOTO | KOBE
HIROSHIMA | OSAKA | NAGANO | TATEYAMA | TOYAMA

- 3D TEAM LAB
- શિંજુકુ ગાર્ડન
- ચીદોરિગા કૃચિ
- Imperial Palace
- Tokyo Sky Tree (450m)
- આસાકુસા ટેમ્પલ
- સુમિદા રિવર ક્રુઝ
- Todaiji Temple અને Nara Deer Park
- Hakone રોપવે સાથે Lake આશી ક્રુઝ
- Mt.Roko Cable Car Ride (1 way)
- MT FUJI - લેવલ 5
- Umeda Sky Tower
- બામ્બુ Forest
- Osaka Aquarium
- બુલેટ ટ્રેન MUSEUM

- INTERNATIONAL AIRFARE
- બુલેટ ટ્રેન ની મુસાફરી
- ઓસાકા CASTLE
- દરેક સ્થળે 5 સ્ટાર હોટેલ માં મુકામ
- રાજસ્થાની મહારાજ દ્વારા શુદ્ધ શાકાહારી અને જૈન ભોજનની સુવિધા

FORAM® WORLDWIDE
#ChaloForamKeSang

### EGYPT - 10 DAYS



FEB : 17 | MAR : 3,17

CAIRO | ALEXANDRIA | NILE RIVER CRUISE | LUXOR
ASWAN | HURGHADA

- 4-5 સ્ટાર હોટલો માં મુકામ
- મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ભોજન
- SAND BUGGY & CAMEL RIDE WITH QUAD BIKING
- NILE RIVER DINNER CRUISE સાથે BELLY DANCE SHOW
- DESERT SAFARI સાથે મહારાજ દ્વારા બનાવેલ સ્વાદિષ્ટ ડિનર
- HURGADA માં ALL INCLUSIVE હોટલ માં 2 રાત્રી
- CAIRO માં 4 રાત્રી
- 3 રાત્રી NILE RIVER CRUISE ની મુસાફરી
- GIZA PYRAMIDS ની મુલાકાત
- LUXOR TEMPLE
- VALLEY OF KINGS ની મુલાકાત
- GREAT SPHINX ની મુલાકાત
- INTERNAL FLIGHT ટુર કોસ્ટ માં સમાવેશ

### SOUTH AFRICA - 12 DAYS



APR : 24 | MAY : 1,8,15 | JUN : 1,12

CAPE TOWN | GEORGE | SUNCITY |
MABULA | JOBURG

- 2 જંગલ સફારી (Game Drive) સાથે મબુલા માં રાત્રી મુકામ
- સન સીટી પેલેસ હોટેલ માં મુકામ એ પણ રાજસ્થાની મહારાજ સુવિધાઓ સાથે
- ગાર્ડન રૂટ ના સુંદર શહેર જ્યોર્જ માં 4 રાત્રી નો યાદગાર મુકામ
- કેંગો કેવ્સ અને ઓસ્ટરીચ ફાર્મ
- કેપટાઉન સીટી સેન્ટર હોટેલ માં આવેલ 4 સ્ટાર હોટેલ માં ૩ રાત્રી નો મુકામ.
- હેલીકોપ્ટર રાઈડ
- કેપ પેનિનસુલા ટુર
- સીલ આઈલેન્ડ બોટ ટુર
- કેબલ કાર સાથે ટેબલ માઉન્ટેન ટુર
- પેંગ્વીન પાર્ક
- વોલ્ક WITH LION
- મોઝેલ બે માં સ્પીડ બોટ રાઈડ
- કેપ પોઈન્ટ પર Funicular Ride
- V & A વોટરફ્રંટ મોલ માં શોપિંગ
- 1 ઈન્ટરનલ ફ્લાઈટ
- દરેક સ્થળે 4/5 સ્ટાર હોટલો માં મુકામ

SCAN HERE

**DINESH 8591728602 | BHAKTI 9321236935 | TIRATH 8591069803 | DHRUV 8169369686 | JAY 9167008678**

HEAD OFFICE: ML SPACE, 3RD FLOOR, VILE PARLE WEST. MUMBAI. TEL: 022 61596900
BRANCH : SAI INFOTECH, 308, PATEL CHOWK. GHATKOPAR EAST. MUMBAI. TEL: 022 67295000

WWW.FORAMWORLDWIDE.COM | INFO@FORAMWORLDWIDE.COM | FOLLOW US ON | OTHER OFFICES AHMEDABAD | SURAT | PUNE | USA | UAE

દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
R.N.I. No. GUJ GUJ/2013/58486 *
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 11 ■ વિક્રમ સંવત ૨૦૮૨
પૌષ વદ - ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 13 January 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
મંગળવાર, ૧૩ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ભારત એકદમ અગત્યનું સાથીઃ અમેરિકાને અક્કલ આવી

નવી દિલ્હીઃ ટ્રેડ અને ટૅરિફને કારણે બંને દેશ વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે ભારતસ્થિત અમેરિકી રાજદૂત સર્ગિઓ ગોરે કહ્યું હતું કે અમેરિકા માટે ભારત જરૂરી અને મહત્ત્વનું ભાગીદાર રહેશે.

ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ડૉનલ્ડ ટ્રમ્પ વચ્ચેની મિત્રતા વાસ્તવિક છે.

તેમણે કહ્યું હતું કે, ભારત અને અમેરિકા ટ્રેડ ડીલ પર ૧૩ જાન્યુઆરીએ ફાઈનલ મહોર લાગી શકે છે.

દિલ્હી સ્થિત અમેરિકન દૂતાવાસમાં સર્જિયો ગોરે કહ્યું હતું કે અમેરિકા માટે ભારત જેટલું મહત્ત્વપૂર્ણ છે એટલો અન્ય કોઈ દેશ નથી. ભારત વિશ્વનું સૌથી મોટું રાષ્ટ્ર છે, તેથી તેમને અંતિમ રૂપ આપવું સરળ કામ નથી, પરંતુ અમે તેને હાંસલ કરવા માટે દ્રઢ સંકલ્પ લઈએ છીએ. પ્રમુખ ટ્રમ્પ આગામી વર્ષ સુધીમાં ભારતના પ્રવાસે આવી શકે છે

ભારત કરતાં વધુ જરૂરી અને મહત્ત્વનો કોઈ ભાગીદાર નથી એમ જણાવતાં ગોરે કહ્યું હતું કે બંને

**ભારત-અમેરિકા ટ્રેડ ડીલને આજે મંજૂરી મળી શકે અને ટ્રમ્પ પણ ભારતની મુલાકાતે આવે છે**

દેશ પરસ્પર વેપારના માધ્યમ થકી જોડાયેલા રહેશે અને અમેરિકા આવતા મહિને યોજાનારા પૅક્સ સિલિકામાં જોડાવા ભારતને આમંત્રિત કરશે.

સર્ગિઓ ગોરે સોમવારે ભારત ખાતે અમેરિકાના રાજદૂત તરીકેનો હવાલો સંભાળી લીધો હતો.

એક અહેવાલ મુજબ ટ્રમ્પના અધિકારી આ અઠવાડિયે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ સમક્ષ ઓળખપત્ર રજૂ કરશે. ઍરિક ગાર્સેટ્ટીનું સ્થાન લેનારાં ગોર ઑક્ટોબર ૨૦૨૫માં ભારત આવ્યા હતા.

અમેરિકાના રાજદૂત તરીકેનો હોદ્દો સંભાળ્યા બાદ પત્રકારોને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે અમેરિકાના રાજદૂત તરીકે ભારત આવવું એ મારા માટે ગર્વની વાત છે. બંને દેશ વચ્ચેની ભાગીદારીને નવા સ્તરે લઈ જવાના સ્પષ્ટ મિશન અને ભારોભાર આદર સાથે હું આ ઉલ્લેખનીય દેશની મુલાકાતે આવ્યો છું. વિશ્વની સૌથી જૂની અને સૌથી મોટી લોકશાહી વચ્ચેનું આ જોડાણ છે એમ તેમણે કહ્યું હતું.

અગાઉ ટ્રમ્પે કહ્યું હતું કે મોદી સારા માણસ છે. મોદી જાણતા હતા કે હું ખુશ નથી અને મને ખુશ કરવો જરૂરી હતું. (એજન્સી)■

## ઈરાન મંત્રણા માટે તૈયારઃ ટ્રમ્પ

દુબઈ : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે માહિતી આપી હતી કે ઈરાન વાતચીત કરવા માગે છે. દેખાવકારો પરની તવાઈ બાદ ટ્રમ્પે ઈસ્લામિક રિપબ્લિક પર ત્રાટકવાની ધમકી આપી હતી. આંદોલનકારીએ દાવો કર્યો હતો કે રાષ્ટ્રવ્યાપી દેખાવોમાં ઓછામાં ઓછી ૫૪૪ જણની જાનહાનિ થઈ છે.

વૉશિંગ્ટન અને તહેરાન વચ્ચેના લાંબા સમયથી મધ્યસ્થીકાર તરીકે કામ કરનારા ઓમાનના વિદેશ પ્રધાન અઠવાડિયાના અંતમાં ઈરાનમાં વાતચીત માટે ગયા હતા. ટ્રમ્પના દાવા અંગે ઈરાન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. એ પણ અસ્પષ્ટ છે કે ઈરાન અમેરિકાને શેનું વચન આપી શકે, કારણ કે ટ્રમ્પે તો તહેરાનના અણુ કાર્યક્રમ અને બેલિસ્ટિક મિસાઈલ અંગે કડક માગણી કરી છે. તેહરાન તેની રાષ્ટ્રીય સુરક્ષા માટે આ બન્નેને આવશ્યક ગણાવે છે.

ઈરાનના વિદેશપ્રધાન અબ્બાસ અરાઘચીએ વિદેશી રાજદૂતો સાથે તહેરાનમાં વાતચીત કરતાં કહ્યું હતું કે

(જુઓ પાનું ૨) ▸▸

## ઈસરોનું રોકેટ બગડ્યુંઃ ૧૬ સેટેલાઈટ અંતરિક્ષમાં ગુમ



શ્રીહરિકોટા (આંધ્ર પ્રદેશ) : સોળ ઉપગ્રહોને અવકાશમાં લઈ જતું ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો)નું પોલર સેટેલાઈટ લોન્ચ વેહિકલ-સી૬૨માં વિસંગતી ઊભી થતાં આખું મિશન નિષ્ફળ ગયું હતું. અંતરિક્ષ સંસ્થાના ચેરમેન વી. નારાયણને કહ્યું હતું કે જ્યારે ફ્લાઈટના ત્રીજા તબક્કા દરમિયાન વેહિકલને ઈચ્છિત ઊંચાઈ પર લઈ જવા સ્ટ્રેપ-ઓન મોટર થ્રસ્ટ છોડાઈ રહ્યા હતા ત્યારે રોકેટમાં અનિયમિતતા જોવા મળી હતી અને તે તેના માર્ગમાંથી વિચલિત થઈ ગયું હતું. તેમણે વધુમાં કહ્યું હતું કે નિષ્ફળતાનું કારણ જાણવા વિગતવાર વિશ્લેષણ કરવામાં આવશે.

ઈસરોનાં સૂત્રોએ માહિતી આપી હતી કે ઈચ્છિત ભ્રમણકક્ષામાં ઉપગ્રહોને મૂકવાનું મિશન નિષ્ફળ ગયું છે અને સોળે સોળ ઉપગ્રહ અંતરિક્ષમાં ખોવાઈ ગયા છે. પીએસએલવીના ત્રીજા તબક્કામાં આ

વખતે સતત બીજી વાર ખરાબી સર્જાઈ હતી. અગાઉ મે ૨૦૨૫માં પણ (પીએસએલવી-સી૬૧-ઈઓએસ-૦૯) વેહિકલ નિષ્ફળ ગયું હતું અને એ વખતે મોટર પ્રેસરની બાબત હતી અને મોટર કેસમાં ચેમ્બરનું પ્રેસર ઘટી ગયું હતું. સોમવારે સવારે ૨૨.૫ કલાકના કાઉન્ટડાઉનમાં ૪૪.૪ મીટર ઊંચું ચાર તબક્કાવાળું રોકેટ

(જુઓ પાનું ૨) ▸▸

## ચાંદીમાં જબરી તેજીઃ ૧૩,૯૬૮ વધી ગયા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં આજે વ્યાપક સલામતી માટેની માગને ટેકે સોનાના ભાવ વધીને ઔંસદીઠ ૪૬૦૦.૩૩ ડૉલરની અને ચાંદીના ભાવ વધીને ઔંસદીઠ ૮૪.૬૦ ડૉલરની વિક્રમ સપાટી નોંધાવીને સાધારણ ઘટાડા સાથે પાછા ફર્યાનાં પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓમાં

તેજીનો અન્ડરટોન રહ્યો હતો, જેમાં વેરારહિત ધોરણે ચાંદીના ભાવ કિલોદીઠ ૧૩,૯૬૮ રૂપિયાના ઉછાળા સાથે ૨.૫૬ લાખ રૂપિયાની સપાટી પાર કરી ગયા હતા, જ્યારે શુદ્ધ સોનાએ ૧૦ ગ્રામદીઠ ૩૩૨૭ રૂપિયાની તેજી સાથે ૧.૪૦ લાખ રૂપિયાની સપાટી કુદાવી હતી.

ઈન્ડિયા બુલિયનની આંકડાકીય માહિતી અનુસાર આજે વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના ભાવ કિલોદીઠ ૧૩,૯૬૮ રૂપિયા ઉછળીને

(જુઓ પાનું ૨) ▸▸

## આભને આંબી ભારત અને જર્મનીની દોસ્તીની પતંગ

### વડા પ્રધાન અને જર્મન ચાન્સેલરે લશ્કરી, ગ્રીન હાઈડ્રોજન અને અર્બન મોબિલિટીમાં સહયોગ વધારવાની કરી જાહેરાત

(અમારા પ્રતિનિધિ તરફથી)



અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝે સંયુક્ત નિવેદન જાહેર કર્યું હતું. બંને નેતાઓએ ભારત અને જર્મની વચ્ચે રાજકીય, લશ્કરી, આર્થિક અને ટેકનિકલ સહયોગને વધુ મજબૂત કરવાની વાત કરી હતી. ઉપરાંત, અર્બન મોબિલિટી, ગ્રીન હાઈડ્રોજન અને સેમી કન્ડકટરમાં સાથે મળીને કામ કરશે તેમ જણાવ્યું હતું. બંને નેતાએ આંતરરાષ્ટ્રીય પતંગોત્સવનું ઉદ્ઘાટન કર્યું હતું અને આ સાથે જ બંને દેશના સંબંધોને વધુ મજબૂત બનાવ્યા હતા.

બંને દેશોએ રક્ષા ઈન્ડસ્ટ્રિયલ સહયોગને વધુ મજબૂત કરવા માટે સંયુક્ત રીતે સહમતિ વ્યક્ત કરી હતી. જેનો હેતુ રક્ષા ઉત્પાદનો અને ટેકનિકલ સહયોગને પ્રોત્સાહન આપવાનો છે. આ ઉપરાંત આર્થિક સહયોગ વધારવા એક સત્તાવાર મંચની સ્થાપના કરવાની (જુઓ પાનું ૨) ▸▸

## અજમેર દરગાહ 'શિવ મંદિર' હોવાનો દાવો, એએસઆઇ સર્વેની અદાલતમાં અરજી

જયપુરઃ રાજસ્થાનમાં સોમવારે એક જિલ્લા કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી. જેમાં અજમેર દરગાહ મૂળરૂપે 'શિવ મંદિર' હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. સાથે જ આ સ્થળનો સર્વે કરવાની પણ માગ કરવામાં આવી હતી.

આ અરજી અજમેરની એક કોર્ટમાં જમણેરી જૂથ મહારાણા પ્રતાપ સેનાના રાષ્ટ્રીય પ્રમુખ રાજવર્ધન સિંહ પરમાર દ્વારા દાખલ કરવામાં આવી છે. તેમણે કહ્યું કે અજમેર દરગાહ એક શિવ મંદિર હતું અને પછીથી તેને દરગાહ બનાવી દેવામાં આવ્યું હતું. હું લાંબા સમયથી આ મુદ્દા માટે લડી રહ્યો છું. પહેલા રાષ્ટ્રપતિને એક અરજી સોંપવામાં આવી હતી. જેને રાજસ્થાનના મુખ્ય સચિવને મોકલી દેવામાં આવી છે.

તેમણે વધુમાં કહ્યું કે અરજીમાં ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ (એએસઆઇ) દ્વારા સર્વેક્ષણની પણ માગ કરવામાં આવી છે. વરિષ્ઠ વકીલ એ. પી. સિંહે જણાવ્યું કે અરજી અજમેરના જિલ્લા ન્યાયાધીશની કોર્ટમાં દાખલ કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો કે આ જગ્યાએ ભગવાન શિવને સમર્પિત એક મંદિર હતું અને તે પ્રાચીન કાળનું છે.

વર્ષ ૨૦૨૪માં હિન્દુ સેનાના પ્રમુખ વિષ્ણુ ગુપ્તાએ પણ આવો દાવો કરતી એક અરજી દાખલ કરી હતી. જેમાં કહેવામાં આવ્યું હતું કે સૂફી સંત મોઇનુદ્દીન ચિશ્તીની દરગાહ એક મંદિરની જગ્યા ઉપર બનાવવામાં આવી હતી. તેમણે દરગાહને હિન્દુ મંદિર જાહેર કરવાની માગ પણ કરી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે અજમેર શરીફ દરગાહને ભારતના સૌથી પવિત્ર મુસ્લિમ યાત્રાધામો પૈકીનું એક માનવામાં આવે છે. તે અજમેરમાં એક પ્રખ્યાત સ્થળ પણ છે. ખ્વાજા મોઇનુદ્દીન ચિશ્તી પર્શિયાના એક સૂફી સંત હતા. તેઓ અજમેર આવ્યા અને ઇ.સ. ૧૧૯૨ થી ૧૨૩૬ સુધી એટલે કે તેમના મૃત્યુ સુધી પોતાનું ઘર બનાવીને રહ્યા હતા.■

## હું વેનેઝુએલાનો કાર્યકારી પ્રમુખઃ ટ્રમ્પને ટીખળ સૂઝી

વૉશિંગ્ટનઃ નિકોલસ માદુરોની એક્ઝિટ પછી વેનેઝુએલામાં સત્તા અંગે ખેંચતાણ ચાલી રહી છે, એવામાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે પોતાને વેનેઝુએલાનાં કાર્યકારી પ્રમુખ જાહેર કર્યા છે. તેમણે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ ટ્રુથ સોશિયલ પર એક સ્ક્રીન શોટ શેર કર્યો છે.એક પોસ્ટમાં ટ્રમ્પે વિકિપીડિયા પર પોતાનાં પેજનો એક સ્ક્રીન શોટ શેર કર્યો છે, જેમાં ટ્રમ્પને વેનેઝુએલાના કાર્યકારી રાષ્ટ્રપ્રમુખ ગણાવવામાં આવ્યા છે. જો કે આ ઈમેજ એડિટ કરેલી છે, વિકિપીડિયા પર ટ્રમ્પના પેજ પર આવી કોઈ માહિતી નથી.નોંધનીય છે ટ્રમ્પ સોશ્યલ મીડિયા પર આવી મજાક કરતા રહે છે. ગત વર્ષે પોપ ફ્રાન્સિસના અવસાન બાદ નવા પોપ ચૂંટવા માટે કોન્કલેવ ચાલી રહ્યો હતો ત્યારે ટ્રમ્પે પોતાને પોપ તરીકે દર્શાવતો ફોટો શેર કર્યો હતો

ટ્રમ્પે એવી પણ ધમકી આપી હતી કે જો માદુરોના નજીકના નેતા તેમની માગણીઓ મુદ્દે સહકાર નહીં આપે, તો વેનેઝુએલા સામે વધુ લશ્કરી કાર્યવાહી કરવામાં આવી શકે છે. ■

## 'વન બેટલ આફ્ટર અનધર' છવાઈ ગઈ ગોલ્ડન ગ્લોબમાં

લોસ એન્જલસઃ રવિવારના ૮૩મા ગોલ્ડન ગ્લોબ્સની કૉમેડી કેટેગરીમાં પોલ થોમસ એન્ડરસનની ક્રાંતિકારી ફિલ્મ 'વન બેટલ આફટર અનધર'ને સર્વોચ્ચ ગૌરવ મળ્યું હતું, જ્યારે ક્લે ઝાઓના બાયોગ્રાફિકલ હિસ્ટોરિકલ ડ્રામા 'હેમનેટ'એ 'સિનર્સ'ને બાજુ પર મૂકીને બેસ્ટ મોશન પિક્ચર ડ્રામાનો એવૉર્ડ મેળવ્યો હતો.

'વન બેટલ આફટર અનધર'ને ઉત્તમ ફિલ્મ, કૉમેડી, ટેયના ટેલરને સપોર્ટિંગ ફીમેલ એક્ટર તથા ઉત્તમ ડાયરેક્ટર અને ઉત્તમ સ્ક્રિન પ્લે નો એવોર્ડ એન્ડરસનને મળ્યા હતા. આવી ઉપલબ્ધી ઓનલી ઓલિવર સ્ટોને 'બોર્ન ઓન ધી ફોર્થ ઑફ જુલાઈ'એ મેળવી છે. જેક થોર્ન-સ્ટીફન ગ્રેહામની વેબ સીરિઝ 'એડોલસન્સ'ને પણ ચાર એવૉર્ડ મળ્યા હતા.

રાતનો ફાઈનલ એવૉર્ડ ચકિત કરી દેનારો હતો. એવૉર્ડની મોસમમાં 'વન બેટલ આફટર અનધર' સ્પષ્ટપણે મોખરે હતું. ઘણાં લોકો રિયાનકોગલરની જિમ ક્રો યુગની વેમ્પાયર થ્રીલર નિકટની હરીફાઈમાં હોવાનું માને છે. જોકે 'હેમનેટ'એ ડ્રામેટિક કેટેગરીમાં ગૌરવ મેળવ્યું હતું. આ નાટક મેદી ઓફેરેલના પુસ્તક પર આધારિત છે અને તે વિલિયમ અને એગ્નસ શેક્સપીયર અંગેનું છે.

વોર્નર બ્રધર્સ માટે રાત ભવ્ય નિવડી હતી. તેના જ સ્ટુડિયોમાં બનાવેલા 'વન બેટલ આફટર અનધર' અને 'સિનર્સ'ને ગૌરવ મળ્યા હતા. ડિસ્કવરીને ૮૩ અબજ ડૉલરમાં ખરીદવાની ડીલ નેટફ્લિક્સે કરી છે. ઉત્તમ ડાયરેકટરનો એવૉર્ડ મેળવ્યા બાદ એન્ડરસને વોર્નરના કો-ચીફ મિશેલ ડેલુકાની સરાહના કરી હતી. ■

## શાકભાજી-કઠોળ મોંઘા થતા ફુગાવો વધ્યો

નવી દિલ્હીઃ ડિસેમ્બરમાં છૂટક ફુગાવો વધીને ૧.૩૨ ટકાની ત્રણ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જેનું મુખ્ય કારણ ખાદ્ય ચીજવસ્તુઓના ઊંચા ભાવ હતા, પરંતુ તે ભારતીય રિઝર્વ બેંકના મંતવ્ય પ્રમાણે હજી નીચે રહ્યો હતો.

ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન મુખ્ય ફુગાવો અને ખાદ્ય ફુગાવામાં વધારો મુખ્યત્વે શાકભાજી, માંસ અને માછલી, ઇંડા, મસાલા અને કઠોળ અને ઉત્પાદનોના ભાવવધારાને આભારી છે, તેવું રાષ્ટ્રીય આંકડા કાર્યાલય (એનએસઓ)એ ડેટા જાહેર કરતી વખતે જણાવ્યું હતું.ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) આધારિત મુખ્ય ફુગાવો નવેમ્બરમાં ૦.૭૧ ટકા અને ડિસેમ્બર ૨૦૨૪માં ૫.૨૨ ટકા હતો. સપ્ટેમ્બરમાં ફુગાવો ૧.૪૪ ટકા હતો.

ડિસેમ્બરમાં ખાદ્ય ફુગાવો (માઈનસ) ૨.૭૧ ટકા હતો, અને સતત સાતમા મહિને નકારાત્મક રહ્યો હતો.

શહેરી વિસ્તારોમાં મુખ્ય ફુગાવો ૨.૦૩ ટકા વધારે હતો, જે ગ્રામીણ ભારતમાં ૦.૭૬ ટકા હતો.

ડિસેમ્બરમાં સતત ચોથા મહિને રિટેલ ફુગાવો ભારતીય રિઝર્વ બેંકની નીચી સહિષ્ણુતા મર્યાદાથી નીચે રહ્યો હતો.

સરકારે કેન્દ્રીય બેંકને ફુગાવો ચાર ટકા પર રહે તે સુનિશ્ચિત કરવાનો આદેશ આપ્યો છે, જેમાં બંને બાજુ બે ટકાનો માર્જિન રહેશે.એનએસઓના ડેટા અનુસાર, ડિસેમ્બર દરમિયાન ઉચ્ચ ફુગાવો ધરાવતા ટોચના પાંચ મુખ્ય રાજ્યોમાં કેરળ (૯.૪૯ ટકા), કર્ણાટક (૨.૯૯ ટકા), આંધ્ર પ્રદેશ (૨.૭૧ ટકા), તમિળનાડુ (૨.૬૭ ટકા) અને જમ્મુ અને કાશ્મીર (૨.૨૬ ટકા) હતા.

બીજી બાજુ, આસામ, બિહાર, હરિયાણા, મધ્ય પ્રદેશ, ઓડિશા અને ઉત્તર પ્રદેશમાં છૂટક ફુગાવો નકારાત્મક હતો.

એનએસઓ બધા રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતા પસંદ કરેલા ૧૧૧૪ શહેરી બજાર અને ૧૧૮૧ ગામડામાંથી ભાવ ડેટા એકત્રિત કરે છે. ■

## આવું છું મુંબઈ, રોક સકો તો રોક લોઃ અન્નામલાઈ

### તમિળનાડુના ભાજપી નેતાને રાજ ઠાકરેએ ધમકી આપતા બબાલ

નવી દિલ્હીઃ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના નેતા કે. અન્નામલાઈએ સોમવારે રાજ ઠાકરેની ટીકા કરી હતી અને એને મુંબઈમાં પ્રવેશતા અટકાવવાનો પડકાર ફેંક્યો હતો.

ઠાકરેએ ભાજપ અન્નામલાઈને મજાકમાં રસમલાઈ ગણાવ્યા હતા અને મુંબઈ સંબંધિત મુદ્દાઓ પર બોલવાની તેમની સ્થિતિ પર સવાલ ઉઠાવ્યાના એક દિવસ પછી આ પ્રતિક્રિયા આવી હતી.ચેન્નાઈમાં એક પત્રકાર પરિષદમાં, ભાજપના નેતાએ આરોપ લગાવ્યો હતો કે તેમને અનેક ધમકીઓ મળી છે, કેટલાક લોકોએ તેમના પગ કાપી નાખવાની પણ ધમકી આપી છે.અન્નામલાઈએ કહ્યું કે આદિત્ય ઠાકરે અને રાજ ઠાકરે કોણ છે જે મને ધમકી આપે છે? મને ખેડૂત પુત્ર હોવાનો ગર્વ છે. તેઓએ ફક્ત મને અપમાનિત કરવા માટે સભાઓનું આયોજન કર્યું હતું. મને ખબર નથી કે હું એટલો મહત્વપૂર્ણ બની ગયો છું કે નહીં.

''કેટલાક લોકોએ લખ્યું છે કે જો હું મુંબઈ આવીશ તો તેઓ મારા પગ કાપી નાખશે. હું મુંબઈ આવીશ - મારા પગ કાપવાનો પ્રયાસ કરો. જો મને આવી ધમકીઓથી ડર હોત, તો હું મારા ગામમાં જ રહેત. જો હું કહું કે કામરાજ ભારતના મહાન નેતાઓમાંના એક છે, તો શું તેનો અર્થ એ છે કે તે હવે તમિલ નથી? જો હું કહું કે મુંબઈ એક વિશ્વસ્તરીય શહેર છે, તો શું તેનો અર્થ એ છે કે મહારાષ્ટ્રીયનોએ તેને બનાવ્યું નથી? આ લોકો ફક્ત અજ્ઞાની છે,'' તેવું તમિળનાડુ ભાજપના ભૂતપૂર્વ વડાએ ઉમેર્યું હતું. અગાઉ, ઠાકરેએ રવિવારે મુંબઈને આંતરરાષ્ટ્રીય શહેર કહેવા બદલ અન્નામલાઈ પર શાબ્દિક હુમલો કર્યો હતો.

ઠાકરેએ મુંબઈમાં યુબીટી-મનસેની સંયુક્ત રેલીમાં કહ્યું હતું કે એક રસમલાઈ તમિલનાડુથી આવી હતી... અહીં તમારો શું સંબંધ છે? હટાઓ લુંગી, બજાઓ પુંગી. ■

## અમેરિકામાં ઈરાન-વિરોધી પ્રદર્શનમાં ટ્રક ઘૂસી ગઇ

લોસ એન્જલસઃ લોસ એન્જલસમાં રવિવારે જ્યારે ઈરાની લોકોના સમર્થનમાં પ્રદર્શન કરી રહેલા લોકોથી ભરેલી શેરીમાં એક યુ-હૉલ બોક્સ ટ્રક ઝડપભેર ઘૂસી, જેના કારણે લોકોમાં નાસભાગ થઇ હતી અને પછી ડ્રાઇવર પર હુમલો કરવાનો પ્રયાસ કરવા માટે લોકો ઝડપથી વાહનની પાછળ દોડ્યા ત્યારે પોલીસે ત્યાં પહોંચીને ડ્રાઇવરની અટક કરી હતી.

બારી અને સાઇડ મિરર તૂટેલી યુ-હૉલ ટ્રકને ઘણા બ્લોક દૂર રોકવામાં આવી હતી અને તે પોલીસની ગાડીઓથી ઘેરાયેલી હતી.

એબીસી૭ ન્યૂઝ હેલિકોપ્ટર ફૂટેજમાં અધિકારીઓ ભીડને દૂર રાખતા દેખાય છે કારણ કે પ્રદર્શનકારીઓ ટ્રક પર ધસી આવ્યા હતા, ડ્રાઇવરને મુક્કાઓ મારી રહ્યા હતા અને ડ્રાઇવરની બાજુની બારીમાંથી ઝંડાની લાકડી મારી રહ્યા હતાં. પોલીસે રવિવારે સાંજે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ડ્રાઇવર, જેની ઓળખ થઈ નથી, તેને વધુ તપાસ સુધી અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પોલીસના નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે એક વ્યક્તિને ટ્રકે ટક્કર મારી હતી, પરંતુ કોઈને ગંભીર ઈજા થઈ નથી.

લોસ એન્જલસ ફાયર ડિપાર્ટમેન્ટે જણાવ્યું હતું કે, પેરામેડિક્સ દ્વારા બે લોકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, અને બંનેએ સારવારનો ઇનકાર કર્યો હતો. ટ્રક સાથે જોડાયેલા બેનર પર લખેલું હતું ''નો શાહ. નો શાસન. યુએસએઃ ડોન્ટ રિપીટ ૧૯૫૩. નો મુલ્લા, જે તે વર્ષે થયેલા યુએસ-સમર્થિત બળવાનો ઉલ્લેખ કરે છે જેમાં તત્કાલીન વડા પ્રધાન મોહમ્મદ મોસાદેઘને ઉથલાવી દેવામાં આવ્યા હતા.રવિવારે બપોરે લોસ એન્જલસના વેસ્ટવૂડ વિસ્તારમાં વેટરન એવન્યુ પર પ્રદર્શનકારીઓની એક વિશાળ ભીડ, જેમાં કેટલાક ઈરાનનો ધ્વજ લહેરાવી રહ્યા હતા, ઈરાની ધર્મશાહીનો વિરોધ કરવા માટે એકઠા થયા હતા. ■

## એલઓસી પર પાકિસ્તાને ડ્રૉનનો ખેલ શરૂ કરતા અલર્ટ

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરની પાકિસ્તાનને અડીને આવેલી લાઈન ઑફ કંટ્રોલ (એલઓસી) અને આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન સેના દ્વારા ફરી ડ્રોન ઉડાડવામાં આવતાં અલર્ટ જાહેર કરી દેવામાં આવ્યો છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળોએ એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદ પર દેખરેખ વધારી દીધી છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રવિવારે મોડી રાતે ભારતીય સેનાએ એલઓસી પાસે રાજૌરી જિલ્લાના નૌશહરા સેક્ટરમાં પાકિસ્તાની ડ્રોન દેખાયા બાદ તેનાં પર ગોળીબાર કરી જવાબ આપ્યો હતો.

ભારતીય સેનાએ હવાઈ ઘૂસણખોરીની તપાસ કરી અને તેને ખાળવા કાઉન્ટર-અનમેન્ડ એન્ટિ એરિયલ સિસ્ટમને સક્રિય કરી દીધી હતી જેના કારણે પાકિસ્તાની ડ્રોનને પરત ફરવાની ફરજ પડી હતી.

જમ્મુ-કાશ્મીરમાં એલઓસી અને આંતરરાષ્ટ્રીય સરહદ પાસે કુલ છ ડ્રોન જોવા મળ્યા હોવાની ઘટના સામે આવી છે. આ ઘટનાઓમાં સંદિગ્ધ પાકિસ્તાની સેનાના ડ્રોન દ્વારા સરહદી વિસ્તારોમાં ચાંપતી નજર રાખવાની અને જાસૂસીની કોશિશ કરવામાં આવી હોવાના મામલાનો પણ સમાવેશ થાય છે.

સરહદી સુરક્ષાને મજબૂત કરવા અને ઘૂસણખોરી અને શસ્ત્રવિરામ ભંગના કોઈપણ પ્રયાસને નિષ્ફળ બનાવવા આ અલર્ટ જાહેર કરવામાં આવ્યો હોવાનું તેમણે કહ્યું હતું. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઈરાનમાં બે આખલાની લડાઈમાં પ્રજાનો ખો

**અમેરિકા** વેનેઝુએલા પર હુમલો કરીને પ્રમુખ નિકોલસ માદુરોને અમેરિકા ઉઠાવી લાવ્યું તેની બબાલ મટી નથી ત્યાં ઈરાન અને અમેરિકા વચ્ચે યુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. બે આખલાની લડાઈમાં ઝાડનો સોથ નિકળે એમ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઈરાનના સુપ્રીમ લીડર અલી ખામેનેઈની લડાઈમાં ઈરાનની પ્રજાનો ખો નિકળી રહ્યો છે.

ઈરાનમાં છેલ્લા બે અઠવાડિયાથી સરકાર વિરોધી દેખાવો ચાલી રહ્યા છે અને હજારો લોકો રસ્તા પર ઉતરી આવ્યાં છે. દુનિયામાં સૌથી વધારે શિયા મુસલમાનોની વસતી ધરાવતા ઈરાનમાં અયાતોલ્લા ખામેનેઈ સુપ્રીમ લીડર છે અને મુસ્લિમ કાયદાઓ પ્રમાણે શાસન ચાલે છે તેથી યંગસ્ટર્સને ગૂંગળામણ થાય છે. અમેરિકાએ મૂકેલા નિયંત્રણોના કારણે ઈરાનમાં બધી ચીજો પણ મળતી નથી. તેના કારણે મોંઘવારી વધી તેથી પણ લોકો ભડક્યાં છે. બલકે અમેરિકાએ ભડકાવ્યાં છે અને ખામેનેઈની સામે પ્રચંડ આંદોલન ઊભું કરી દીધું છે.

અમેરિકાએ કટ્ટરવાદી શિયાઓ જેમને ભગાડીને સત્તા પર આવેલા એ ઈરાનના શાહ મોહમ્મદ રેઝા પહેલવીના દીકરા રેઝા પહેલવીને પણ સક્રિય કરી દીધા છે. રેઝા પહેલવી લાંબા સમયથી ઈરાનમાં સત્તા કબજે કરવા મથે છે પણ ખામેનેઈના લોખંડી સકંજામાંથી ઈરાનને છોડાવવામાં સફળ થયા નથી. હવે તક મળતાં પહેલવી પણ પૂરી તાકાત સાથે કૂદી પડ્યા છે અને રેઝા પહેલવીના સમર્થકોએ હિંસાને ભડકાવવામાં મોટું યોગદાન આપ્યું છે.

અમેરિકા જેમને ઘરભેગા કરવા મથે છે એ ખામેનેઈ છેલ્લાં ૩૭ વર્ષથી ઈરાનમાં એકહથ્થુ સત્તા ભોગવે છે. તેમની સામે અનેક પડકારો ઊભા થયા, અમેરિકાએ તેમને ઘરભેગા કરવા ને પતાવી દેવા પણ જાત જાતનાં કાવતરાં કર્યાં પણ ખામેનેઈ ટકી ગયા છે. હવે થોડાક હજાર યંગસ્ટર્સ રસ્તા પર ઊતરીને દેખાવો કરે તેના કારણે પોતે સત્તા છોડવી પડે એ ખામેનેઈને પસંદ ના જ પડે તેથી ખામેનેઈએ આર્મી અને પોલીસને પૂરી તાકાતથી દેખાવો અને વિરોધને કચડી નાખવા ફરમાન કરી દીધું તેમાં ઈરાનમાં લાશો પડી રહી છે. આર્મીના જવાનો અને પોલીસ જે સામે દેખાય તેને ગોળીએ દઈ રહ્યાં છે તેમાં અત્યાર સુધીમાં ૫૦૦ જેટલાં સામાન્ય લોકોની લાશો પડી ગઈ છે. દેખાવકારો પણ હથિયારો લઈને મુકાબલો કરવા મથે છે તેથી ૪૮ સુરક્ષાકર્મીઓ પણ માર્યા ગયા છે. અલબત્ત આર્મી અને પોલીસ પાસે લોકો કરતાં વધારે જ હથિયારો હોય તેથી લોકો વધારે મરી રહ્યાં છે.

અમેરિકાને ઈરાન સાથે વરસોથી વાંધો છે અને આ વાંધાના મૂળમાં અમેરિકાનાં આર્થિક હિતો છે. ઈરાનમાં પહેલાં રાજાશાહી હતી અને શાહનું શાસન હતું. શાહ અમેરિકાના પીઠ્ઠુ હતા તેથી અમેરિકાને તેમના શાસનમાં ઘી-કેળાં થઈ ગયેલાં. શાહના શાસનમાં ઈરાનમાં અમેરિકનો પડ્યા પાથર્યા રહેતા હતા. તેની સામે અસંતોષ ઊભો થયો ને ક્રાંતિ થઈ પછી શિયા કટ્ટરવાદીઓનું શાસન આવ્યું તેમાં અમેરિકાનો ગરાસ લૂંટાઈ ગયો. ઈરાનના સુપ્રીમ લીડર બનેલા ખોમેનીએ અમેરિકાની કંપનીઓને લાત મારીને તગેડી મૂકી પછી અમેરિકાએ ખોમેનીને તગેડવા સદ્દામ હુસૈનને ઊભા કરીને ઈરાન-ઈરાક યુદ્ધ કરાવ્યું પણ ઈરાન ટકી ગયું કેમ કે ઈરાન પાસે ક્રૂડ ઓઈલની જંગી કમાણી છે. ખોમેની પછી આવેલા ખામેનેઈ વધારે ખતરનાક નિકળ્યા તેમાં અમેરિકા લાખ ધમપછાડા પછી પણ ઈરાનનો લૂંટાયેલો ગરાસ પાછો નથી મેળવી શક્યું તેથી છાસવારે લોકોને ભડકાવવાના કારસા કરે છે. અત્યારે ફાટી નીકળેલી હિંસા તેનું જ નવું પ્રકરણ છે.

અમેરિકા ધમકીઓ આપ્યા કરે છે પણ વેનેઝુએલાની જેમ ઈરાન પર આક્રમણ કરી દેતું નથી તેનું કારણ પરમાણુ શસ્ત્રોનો ડર છે. ઈરાન પોતાના પરમાણુ કાર્યક્રમને ગુપ્ત રાખવામાં સફળ રહ્યું છે પણ અમેરિકા હુમલો કરે તો પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ કરી નાખે એવી અમેરિકાને આશંકા છે. ઈરાન સત્તાવાર રીતે પરમાણુ શસ્ત્રો વિકસાવ્યાં હોવાનો ઈનકાર કરે છે પણ અમેરિકાને લાગે છે કે, ઈરાને બહુ પહેલાંથી પરમાણુ શસ્ત્રો વિકસાવી લીધાં છે. ઈરાને ૧૯૯૦ના દાયકામાં પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમના પિતામહ મનાતા ડૉ. અબ્દુલ કાદિરની મદદથી પરમાણુ શસ્ત્રો વિકસાવી લીધાં હોવાનું કહેવાય છે.

અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમને રોકવા માટે બહુ ધમપછાડા કરી જોયા પણ ઈરાનને રોકી શક્યું નથી. ઈરાનના પરમાણુ મથકોની વારંવાર તપાસથી માંડીને આર્થિક પ્રતિબંધો સુધીના બધા દાવ અમેરિકાએ અજમાવી જોયા પણ ઈરાનને નાથી શક્યું નથી. ઈરાન પર જાત જાતનાં આર્થિક નિયંત્રણો અત્યારે પણ લદાયેલાં છે. ઈરાકના ક્રૂડ ઓઈલની ખરીદી કરવા પર તો સંપૂર્ણ પ્રતિબંધ છે. ભારત પહેલાં ઈરાન પાસેથી મોટા પ્રમાણમાં ક્રૂડ ઓઈલ ખરીદતું હતું. તેના બદલામાં ઈરાન ભારત પાસેથી ઘઉં અને બીજી ચીજો લેતું તેથી ભારત માટે ઈરાન સાથેનો ક્રૂડનો વ્યાપાર બહુ ફાયદાકારક હતો.

અમેરિકાએ ઈરાનનું નાક દબાવવા માટે ભારત સહિતના દેશો સાથેનો વ્યાપાર બંધ કરાવી દીધો છે. તેના કારણે ઈરાન આર્થિક ભીંસમાં આવી જશે એવું અમેરિકાને લાગતું હતું પણ એવું ના થયું અને ઈન્ટેલિજન્સ રીપોર્ટ પ્રમાણે ઈરાનનો પરમાણુ કાર્યક્રમ ખાનગીમાં ધમધોકાર ચાલી રહ્યો છે. આ કારણે જ અમેરિકા ઈઝરાયલને ચાવી મારીને ઈરાન પર નાના નાના હુમલા કરાવ્યા કરે છે પણ અમેરિકા ઈરાનને સીધું છંછેડતું નથી કે મોટો હુમલો કરતું નથી.

અમેરિકાનો ડર અકારણ પણ નથી. ઈરાનમાં કટ્ટરવાદી શિયાઓનું રાજ છે. દુનિયામાં શિયાઓનું શાસન હોય એવો ઈરાન એક માત્ર દેશ છે તેથી ઈરાનના સર્વેસર્વા ખામેનેઈ દુનિયાભરના શિયા મુસ્લિમો માટે સૌથી મોટા નેતા છે. દુનિયાભરના શિયાઓ ખામેનેઈનો પડ્યો બોલ ઝીલવા તૈયાર હોય છે. ઈરાનમાંથી સત્તા જાય તો ખામેનેઈનો કોઈ ભાવ ના પૂછે અને દુનિયાના કોઈ અંધારિયા ખૂણામાં સબડ્યા કરવું પડે તેથી ખામેનેઈ પોતાનું સામ્રાજ્ય સાચવવા માટે કોઈપણ હદે જઈ શકે. હું તો મરું પણ તનેય રાંડ કરું એવું નક્કી કરીને અમેરિકા સામે પરમાણુ શસ્ત્રો પણ વાપરી શકે.

આ ખતરો ટાળવા અમેરિકાએ ઈરાનમાં ખામેનેઈના શાસન સામે લોકોમાં જ અસંતોષ પેદા કરીને સત્તાપલટાનો સલામત રસ્તો અપનાવ્યો છે કેમ કે તેમાં અમેરિકાએ કશું ગુમાવવાનું નથી. અમેરિકા પાસે નાણાંની કમી નથી તેથી નાણાં વેરીને પોતાના ટટ્ટુઓને રસ્તા પર ઉતારીને અરાજકતા અને અંધાધૂંધી ઊભી કરી દીધી છે. સામે ખામેનેઈ પણ સત્તા ટકાવવા માટે મરણિયા બન્યા છે તેથી પોતાની સામે પડેલાંને પતાવી દેવા પર ઉતરી આવ્યા છે. ખામેનેઈને કોઈ રોકી શકે તેમ નથી એ જોતાં હજુ કેટલાં લોકોની લાશો પડશે એ ખબર નથી ને આ લડાઈ ક્યારે પતશે એ પણ ખબર નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ-સૌર શિશિરઋતુ, મંગળવાર, તા. ૧૩-૧-૨૦૨૬, વિંછુડો


- ભારતીય દિનાંક ૨૩, માહે પૌષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૧૦
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨જો બેહમન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૩મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૭
- નક્ષત્ર વિશાખા મધ્યરાત્રે ક. ૨૪-૦૬ સુધી, પછી અનુરાધા
- ચંદ્ર તુલામાં સાંજે ક. ૧૭-૨૦ સુધી પછી વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ તુલા (ર, ત),વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૬, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૮ મિ. ૧૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ રાત્રે ક. ૨૧-૨૨
- ઓટઃ બપોરે ક. ૧૩-૫૭, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૦ (તા. ૧૪)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - દસમી. ભોગી (દક્ષિણ ભારત), લોહરી (કાશ્મીર), ભદ્રા સમાપ્તિ ક. ૧૫-૧૭, વિંછુડો પ્રારંભ સાંજે ક. ૧૭-૨૦.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ મહાબલિ હનુમાનજીનું પૂજન, હનુમાન ચાલીસા, સુંદરકાંડ, બજરંગ બાણ વાંચન, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, નવા વસ્ર આભૂષણ, ધાન્ય ઘરે લાવવું, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ, ઈન્દ્ર-અગ્નિ પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ પાઠ વાંચન.
- આચમનઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ સફળતા મળે, ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ ઓચિંતા ફેરફારો આવે. ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ કલ્પનાશીલ

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ પ્રતિયુતિ (તા. ૧૪), ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૧૪)

- ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-મકર (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# સુપ્રીમ કોર્ટનો ગેંગસ્ટર અબુ સાલેમને સવાલઃ તમે ૨૦૦૫થી પચીસ વર્ષ કઈ રીતે ગણો છો?

નવી દિલ્હી : ગેંગસ્ટર અબુ સાલેમના ભારતમાં પચીસ વર્ષના જેલની સજા પૂરી કરી એવા દાવાને સુપ્રીમ કોર્ટે પડકાર્યો હતો. સુપ્રીમ કોર્ટે સાલેમને સવાલ કર્યો હતો કે નવેમ્બર ૨૦૦૫થી ધરપકડની તારીખથી પચીસ વર્ષ કેવી રીતે ગણો છો. લાંબી કાનૂની લડાઈ બાદ ૧૯૯૩ મુંબઈ સિરીયલ બ્લાસ્ટના દોષીનું ૧૧ નવેમ્બર, ૨૦૦૫એ પ્રત્યર્પણ પોર્ટુગલમાંથી કરવામાં આવ્યું હતું. સાલેમે અદાલતમાં કહ્યું હતું કે ભારતે પોર્ટુગલને આપેલી ખાતરી પ્રમાણે મારી સજા પચીસ વર્ષથી વધારે ન થઈ શકે. જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ સંદીપ મહેતાની બેન્ચે સાલેમના વકીલને પૂછ્યું હતું કે પહેલા એ કહો કે ૨૦૦૫થી પચીસ વર્ષ કઈ રીતે ગણો છો? બોમ્બે હાઈ કોર્ટે ગયા જુલાઈમાં એવો ચુકાદો આપ્યો હતો કે પ્રથમ દૃષ્ટિએ લાગે છે કે સાલેમની ૨૫ વર્ષની સજા હજી પતી નથી. સાલેમે આ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. સર્વોચ્ચ અદાલતની સુનાવણી દરમિયાન સાલેમના વકીલે કહ્યું હતું કે ગણતરી પ્રમાણે તેમણે પચીસ વર્ષની જેલની સજા પૂરી કરી છે. બેન્ચે પૂછ્યું હતું કે સાલેમને કઈ તારીખે કસ્ટડીમાં મોકલવામાં આવ્યો હતો. વકીલે કહ્યું હતું કે ૧૧ નવેમ્બર, ૨૦૦૫એ. બેન્ચે પછી પૂછ્યું હતું કે તમે જેલની સજામાં મળેલી માફીને ધ્યાનમાં રાખીને પચીસ વર્ષ ગણી રહ્યા છે. સાલેમને ટાડા (ટેરરિસ્ટ ઍન્ડ ડિસરપ્ટીવ એક્ટિવિટીઝ (પ્રીવેન્શન) ઍક્ટ હેઠળ દોષી ઠરાવવામાં આવ્યો છે. અમારે મહારાષ્ટ્રના જેલના નિયમો જોવા પડશે. ટાડાના દોષીની સજા ઘટે છે કે નહીં એ તપાસવું પડશે. સાલેમના વકીલે કહ્યું હતું કે હું જેલના સંબંધિત નિયમો રેકોર્ડ પર મૂકીશ. (એજન્સી) ■



**ગંગાસાગર મેળોઃ** કોલકાતામાં સોમવારે બાબુઘાટ ખાતે યોજાયેલી ગંગાસાગર મેળામાં જતા માર્ગમાં ટ્રાન્ઝિટ કૅમ્પ ખાતે પાળેલા વાંદરા સાથે સાધુ. (એજન્સી)

## પ્રજામત

### પાણી અમૂલ્ય છે

પાણી બચાવવાની શીખામણ વર્ષોથી અપાય છે. પાણી અમૂલ્ય છે, પરંતુ આ વાત આપણે ભૂલી ગયા છીએ. આપણા ઘરે જ્યારે મહેમાન આવે છે ત્યારે આપણે તેમને ગ્લાસ ભરીને પાણી આપીએ છીએ, જેમાંથી તેઓ થોડું પીવે છે અને બાકીનું એંઠું પાણી ફેંકવામાં જાય છે. એને કારણે પાણીનો વેડફાટ થાય છે. એથી પાણીના વેડફાટને અટકાવવાનો પ્રયાસ કરવો જોઈએ. એટલે જ્યારે પણ મહેમાન આવે તો તેમને ખાલી ગ્લાસ અને જગમાં પાણી આપવું. તેમને જરૂર હશે એટલું પાણી પીશે. જેથી કરીને પાણીનો વ્યય નહીં થાય. આ વાત સૌએ અપનાવવા જેવી છે.

- રાજકુમાર ગાંગજી ગાલા, ઘાટકોપર

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી



**મૉક ડ્રીલઃ** પ્રજાસત્તાક દિનની ઉજવણી અગાઉ સોમવારે જમ્મુ-કાશ્મીરના અનંતનાગમાં સુરક્ષા અધિકારીઓએ અનંતનાગ રેલવે સ્ટેશન પર મૉક ડ્રીલ કરી હતી. (એજન્સી)

# હિમાચલના સોલનમાં આગ : ત્રણનાં મોત, નેપાળીઓ ગુમ

સિમલાઃ હિમાચલ પ્રદેશના સોલન જિલ્લાના અર્કી બજારના જૂના બસ સ્ટેન્ડ વિસ્તારમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ આગમાં આઠ વર્ષના બાળક સહિત ત્રણનાં લોકોનાં મોત નીપજ્યાં હતાં. આ જાણકારી પોલીસે સોમવારે આપી હતી.

રવિવારે મોડી રાત્રે ફાટી નીકળેલી આગને કારણે ઘણી દુકાનો અને ઇમારતો બળીને ખાખ થઇ ગઇ હતી. હજુ પણ કેટલાક લોકો કાટમાળ નીચે ફસાયેલા હોવાની અધિકારીઓએ આશંકા વ્યક્ત કરી છે. પોલીસ અધિક્ષક ગૌરવ સિંહે જણાવ્યું કે અત્યાર સુધીમાં ઘટનાસ્થળેથી ત્રણ મૃતદેહ મળી આવ્યા છે. તેમજ મૃત બાળકની ઓળખ બિહારના રહેવાસી પ્રિયાંશ તરીકે થઇ છે. સોલનના ડેપ્યુટી કમિશ્નર મનમોહન શર્માએ જણાવ્યું કે આગનાં કારણોની તપાસના આદેશ આપવામાં આવ્યા છે. આગ મધરાત્રે લગભગ ૨-૪૫ વાગ્યે લાગી હતી. તેમણે કહ્યું કે આગ લાકડાના મકાનમાંથી શરૂ થઇ હતી અને ઝડપથી આસપાસની ઇમારતોમાં ફેલાઇ હતી. મુખ્ય પ્રધાન સુખવિંદર સિંહ સુખુએ આ ઘટના અંગે દુઃખ વ્યક્ત કર્યું છે અને ડેપ્યુટી કમિશ્નરને તાત્કાલિક રાહત અને બચાવ કામગીરી શરૂ કરવા નિર્દેશ આપ્યો છે. ઘટનાસ્થળ પર હાજર અર્કીના ધારાસભ્ય સંજય અવસ્થીએ જણાવ્યું કે ૧૦ થી ૧૫ દુકાનો અને ઘરોને ભારે નુકસાન થયું છે. તેમજ નેપાળના કેટલાક સ્થાનિક લોકો ગુમ છે અને તેમને શોધવા માટે સર્ચ ઓપરેશન ચાલી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. અવસ્થીએ જણાવ્યું કે આગ લાગવાનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આગને ઓલવવા માટે અર્કી, સોલન, નાલાગઢ અને સિમલાના બોઇલ્યૂગંજથી ફાયર ટેન્કર બોલાવવામાં આવ્યા હતા. બાદમાં આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો. ■

## પહેલા પાનાનું ચાલુ

### ઈરાન મંત્રણા

પરિસ્થિતિ કાબૂમાં આવી ગઈ છે. તેમણે પુરાવા આપ્યા વિના હિંસા માટે અમેરિકા અને ઈઝરાયલને જવાબદાર ઠરાવ્યા હતા. તેમની આ ટિપ્પણી અલ જઝીરા સેટેલાઈટ નેટવર્કે બતાડી હતી. દેશમાં ઈન્ટરનેટ બંધ હોવા છતાં અલ જઝીરાને દેશની અંદર જીવંત પ્રસારણ કરવાની છૂટ છે.

દરમિયાન સોમવારે સરકારતરફી દેખાવકારોને ધર્મશાસનની તરફેણમાં રોડ પર આવવાનો અનુરોધ કરાયો હતો. દેખાવકારો ઈરાનના ૮૬ વર્ષના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખામેનીની સત્તાને સીધી રીતે પડકારી છે.

ટ્રમ્પ અને તેમની રાષ્ટ્રીય સુરક્ષા ટીમ ઈરાન સામેના સંભવિત જવાબો તપાસી રહ્યા છે. આમાં સાયબર હુમલો કે અમેરિકા કે ઈઝરાયલના સીધા હવાઈ હુમલા કરવાનું વિચારી રહ્યા છે.

ટ્રમ્પે કહ્યું હતું કે લશ્કર અને અમે મજબૂત વિકલ્પ તપાસી રહ્યા છીએ. ઈરાનના વળતા પ્રહાર અંગે પૂછવામાં આવતા ટ્રમ્પે કહ્યું હતું કે જો તેઓ એમ કરશે તો અમે એવા સ્તરે તેમને ફટકો મારીશું કે જેનો તેમને અનુભવ નથી. ■

### ઈસરોનું રોકેટ

સ્પેસપોર્ટમાંથી નિર્ધારિત સમય સવારના ૧૦.૧૮ કલાકે રવાના થયું હતું. આ રોકેટનું મિશન પ્રાયમરી અર્થ ઓબ્ઝર્વેશન સેટેલાઈટ અને બીજા ઉપગ્રહોને ૫૧૨ કિલોમીટર સન-સિન્ક્રોનસ ઓર્બિટમાં મૂકવાનું હતું. ફલાઈટની મુસાફરી ૧૭ મિનિટની હતી. મિશનના ડિરેક્ટરની બહાલી મળતાં ઓટોમેટિક લોન્ચ સિક્વન્સ ચાલુ થઈ હતી. ફલાઈટના પ્રથમ બે તબક્કા બરાબર પાર પડ્યા હતા. જોકે 'ત્રીજો તબક્કો ચાલુ થયો' એવી જાહેરાત બાદ મિશન કંટ્રોલ સેન્ટરમાં અજંપાભરી શાંતિ છવાઈ ગઈ હતી. નારાયણે સેન્ટરમાં સંબોધન કરતા કહ્યું હતું કે પીએસએલવી ચાર તબક્કાવાળું વેહિકલ છે. તેના બે તબક્કા સોલિડ અને બીજા બે તબક્કા પ્રવાહી છે. ત્રીજા તબક્કાના અંત વખતે ખરાબી જોવા મળી હતી. અને વેહિકલ તેના માર્ગથી વિચલિત થઈ ગયું હતું. (એજન્સી) ■

### ચાંદીમાં જબરી તેજી

૨,૫૬,૭૭૬ રૂપિયાના મથાળે રહ્યા હતા, જ્યારે હાજરમાં ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ ૩૩૧૪ રૂપિયાની તેજી સાથે ૧,૩૯,૮૮૭ રૂપિયા અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ૩૩૨૭ રૂપિયા વધીને ૧,૪૦,૪૪૯ રૂપિયાના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ચાંદીમાં જોવા મળેલી ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ માગને બાદ કરતાં બન્ને કિંમતી ધાતુઓમાં સાર્વત્રિક સ્તરેથી લેવાલી નિરસ રહી હતી.

ફેડરલ રિઝર્વના બિલ્ડિંગના નવીનીકરણ માટેનાં ૨.૫ અબજ ડૉલરના ખર્ચ બાબતે આજે ટ્રમ્પ અને જૅરૉમ પૉવૅલ વચ્ચેનો વિવાદ સપાટી પર આવવાની સાથે અમેરિકાનાં વેનેઝુએલા તથા ગ્રીનલેન્ડ અંગેના પ્રવર્તમાન ભૂરાજકીય તણાવને ધ્યાનમાં લેતા આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૫૯૬.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તબક્કે ભાવ વધીને ૪૬૦૦.૩૩ ડૉલરની નવી વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. તે જ પ્રમાણે હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૮૪.૬૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૫.૫ ટકા વધીને ૮૪.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. ■

### આભને આંબી

જાહેરાત કરી હતી, જે દ્વિપક્ષીય રોકાણ અને આર્થિક ગતિવિધિમાં મદદ કરશે.

આ ઉપરાંત, સેમિકન્ડકટર ઈન્ડસ્ટ્રીમાં ભાગીદારીને અંગે પણ બંને દેશોએ સમજૂતી કરી હતી. જેનાથી આ ક્ષેત્રમાં ટેકનોલોજીના ડેવલપમેન્ટને પ્રોત્સાહન મળશે. ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પણ અનેક નવી યોજનાઓ અંતર્ગત ઈન્ડો-જર્મન રોડમેપ રજૂ કરવામાં આવ્યો હતો.

સ્વાસ્થ્ય ક્ષેત્રમાં બંને દેશોએ સ્કિલ પાર્ટનરશિપની જાહેરાત કરી હતી. જેનાથી હેલ્થકેર પ્રોફેશનલ્સની નૈતિક અને કાયમી ભરતી સુનિશ્ચિત થશે. રિન્યુએબલ એનર્જીમાં સ્કીલ ડેવલપમન્ટને પ્રોત્સાહન આપવા માટે હૈદરાબાદસ્થિત રાષ્ટ્રીય કૌશલ પ્રશિક્ષણ સંસ્થામાં કેન્દ્ર સ્થાપવાની પણ જાહેરાત થઈ હતી.

વડા પ્રધાન મોદીએ આ સંદર્ભે જણાવ્યું હતું કે સ્વામી વિવેકાનંદે ભારત અને જર્મની વચ્ચે સેતુ બનાવ્યો હતો. આજે જર્મન ચાન્સેલરની પ્રથમ એશિયા યાત્રા છે, જે ભારત સાથે ઊંડા અને મજબૂત સંબંધ દર્શાવે છે. ભારત અને જર્મનીનો દ્વિપક્ષીય વેપાર ૫૦ અબજ ડોલરથી પણ વધી ગયો છે. બે હજારથી વધુ જર્મન કંપનીએ રોકાણ માટે ભારતનો ભરોસો વ્યક્ત કર્યો છે, જે અંતર્ગત ભારત-જર્મની એક્સલેન્સ સેન્ટરની સ્થાપનાનો નિર્ણય લેવાયો છે, જે વૈજ્ઞાનિક અને ટેકનિકલ સહયોગને નવી ઊંચાઈએ લઈ જશે.

આ ઉપરાંત, પીએમ મોદીએ કહ્યું હતું કે ગ્રીન હાઈડ્રોજન ક્ષેત્રમાં નવો પ્રોજેક્ટ ગેમ ચેન્જર સાબિત થશે. આજે થયેલા એમઓયુ બન્ને દેશોના સહયોગને વધુ મજબૂત બનાવશે તથા ગતિ મળશે. રક્ષા ક્ષેત્રમાં પણ બંને દેશોનો સહયોગ વિશેષ મહત્ત્વ ધરાવે છે અને તેનાથી વેપારના નવા રસ્તા ખૂલશે.

આ પહેલા ગાંધીનગરમાં ભારત-જર્મની સીઈઓ ફોરમમાં જર્મનીના ચાન્સેલર ફેડરિક મર્ઝે જણાવ્યું હતું કે બદલાતા ભૌગોલિક-રાજકીય પરિદ્રશ્ય સરકાર અને વ્યવસાયો માટે તકો અને પડકારો બંને લાવે છે. જો આપણે આ વિશ્વમાં સ્પર્ધાત્મક રહેવું હોય અને લાંબા ગાળાની વૃદ્ધિ જાળવી રાખવી હોય, તો આપણે આપણી સ્થિતિસ્થાપકતા મજબૂત કરવી પડશે.

પીએમ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ભારત અને જર્મનીના લોકો વચ્ચે પણ ખાસ સંબંધ છે. રવીન્દ્રનાથ ટાગોરની રચનાએ જર્મનીના બૌદ્ધિક જગતને પ્રભાવિત કરી છે. સ્વામી વિવેકાનંદની વિચારધારાએ સમગ્ર યુરોપને પ્રેરિત કર્યું અને મેડમ કામાએ જર્મનીમાં પ્રથમ વખત ભારતીય સ્વતંત્રતાનો ધ્વજ ફરકાવીને આપણી સ્વતંત્રતાની આકાંક્ષાને વૈશ્વિક માન્યતા આપી હતી. ભારત અને જર્મની આતંકવાદ સામે એકસાથે મળીને લડાઈ ચાલુ રાખશે. વૈશ્વિક પડકારોનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં સુધારો અત્યંત જરૂરી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. ■

# અમેરિકાએ જપ્ત કરેલા રશિયન ઑઈલ ટેન્કરમાં ભારતીય ખલાસી

## હિમાચલના રક્ષિત ચૌહાણની મુક્તિ માટે પરિવારની મોદીને અપીલ

નવી દિલ્હી : ઉત્તર એટલાન્ટિકમાં અમેરિકા દ્વારા રશિયન ધ્વજવાળા તેલ ટેન્કરને જપ્ત કરવામાં આવ્યા બાદ અટકાયતમાં લેવામાં આવેલા ત્રણ ભારતીયમાં હિમાચલ પ્રદેશના કાંગડાના ૨૬ વર્ષીય મર્ચન્ટ નેવી ઓફિસરનો સમાવેશ થાય છે. ગયા વષ પહેલી ઓગસ્ટના રોજ મર્ચન્ટ નેવીમાં જોડાયેલા રક્ષિત ચૌહાણ, મરીનેરા - જે અગાઉ બેલા ૧ તરીકે ઓળખાતું હતું - પર તેમની પ્રથમ દરિયાઈ યાત્રા પર હતા, જ્યારે યુએસ અધિકારીઓએ ૭ જાન્યુઆરીએ જહાજને અટકાવીને જપ્ત કર્યું હતું.

પાલમપુરમાં પત્રકારો સાથે વાત કરતા, રક્ષિતની વ્યથિત માતા, રીટાદેવીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને વિદેશ પ્રધાન એસ જયશંકરને તાત્કાલિક રાજદ્વારી હસ્તક્ષેપ માટે અપીલ કરી છે કે કૃપા કરીને મારા પુત્ર રક્ષિતની સલામત વાપસી સુનિશ્ચિત કરો. રીટાદેવીએ ઉમેર્યું હતું કે તેના લગ્ન ૧૯ ફેબ્રુઆરી માટે નક્કી કરવામાં આવ્યા છે અને પરિવાર પ્રાર્થના કરી રહ્યો છે કે તે તે તારીખ પહેલાં ઘરે પાછો આવે. રીટાદેવીએ આગળ કહ્યું હતું કે અમે ૭ જાન્યુઆરીએ છેલ્લી વાર રક્ષિત સાથે વાત કરી હતી અને ૧૯ ફેબ્રુઆરી પહેલાં તેના સલામત વાપસી માટે ભગવાનને પ્રાર્થના કરી રહ્યા છીએ અમે વડા પ્રધાન અને વિદેશ પ્રધાનને અપીલ કરીએ છીએ કે રક્ષિત અને ગોવા અને કેરળના બે અન્ય લોકો, જેઓ એક જ જહાજના ક્રૂ મેમ્બર પણ છે, તેમની સલામત વાપસી સુનિશ્ચિત કરે, એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ■

# ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ ધનખડ એઈમ્સમાં દાખલ

નવી દિલ્હીઃ ૧૦મી જાન્યુઆરીએ બે વખત બેભાન થઈ ગયા બાદ ભૂતપૂર્વ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડને સારાવારાર્થે અહીંની ઑલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)માં દાખલ કરવામાં આવ્યા હોવાનું અધિકારીઓએ કહ્યું હતું. ૭૪ વર્ષના ધનખડનું એમઆરઆઈ કરવામાં આવ્યું હોવાનું જણાવતાં અધિકારીઓએ કહ્યું હતું કે અન્ય ટૅસ્ટ મંગળવારે કરવામાં આવશે. ૧૦મી જાન્યુઆરીએ મળસ્કે ૩:૩૦ વાગ્યે ધનખડ બાથરૂમમાં બે વખત બેભાન થઈ ગયા હતા. સોમવારે તેમને એઈમ્સમાં ચેકઅપ માટે લઈ જવામાં આવ્યા હતા જ્યાં ફરજ પરના ડૉક્ટરોએ તેમને સારવાર અને ટૅસ્ટ માટે ભરતી થવાની સલાહ આપી હતી. અધિકારીઓના જણાવ્યાનુસાર ધનખડને હૉસ્પિટલમાં એક દિવસ રાખવામાં આવશે. ભૂતકાળમાં ધનખડ જાહેરસભા દરમિયાન કચ્છના રણ, ઉત્તરાખંડ, કેરળ અને દિલ્હી સહિત અનેક જગ્યાએ બેભાન થઈ ગયા હતા, એમ તેમણે કહ્યું હતું. નાદુરસ્ત આરોગ્યનું કારણ આપી ધનખડે ૨૧મી જુલાઈએ ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી દીધું હતું. (એજન્સી) ■

# વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ૫.૭૮ લાખ કરોડ રૂપિયાના ૫,૪૯૨ એમઓયુ થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજિત બે દિવસીય 'વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ કચ્છ અને સૌરાષ્ટ્ર'નું સોમવારે સમાપન થયું હતું. આ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતી કરાર થયા હોવાની જાહેરાત રાજ્ય સરકારના પ્રવક્તા પ્રધાન કેબિનેટ પ્રધાન જીતુ વાઘાણીએ કરી હતી. મારવાડી યુનિ. ખાતે સમાપન સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન આપતા રાજ્યના કેબિનેટ પ્રધાન જીતુ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૦૩ માં જ્યારે વાઇબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી, ત્યારે તેમને અનેક ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના અડગ વિશ્વાસ અને વિઝનને કારણે ગુજરાત અને ભારત વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. પ્રધાને ગૌરવ સાથે ઉમેર્યુ હતું કે, વિશ્વભરના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો જેમને મળવા આતુર હોય છે, તેવા આપણા વડા પ્રધાનની આ રિજનલ કોન્ફરન્સમાં ઉપસ્થિતિ દર્શાવે છે કે તેમના માટે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ કેટલો મહત્ત્વપૂર્ણ છે. પ્રવક્તા પ્રધાને વાઇબ્રન્ટ ગુજરાતના ઐતિહાસિક પ્રવાસ અને સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ ઉદ્યોગો માટે માર્ગદર્શક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા પ્રવક્તા પ્રધાને વધુમાં વધુ ઔદ્યોગિક એકમો અને નાગરિકોને આગામી તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આયોજિત વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છ તેના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવશે. આ તકે રાજ્યના પર્યાવરણ પ્રધાન અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, "વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ" સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે. વિવિધ ઐતિહાસિક કિસ્સાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની નસેનસમાં ઉદ્યોગ સાહસિકતા ભરેલી છે. સૌરાષ્ટ્રના નાવિકો એક સમયે દુનિયાના દરિયા પર રાજ કરતા હતા. મંત્રીએ સૌરાષ્ટ્રનો પરિચય આપતા કહ્યું હતું કે, રાજ્યના દરેક વિસ્તારમાં કોઈને કોઈ કૌશલ્ય ભરેલું છે અને તેમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ છે.

# મોદી-મર્ઝે સાબરમતી આશ્રમમાં ગાંધી વંદના કરી અને રિવરફ્રન્ટ પર પતંગોત્સવનો કરાવ્યો આરંભ

## જર્મન ચાન્સેલરની ગુજરાત મુલાકાતને કારણે બેબી અરિહા શાહનો મુદ્દો ફરી ચર્ચામાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ અમદાવાદની મુલાકાતે આવ્યા હતા. તેની મુલાકાતને લીધે અમદાવાદના પરિવારની અરિહા શાહનો મુદ્દો ફરી પ્રકાશમાં આવ્યો હતો. આ દરમિયાન જર્મનીના ચાન્સેલરને કહીને મોદીજી ગુજરાતની દીકરી અરિહા શાહને ન્યાય અપાવે તેવી માગણી ગુજરાતથી કોંગ્રેસના રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે કરી હતી.

શક્તિસિંહ ગોહિલે કહ્યું હતું કે અરિહા શાહ જયારે માત્ર નવ મહિનાની હતી ત્યારે પરિવાર પાસેથી તેને લઈને જર્મની સરકારે ફોસ્ટર કેર સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી હતી. અરિહા શાહને જર્મનીના પાલક સેન્ટરમાંથી મુક્ત કરાવી તેના માતાપિતાને સુપરત કરવામાં આવે તેવી માગણી તેમણે કરી હતી.

આ મામલે વિદેશ સચિવ વિક્રમ કેસરીએ વાત કરતા જણાવ્યું હતું કે આ સંવેદનશીલ મુદ્દો છે અને ભારત સરકાર જર્મન સરકાર સાથે આ મામલે સતત સંવાદ સાધી રહી છે. આ મુદ્દો કાનૂની હોવાની સાથે તેને માનવતાના ધોરણે ધ્યાનમાં લેવો જોઈએ, તેમ પણ તેમણે જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પરિવારની ભાવનાઓ અમે સમજીએ છીએ અને દરેક સ્તરે પ્રયત્નો કરી રહ્યા છીએ. બેબી અરિહાની સંભાળ ભારતીય માહોલમાં થાય તેવા પ્રયત્નો સરકાર કરી રહી હોવાનું પણ જાણવા મળ્યું હતુ. પીએમ મોદીએ પણ આ અંગે ચાન્સેલર સાથે વાત કરી હોવાનું તેમણે જણાવ્યું હતું.

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬'નો શુભારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ખાસ અતિથિ તરીકે જર્મનીના ચાન્સેલર ફ્રેડરિક મર્ઝ ઉપસ્થિત રહ્યા હતા. બંને મહાનુભાવોએ પતંગ ચગાવીને આ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો. જે ભારત અને જર્મની વચ્ચેના મજબૂત રાજદ્વારી સંબંધો અને મિત્રતાની પ્રતિબદ્ધતાને દર્શાવી હતી.

આ પ્રસંગે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી પણ ઉપસ્થિત રહ્યા હતા. મોદી તેમજ મર્ઝે ખાસ તૈયાર કરવામાં આવેલી અમદાવાદની પોળ અને હવેલીની સ્થાપત્યકલાની પ્રતિકૃતિની મુલાકાત લીધી હતી.

ઉત્તરાયણ માત્ર પતંગબાજી જ નહીં, પરંતુ ગુજરાતની સાંસ્કૃતિક ઓળખ સમાન ઉત્સવ છે. ત્યારે આ હેરિટેજ વોકવે પર પતંગ મ્યુઝિયમ અને આઈકોનિક ફોટો વોલ પણ બનાવવામાં આવી છે. જ્યાં બંને મહાનુભાવોએ વિવિધ રાજ્યની, અલગ અલગ કાગળ અને બનાવટની પતંગો વિશે ઊંડાણપૂર્વકની જાણકારી પણ મેળવી હતી. અહીં પતંગ બનાવનારા કારીગરો દ્વારા પતંગ બનાવવાની કળાનું જીવંત નિદર્શન પણ કરવામાં આવ્યું હતું. જેને મહાનુભાવોએ રસપૂર્વક નિહાળ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ગુજરાત ટૂરિઝમ દ્વારા આયોજિત આ રંગબેરંગી આકાશી મહોત્સવમાં આ વર્ષે ૫૦ દેશોના ૧૩૫ આંતરરાષ્ટ્રીય પતંગબાજો, ભારતનાં ૧૩ રાજ્યોના ૬૫ પતંગબાજો પોતાની અવનવા રંગો અને આકારની પતંગો સાથે સામેલ થયા છે. આ જ પ્રકારે, ગુજરાતના ૧૬ જિલ્લાઓમાંથી ૮૭૧ પતંગબાજો પણ ઉપસ્થિત રહીને કલાનું પ્રદર્શન કરી રહ્યા છે.

પતંગોત્સવમાં હાજરી આપતા પહેલા જર્મન ચાન્સેલર મર્ઝે ઐતિહાસિક સાબરમતી આશ્રમની મુલાકાત લીધી હતી. આશ્રમ પહોંચતા જ વડા પ્રધાન મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. બંને નેતાઓએ મહાત્મા ગાંધીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધાસુમન પાઠવ્યા હતા. મુલાકાત દરમિયાન ચાન્સેલર મર્ઝે ગાંધીજીના જીવન અને આદર્શો વિશે જાણકારી મેળવી હતી.

તેમણે આશ્રમમાં મહાત્મા ગાંધી દ્વારા ઉપયોગમાં લેવાતા ચરખાને ખૂબ જ કુતૂહલપૂર્વક નિહાળ્યો હતો અને આ મુલાકાત અંગેના પોતાના અનુભવો વિઝિટર બુકમાં નોંધ્યા હતા.

## જર્મનીના ચાન્સેલરે અડાલજની વાવની મુલાકાત લીધી, સ્થાપત્યકલા નિહાળી પ્રભાવિત થયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતની મુલાકાતે આવેલા જર્મન ચાન્સેલર ફ્રેડરિક મર્ઝએ ગાંધીનગરના અડાલજ ખાતે વિશ્વ પ્રસિદ્ધ ઐતિહાસિક અડાલજની વાવની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓ વાવના બાંધકામ અને નકશી કામને નિહાળી પ્રભાવિત થયા હતા. આ પ્રસંગે તેમની સાથે ભારતના વિદેશ પ્રધાન ડો. એસ.જયશંકર, ભારતસ્થિત જર્મનીના રાજદૂત ફિલિપ એકરમેન, કેન્દ્રીય વિદેશ મંત્રાલયના પ્રોટોકોલના ચીફ અમિતકુમાર, ગુજરાત સરકારના પ્રવાસન સચિવ કુલદીપ આર્ય વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

અડાલજની વાવ હિંદુ અને મુસ્લિમ સ્થાપત્યકલાનો ઉત્કૃષ્ટ નમૂનો છે. વાવનો ઈતિહાસ જોઇએ તો ૧૪૯૯ અડાલજ ગામની સીમામાં વસેલા રાણા વીરસંગ વાઘેલાએ પોતાની પત્ની રાણી રૂડીબાઈની ઇચ્છા અનુસાર એક સુંદર વાવ બાંધવાનું આરંભ્યું હતું. વાવનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે યુદ્ધમાં રાણા વીરસંગ શહીદ થયા.જેના પરિણામે નિર્માણ કાર્ય અધૂરું રહી ગયું. જેનું બાકી કામ રાજા મોહમ્મદ બેગડાએ પૂર્ણ કરાવ્યું હતું.

આ વાવ પાંચ માળ ઊંડી છે અને તેમાં ત્રણ મુખ્ય પ્રવેશદ્વાર ધરાવે છે. જેને શાસ્ત્રીય પરિભાષામાં "જયા પ્રકારની વાવ" તરીકે ઓળખાય છે. વાવ ઉત્તર-દક્ષિણ દિશામાં નિર્મિત છે અને તેની કુલ લંબાઈ આશરે ૨૫૧ ફૂટ છે. જ્યારે ઉત્તર દિશામાં આવેલા મુખ્ય કૂવાની ઊંડાઈ લગભગ ૫૦ ફૂટ છે.

# મતદારકાર્ડ ગામડામાં જ રાખવા હાર્દિક પટેલની પાટીદાર સમાજને અપીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિરમગામના ધારાસભ્ય અને પાટીદાર નેતા હાર્દિક પટેલે પાટીદાર સમાજને ગામડાઓમાં અસ્તિત્વ ટકાવવા મતદારકાર્ડ ગામડામાં જ રાખવાની અપીલ કરી હતી. મહેસાણા જિલ્લાના કડી ખાતે પાટીદાર સમાજના એક જાહેર કાર્યક્રમમાં હાર્દિક પટેલે કહ્યું હતું કે, સમય આવ્યે ખબર પડશે કે મતદારકાર્ડ ગામડામાં રાખવાનુ હું કેમ કહું છું.

હાર્દિક પટેલે ચુવાળ કડવા પાટીદાર પ્રગતિ મંડળના કાર્યક્રમમાં નિવેદન કર્યું હતું કે, ગામડાઓમાં આપણી (પાટીદાર)ની સંખ્યા ઓછી થતી જાય છે. ગામડાઓમાં અસ્તિત્વ ટકાવવા હાર્દિક પટેલે પાટીદાર સમાજને અપીલ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભલે અમેરિકા કે અમદાવાદ રહો, પણ ચૂંટણી કાર્ડ ગામનું જ રાખજો. ૧૮ વર્ષના દીકરા-દીકરીના વોટિંગ કાર્ડ વતનમાં જ કઢાવવા માટે ટકોર કરી હતી. ખરો સમય આવશે ત્યારે ખબર પડશે કે હાર્દિકે આ વાત કેમ કરી હતી. તેમણે કરેલા આ માર્મિક નિવેદનના અનેક અર્થ કાઢવામાં આવી રહ્યા છે. આવનારા દિવસોમાં હાર્દિક પટેલ પાટીદાર વિરુદ્ધ અન્ય સમાજ કે પાટીદારોને રાજકારણમાં કદ પ્રમાણે પદ મેળવવા દબાણ લાવવા માટેની એક ભાવી ચાલ તરીકે જોવામાં આવી રહ્યું છે.

હાર્દિક પટેલે, ગામડાં ભાંગી રહ્યાં હોવાની ચિંતા કરી હતી. આવનારાં ૧૦ વર્ષ બાદ ગામડાઓની સ્થિતિ શું હશે તેનું ચિંતન કરવા તેમણે અનુરોધ કર્યો હતો. દેત્રોજ તાલુકામાં હવે ૫૦ પાટીદારો પણ માંડ મળે છે, પહેલા દેત્રોજમાં ૮થી ૯ સરપંચ પાટીદાર હતા, હવે માત્ર એક જ સરપંચ પાટીદાર જોવા મળી રહ્યા છે. હાર્દિક પટેલે પાટીદારોની સંખ્યા ઘટતા ગુજરાતના રાજકારણમાં પણ પાટીદારોનું રાજકીય પ્રભુત્વ ઘટ્યું હોવાનો સ્વીકાર કર્યો હતો. શહેરોની જેમ ગામડાઓમાં પણ સમૂહ લગ્ન યોજવા હાર્દિક પટેલનું સૂચન કર્યું હતું.

# દેશે સ્વીકાર્યું ૨૪ કલાક વીજળીનું ગુજરાત મોડલ: પીયૂષ ગોયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વાઇબ્રન્ટ ગુજરાત રિજનલ સમિટનો આજે બીજો દિવસ છે. જેમાં કેન્દ્રીય પ્રધાન પીયૂષ ગોયલ હાજર રહ્યા હતા. તેમણે સંબોધન દરમિયાન કહ્યું, સમગ્ર દેશે ગુજરાતનું ૨૪ કલાકનું વીજળી મોડલ સ્વીકાર્યું છે. ગોયલે સંબોધન દરમિયાન કહ્યું- નરેન્દ્ર મોદીએ ૨૦૧૪માં કેન્દ્ર સરકારની કમાન સંભાળી હતી. છેલ્લા ૧૧ વર્ષમાં તેમણે સૌર ઊર્જા માટે સતત પ્રોત્સાહન આપ્યું છે. તેઓ ગુજરાતમાં મુખ્ય પ્રધાન હતા ત્યારે પણ સૌર ઊર્જા બાબતે તેમની ટીકાઓ થતી હતી. પરંતુ તેમનું વિઝન સ્પષ્ટ હતું કે સૌર ઊર્જામાં માત્ર એક જ વાર રોકાણ કરવાની જરૂર હોય છે, જે લાંબા ગાળે મોટો ફાયદો આપે છે. મનમોહન સિંહે ૨૦૩૦ સુધી ૨૦ મેગાવોટ સોલાર એનર્જી બાબતે લક્ષ્યાંક રાખ્યો હતો, જેને નરેન્દ્ર મોદીએ ૨૦ મેગાવોટનો લક્ષ્યાંક ૧૦૦ મેગાવોટ કર્યો. તેમજ લક્ષ્યાંકની પૂર્તિ ૨૦૩૦ નહીં પરંતુ ૨૦૨૨ રાખવામાં આવી હતી. પીયૂષ ગોયલે વડા પ્રધાનના અભિગમની પ્રશંસા કરતા કહ્યું કે, સરકારે લોકોને 'ફ્રી બિઝ' (મફતની રેવડી) આપવાને બદલે સશક્ત બનાવવાનું પસંદ કર્યું છે. મફતમાં વીજળી મેળવવાની જગ્યાએ લોકોને પોતાના ઘર ઉપર સોલર રૂફટોપ લગાવીને વીજળી મામલે આત્મનિર્ભર બનાવવા આવ્યા છે. આગામી ૨૦૩૦ સુધીમાં ભારત ગ્રીન એનર્જી થકી ૫૦૦ ગીગા વોટનું ઉત્પાદન કરતું થઈ જશે, જેના કારણે લોકોને વીજળી સસ્તામાં મળતી થઈ જશે. ગુજરાતે દેશને બતાવ્યું છે કે ૨૪ કલાક વીજળી અને આત્મનિર્ભરતા કેવી રીતે મેળવી શકાય. પ્રધાને અંતમાં ભારપૂર્વક જણાવ્યું કે, ગુજરાત એ ભારતનું ગ્રોથ એન્જિન છે; જેમ જેમ ગુજરાતનો વિકાસ થશે, તેમ તેમ ભારતનો વિકાસ પણ વેગ પકડશે.

# ભાજપના સિનિયર નેતા નીતિન પટેલે મોહંમદ ગઝનવીને કૂતરું કહ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી થઈ હતી ત્યારે ભાજપના સિનિયર નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલનું નિવેદન ચર્ચામાં આવ્યું હતું.

કડીમાં ૭૨ ચુવાળ કડવા પાટીદાર પ્રગતિ મંડળનો સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નીતિન પટેલે સોમનાથ મંદિરના લૂંટારા મોહમ્મદ ગઝનવીની સરખામણી કૂતરા સાથે કરી હતી. પટેલે પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, કૂતરો ગમે ત્યાં જાય તો પેશાબ કરે, ગઝનવી લૂંટ કરવાનું અને મંદિરો તોડવાનું કામ જ કરતો હતો. મહમૂદ ગઝનવી લૂંટારો હતો. તેણે ૧૭ વખત સોમનાથ મંદિર લૂંટ્યું હતું. પરંતુ તેનું બીજું એક અપલક્ષણ હતું કે તે લૂંટ તો કરે જ, પણ મંદિરો તોડી નાખતો હતો. તેમણે એમ પણ કહ્યું હતું કે ખરાબ લાગશે પણ કહેવું જરૂરી છે કે કૂતરો ક્યાંય જાય તો પેશાબ કરે, એ કૂતરાનું લક્ષણ છે એમ મોહમ્મદ ગઝનવીનું લક્ષણ હતું કે તે લૂંટ કરે, બેન-દીકરીઓને ઉઠાવી જાય અને હિન્દુ મંદિરો તોડી નાખે.

સોમનાથ મંદિરના પુનર્નિર્માણ અને ઈતિહાસ મામલે નીતિન પટેલે હુંકાર કરતા કહ્યું હતું કે ભૂતકાળને ભૂલી જઈશું તો આવનારો સમય અને પ્રજા આપણને માફ નહીં કરે. ઔરંગઝેબ અને ગઝનવી જેવા આક્રમણખોરો હિન્દુ ધર્મને કાયમી નુકસાન પહોંચાડી શક્યા નથી. સરદાર પટેલે દરિયાનું પાણી હાથમાં લઈ સોમનાથને ફરી ભવ્ય બનાવવાની પ્રતિજ્ઞા લીધી હતી. આજે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સોમનાથ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે. કડીના ૭૨ ચુવાળ કડવા પાટીદાર પ્રગતિ મંડળના સ્નેહ મિલનમાં નીતિન પટેલે કરેલું સંબોધન ચર્ચાનું કેન્દ્ર બન્યું હતું.

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા ખાતાના પ્રધાન અમિત શાહ ત્રણ દિવસ ગુજરાતની મુલાકાતે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છેલ્લા ત્રણ દિવસથી વડા પ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના પ્રવાસે હતા અને અહીં તેમણે વિવિધ કાર્યક્રમોમાં ભાગ લીધો હતો, જેમાં મુખ્યત્વે સોમનાથ સ્વાભિમાન પર્વ અને વાયબ્રન્ટ ગુજરાત સમિટનો સમાવેશ થાય છે. ત્યારે હવે આજથી ત્રણ દિવસ માટે ગૃહ અને સહકારી ખાતાના કેન્દ્રીય પ્રધાન અમિત શાહ ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેમની મુલાકાત દરમિયાન, શાહ સમગ્ર ગુજરાતમાં અનેક જાહેર કાર્યક્રમોમાં હાજરી આપશે અને અમદાવાદમાં ઉત્તરાયણ ઉજવણીમાં ભાગ લેશે.

૧૩ જાન્યુઆરીએ શાહ અનેક વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. તેમના કાર્યક્રમમાં સવારે ૧૦:૧૫ વાગ્યે તેમના વતન માણસામાં એસડી આર્ટ્સ અને બીઆર કોમર્સ કોલેજમાં નવા બનેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું ઉદ્ઘાટન અને વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે. ત્યારબાદ સવારે ૧૧:૪૫ વાગ્યે ગાંધીનગરના પેથાપુર ખાતે ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ બાયોટેક્નોલોજી રિસર્ચ સેન્ટરનો શિલાન્યાસ સમારોહ થશે. બપોરે ૨:૧૫ વાગ્યે, શાહ અમદાવાદ નજીક સનાથલ ખાતે ગ્લોબલ એક્સેલન્સ ફાર્માસ્યુટિકલ એકેડેમીનો શિલાન્યાસ કરશે. આ સાથે સાંજે તેઓ આણંદના ચાંગામાં ચરોતર યુનિવર્સિટી ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજીના ૧૫મા દીક્ષાંત સમારોહમાં ૪:૧૫ વાગ્યે હાજરી આપશે, અને પછી નડિયાદના સંતરામ મંદિરમાં ૫:૪૫ વાગ્યે પ્રાર્થના કરશે.

૧૪ જાન્યુઆરીના રોજ, ઉત્તરાયણના તહેવાર નિમિત્તે, શાહ અમદાવાદના જમાલપુરમાં જગન્નાથ મંદિરમાં સવારે ૧૦:૩૦ વાગ્યે દર્શન અને ગૌ માતા પૂજન સાથે દિવસની શરૂઆત કરશે. ત્યારબાદ તેઓ સવારે ૧૧:૧૫ વાગ્યે નારણપુરામાં ગુજરાત હાઉસિંગ બોર્ડ રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હેઠળ 'સૂર્ય એપાર્ટમેન્ટ સેક્શન-૨' ના શિલાન્યાસ સમારોહમાં હાજરી આપશે. ત્યારબાદ શાહ નારણપુરા અને નવા વાડજ વિસ્તારોમાં અનેક સ્થળોએ પતંગ ઉડાવવાની ઉજવણીમાં ભાજપના કાર્યકરો અને સ્થાનિક રહેવાસીઓ સાથે જોડાશે, જેમાં અર્જુન ગ્રીન ફ્લેટ્સ, આસ્થા ઓપલ અને અભિષેક એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. પરંપરા મુજબ, શાહ દર વર્ષે ઉત્તરાયણ દરમિયાન અમદાવાદમાં અનેક હાઉસિંગ સોસાયટીઓની છત પરથી પતંગ ઉડાવતા જોવા મળે તેવી અપેક્ષા છે.

# સુરત શહેરમાં મહિલા નાયબ મામલતદારે કર્યો આપઘાત, પતિ પણ છે નાયબ મામલતદાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરત શહેરમાં એક મહિલા નાયબ મામલતદારે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ચકચાર જાગી હતી. અહીંના રાંદેર વિસ્તારમાં રહેતા હિનીષા પટેલ અને તેમાન પતિ બન્ને મહેસૂલ ખાતામાં નાયબ મામલતદાર તરીકે નોકરી કરતા હતા અને પરિચિતોના જણાવ્યા અનુસાર સુખી દંપતી તરીકે રહેતા હતા.

સોમવારે સવારે દસ વાગ્યાની આસપાસ દંપતી સાથે ઓફિસ જવા નીકળ્યું હતું. પતિ નીચે ગયા અને પાર્કિંગમાંથી કાર બહાર કાઢી, પરંતુ પત્ની ન આવતા તેઓ ઘરમાં ગયા ત્યારે પત્નીએ બેડરૂમમા દુપટ્ટા વડે ગળાફાંસો ખાઈ લીધો હોવાનું જાણમાં આવ્યું હતું.

૩૬ વર્ષીય હિનીષા પટેલના આ પગલાં પાછળનું કારણ જાણવા મળ્યું નથી.

તેઓ કોઈ સ્યૂસાઈડ નોટ લખીને ગયા નથી. મહેસૂલ વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, થોડા સમય પહેલા હિનીષાબેન સામે જમીન મામલે એક નનામી અરજી કરવામાં આવી હતી. જોકે, ગાંધીનગર ખાતે થયેલી તપાસમાં તેમને નિર્દોષ જાહેર કરી ક્લીન ચીટ આપી દેવામાં આવી હતી. તેમ છતાં, શું આ બાબતનું કોઈ માનસિક દબાણ હતું કે અન્ય કોઈ કારણ, તે દિશામાં રહસ્ય ઘેરાયું છે. ઘટના અંગે માહિતી મળતાની સાથે જ પરિવારજનો અને પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. જો કે હજી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી.

પોલીસના કહેવા પ્રમાણે, કોઈ સ્યુસાઈડ નોટ મળી આવી નથી, જેના કારણે આત્મહત્યાનું ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી. હવે મૃતકનો મોબાઈલ ફોન કબજે કરી તેના કોલ ડિટેલ્સ અને સોશિયલ મીડિયાની તપાસ કરશે.

રાંદેર પોલીસ દ્વારા મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી અકસ્માત મોતનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી હતી.

# છૂટાછેડા સમયે મિલકત પર દાવો છોડ્યા બાદ પત્ની ફરી માગી શકે નહીં: ગુજરાત હાઈ કોર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: છૂટાછેડા સમયે નક્કી કરવામાં આવેલી શરતોનું સંપૂર્ણ રીતે પાલન ફેમિલી કોર્ટ દ્વારા લાગુ થવું જોઈએ, તેમ ગુજરાત હાઈ કોર્ટે એક પતિની અરજીની સુનાવણી સમયે જણાવ્યું હતું. છૂટાછેડા સમયે સંયુક્ત સંપતિમાંથી પોતાનો હક જતો કર્યા બાદ મહિલાએ હક માગતા પતિએ હાઈ કોર્ટમાં અરજી કરી હતી.

અમદાવાદના આ દંપતીના લગ્ન ૨૦૦૮માં થયા હતા. ૨૦૧૫માં તેમને એક દીકરી થઈ હતી અને ૨૦૧૯માં એકબીજાની સહમતીથી છૂટાછેડા થયા હતા. આ સમયે કાયદા અનુસાર નક્કી કરવામાં આવેલી શરતોમાં દીકરીની કસ્ટડી માતા પાસે રહેશે અને તેમની સંપત્તિના તમામ હક પતિ પાસે રહેશે અને પત્ની સંપત્તિમાં હક-હિસ્સો નહીં માગે.

વર્ષ ૨૦૨૧માં જ્યારે પતિએ મહિલાને સંપત્તિ હક તેમને સંપૂર્ણપણે આપવા કહ્યું ત્યારે મહિલાએ ઈનકાર કર્યો અને સંપત્તિના હક દીકરીને આપવા કહ્યું હતું. આથી પતિએ ફેમિલી કોર્ટનો સંપર્ક સાધ્યો હતો અને સંપત્તિમાંથી પત્નીનું નામ હટાવી દેવાની માગણી કરી હતી, પરંતુ ૨૦૨૩માં ફેમિલી કોર્ટે આમ કરવાનો ઈનકાર કર્યો હતો અને તેમને સ્પેસેફિક પ્રોવિઝન એક્ટ હેઠળ અલગ અરજી દાખલ કરવા જણાવ્યું હતું. ફેમિલી કોર્ટના આ ચુકાદાએ પતિએ હાઈ કોર્ટમા પડકારતા કોર્ટે જણાવ્યું હતું કે છૂટાછેડા સમયે એકવાર જે નક્કી થયેલી શરતો હોય તે ડિવર્સ ડિક્રીનો ભાગ બની જાય છે અને તેનો અમલ થવો જોઈએ.

આ સાથે કોર્ટે નોંધ્યુ હતું હતું કે જે બાબતે મંજૂરી મળી ગઈ હોય અને ચુકાદો પસાર થઈ ગયો હોય તેવી બાબતે ફેમિલી કોર્ટ કોઈ એક પાર્ટીને અલગ અરજી કરવા કહી શકે નહીં. જો આમ થાય તો તે ૧૯૮૪ અને ૧૯૫૫ના એક્ટની જે મૂળભૂત ભાવના છે, તેની વિરુદ્ધ છે. આ કાયદાઓ બન્ને પક્ષ વચ્ચે સમયસર, સુલેહભર્યા ઉકેલો લાવવા અને અરજીઓ ઓછી થાય તે માટે બન્યા છે, તેવી ટિપ્પણી પણ કોર્ટે કરી હતી.

# ટીઆરબી જવાનોના દૈનિક વેતનમાં ૧૫૦ રૂપિયાનો વધારો, ૧૦,૦૦૦ જવાનોને ફાયદો

અમદાવાદ: ગુજરાતના વિવિધ શહેરોમાં ટ્રાફિક વ્યવસ્થાપન માટે સેવા આપતા ટ્રાફિક બ્રિગેડ (ટીઆરબી)ના જવાનોના દૈનિક માનદ વેતનમાં ૧૫૦નો વધારો કરવાનો રાજ્ય સરકારે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો હતો. એટલે કે હવે ટ્રાફિક બ્રિગેડમાં ફરજ બજાવતા જવાનને દૈનિક રૂ. ૩૦૦ના બદલે રૂ. ૪૫૦ના વેતનની ચુકવણી કરાશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યમાં ટીઆરબીમાં ફરજ બજાવતા ૧૦,૦૦૦ જવાનોને ફાયદો થશે. મોંઘવારીના આ સમયમાં વેતનમાં થયેલો આ વધારો જવાનોના જીવનધોરણમાં સુધારો લાવવા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આ નિર્ણયનો ૧૨ જાન્યુઆરી સોમવારથી જ અમલ થશે. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રાજ્યના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાપન માટે ખરા સૈનિક તરીકેની ભૂમિકામાં ટ્રાફિક બ્રિગેડના જવાનો છે. કાળઝાળ ગરમી હોય કે મુશળધાર વરસાદ, જનતાની સુરક્ષા અને સુવિધા માટે રસ્તા પર અવિરત ફરજ બજાવતા આ જવાનોના પરિશ્રમની રાજ્ય સરકાર સદાય કદર કરે છે. નોંધીય છે કે, શરૂઆતમાં રાજ્યના મોટાં શહેરો જેવા કે સુરત, રાજકોટ અને વડોદરા જેવાં મોટાં શહેરોમાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા આ વ્યવસ્થા શરૂ કરવામાં આવી હતી, જે આજે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. ટ્રાફિક નિયમનમાં પોલીસને પૂરક બનતા આ જવાનોની આર્થિક સ્થિતિ મજબૂત કરવાના હેતુથી સરકારે આ સંવેદનાત્મક અભિગમ અપનાવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૧૮ના ઠરાવ બાદ લાંબા સમય પછી આ વેતનમાં વધારો કરવામાં આવ્યો છે. ગૃહ વિભાગના વર્ષ ૨૦૧૮ ના ઠરાવ મુજબ અત્યાર સુધી ટ્રાફિક બ્રિગેડના જવાનોને પ્રતિદિન રૂ. ૩૦૦ ચૂકવવામાં આવતા હતા. રાજ્ય સરકાર દ્વારા આ વેતન વધારીને હવે પ્રતિદિન રૂ. ૪૫૦ કરવામાં આવ્યું છે.

# હિંમતનગર નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં 'વિકાસ પેનલ'ના જૂના જોગીઓ જીત્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સાબરકાંઠા જિલ્લાની જાણીતી હિંમતનગર નાગરિક સહકારી બેંકની ચૂંટણીનાં પરિણામો જાહેર થયાં હતાં. ૧૩ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી ૧૨ જૂના ડિરેક્ટર્સ ફરી ચૂંટાયા હતા, જ્યારે એક નવા ડિરેક્ટરની એન્ટ્રી થઈ હતી. સામે પક્ષે પરિવર્તનના નામે પેનલ રચી ચૂંટણી લડનારાઓની કારમી હાર થઈ હતી. પરિવર્તન પેનલના તમામ ઉમેદવાર ચૂંટણીમાં હાર્યા હતા. આ ચૂંટણીમાં ૧૩ બેઠકો માટે કુલ ૪૨ ઉમેદવારો મેદાનમાં હતા. ચૂંટણી માટે મતદાનમાં ૩૨,૬૬૧ નોંધાયેલા મતદારોમાંથી ૧૨,૮૮૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. મતગણતરી રાત્રે ૮ વાગ્યા બાદ શરૂ કરવામાં આવી હતી અને અંદાજે પાંચ કલાકથી વધુ સમય બાદ મોડી રાત્રે પરિણામો જાહેર થયાં હતાં. ચૂંટણી અધિકારી પરીક્ષિત વખારિયાએ આ માહિતી આપી હતી. વિજેતા ડિરેક્ટર્સમાં સામાન્ય વિભાગમાંથી ૧૦, મહિલા વિભાગમાંથી ૨ અને અનુસૂચિત જાતિ/જનજાતિ વિભાગમાંથી ૧ ઉમેદવારનો સમાવેશ થાય છે. આ ડિરેક્ટર્સ ૨૦૨૬ થી ૨૦૩૧ સુધીના પાંચ વર્ષના કાર્યકાળ માટે સેવા આપશે.

## સંસ્થા સમાચાર

### જ્ઞાનયજ્ઞ

કે. જે. સોમૈયા ટ્રસ્ટ વિદ્યાવિહાર અને મનન આશ્રમ-ભરૂચ દ્વારા પ્રેરિત જ્ઞાનયજ્ઞનું આયોજન ૧૪ જાન્યુઆરીથી વીસ જાન્યુઆરી સુધી કરવામાં આવ્યું છે. પરમ પૂજ્ય માતાજી સ્વામી તન્મયાનંદ સરસ્વતી દ્વારા 'રામગીતા' સવારે સાતથી આઠ સુધી સાકરબેન કરમશી સૌમૈયા સભાગૃહ, એન્જિનિયરીંગ કોલેજ ઓડિટોરિયમમાં આયોજિત થશે. એનો લાભ લેવા સૌને આમંત્રણ આપવામાં આવ્યું છે.

### નિઃશુલ્ક ઓનલાઈન પરિચય સંમેલન

કોરોના કાળમાં મહિલાઓને આર્થિક રીતે મદદ કરવા માટે બ્રહ્મક્ષત્રિય વિમેન્સ ગ્રૂપની સ્થાપના કરવામાં આવી હતી. સાથે જ જ્ઞાતિના દીકરા-દીકરીઓના સગપણ પણ આ ગ્રૂપના માધ્યમથી કરવામાં આવ્યા હતા. હવે ૧૮ જાન્યુઆરીએ નિઃશૂલ્ક ઓનલાઈન પરિચય સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દેશ-વિદેશના ૪૪૪ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે.

### શ્રી ગોદંબાજી લગ્નોત્સવ

ભગવાન રંગનાથ અને ગોદંબાજીનો વિવાહોત્સવ ૧૪ જાન્યુઆરીએ સવારે સાડાસાત કલાકે ધામધૂમથી ઉજવવામાં આવશે. શ્રી વેંકટેશ દેવસ્થાન, ફણસવાડી ખાતે શોભાયાત્રા, દર્શન અને પ્રસાદનો લાભ ભક્તોને મળશે. ત્યારબાદ ગોદંબાજીનો વિદાય સમારોહ ૧૬ જાન્યુઆરીએ સવારે સાડા નવ કલાકે દેવસ્થાન પરિસરમાં યોજાશે. આ કલ્યાણ ઉત્સવમાં ભાગ લેવા ભક્તોને આમંત્રણ આપવામાં આવ્યુ છે.

### પુરસ્કાર વિતરણ સમારંભ

કલા ગુર્જરી (સ્થાપક સંસ્થા) મુંબઈ દ્વારા આયોજિત ગિરા ગુર્જરી પારિતોષિક સ્પર્ધા ૨૦૨૫નો પુરસ્કાર વિતરણ સમારંભ ૧૭ જાન્યુઆરી શનિવારે યોજવામાં આવ્યો છે. કલા ગુર્જરી કાર્યાલય, દશરથલાલ જોશી માર્ગ, વિલે પાર્લે(વે) ખાતે આ કાર્યક્રમ સાંજે ૬ કલાકે યોજવામાં આવ્યો છે.

## પ્રફુલ શાહના 'સુપરકોપ ઓફ ધ બોર્ડર'નું દિલ્હીના નેશનલ બુક ફેરમાં અભિનેતા-દિગ્દર્શક અનંત મહાદેવનને હસ્તે વિમોચન

મુંબઈ: લોકપ્રિય લેખક-પીઢ પત્રકાર પ્રફુલ શાહની નવી અંગ્રેજી ડોક્યુ-નોવલ 'સુપરકોપ ઓફ ધ બોર્ડર'નું વિમોચન રવિવાર તા. ૧૮મી ડિસેમ્બરે બોલિવૂડના જાણીતા અભિનેતા અને દિગ્દર્શક અનંત મહાદેવના હસ્તે થશે.

નવી દિલ્હીમાં યોજાનારા નેશનલ બુક ફેર અવતરિત થનારું આ પુસ્તક કચ્છના જાંબાઝ-ખમીરવંતા નિવૃત્ત પોલીસ અધિકારી દિલીપ અગ્રાવતના અકલ્પનીય, અસાધારણ અને અનન્ય પરાક્રમમો પર આધારિત છે. આ વિમોચન સમારંભ પુસ્તક મેળાના હોલ નં. ૫ના સ્ટોલ નં. F ૧૩માં બપોરે ૧૨:૩૦ કલાકે યોજાશે. ગુજરાતીમાં ભારે સફળતા બાદ આ પુસ્તકની અંગ્રેજીમાં પ્રગટ થશે .

## પાલિકા ચૂંટણી પહેલા લાડકી બહિણ સહાયનો મહાજનનો દાવોઃ વિપક્ષના વિરોધ પછી રાજ્ય ચૂંટણી પક્ષે વિગતો માગી

મુંબઈ: લાડકી બહિણ યોજના હેઠળ ડિસેમ્બર અને જાન્યુઆરી માટે નાણાકીય સહાય મકરસંક્રાંતિ પહેલા વિતરિત કરવામાં આવશે એવો દાવો મહારાષ્ટ્રના પ્રધાન ગિરીશ મહાજને કર્યો છે. આ પગલું આદર્શ આચાર સંહિતાનું ઉલ્લંઘન કરે છે એવો આરોપ વિપક્ષ દ્વારા કરવામાં આવ્યો છે.

આ જાહેરાતના સમય સામે સવાલ ઉઠાવતી વિપક્ષ કોંગ્રેસની ફરિયાદ બાદ પ્રધાનના દાવા અંગે મહારાષ્ટ્ર રાજ્ય ચૂંટણી પંચએ મુખ્ય સચિવ પાસે જાણકારી માગી છે. આ જાહેરાતનો આશય ૧૫ જાન્યુઆરીએ આયોજિત ૨૯ પાલિકાની ચૂંટણી પહેલા મતદારોને પ્રભાવિત કરવાનો હતો.

જોકે, રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું કે યોજના હેઠળ હપ્તાઓના વિતરણમાં વિલંબ થઈ શકે છે કારણ કે ચૂંટણી પૂર્ણ થાય ત્યાં સુધી આદર્શ આચારસંહિતા અમલમાં રહેશે. લાભાર્થીઓને ભંડોળ માટે રાહ જોવી પડી શકે છે.

રાજ્ય કૉંગ્રેસના નેતા અને એડવોકેટ સંદેશ કોંડવિલકરે શનિવારે રાજ્ય ચૂંટણી પંચને કરેલી ફરિયાદમાં દાવો કરવામાં આવ્યો હતો કે ચુકવણી મતદાનના એક દિવસ પહેલા ૧૪ જાન્યુઆરી માટે પ્રસ્તાવિત કરવામાં આવી હતી. પૈસા વિતરિત થતા રોકવા માટે ચૂંટણી પંચના હસ્તક્ષેપની માગ કરી હતી.

રાજ્ય ચૂંટણી પંચે રવિવારે રાજ્યના મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલને એક પત્ર મોકલીન વાસ્તવિક સ્થિતિ અને શું સરકાર ચૂંટણી પહેલા બે મહિનાના હપ્તા એકસાથે રિલીઝ કરવાનો ઇરાદો ધરાવે છે તે અંગે સ્પષ્ટતા માગી હતી.

વિવાદ વચ્ચે સીએમ ફડણવીસે કહ્યું છે કે લાડકી બહિણ યોજના રાજ્ય સરકારની સતત ચાલતી યોજના હોવાથી ચૂંટણી આચારસંહિતાના નિયંત્રણોમાં નથી આવતી. (પીટીઆઈ)

## 'મુંબઈ અને મરાઠીઓનું નહીં તમારું અસ્તિત્વ જોખમમાં છે': દેવેન્દ્ર ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે પર સીધા પ્રહારો કર્યા હતા. રસપ્રદ વાત એ છે કે, ફડણવીસે 'લાવ રે તો વીડિયો' (એ વીડિયો લગાવ તો) કહીને ઠાકરે ભાઈઓના ગઠબંધનની મજાક ઉડાવી હતી. અમે ફરી એકવાર મહાનગરપાલિકા પર મહાયુતિનો ભગવો ધ્વજ ફરકાવવા માટે ભેગા થયા છીએ. આજે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ છે. તેઓ હિન્દુ સંસ્કૃતિ અને ભગવા ધ્વજને દુનિયા સમક્ષ લઈ ગયા. ક્યારેક મને લાગે છે કે આટલી બધી સભાઓ કરવાની જરૂર કેમ પડી. પરંતુ મારા માટે, તે એક સંવાદ છે. આ સંવાદ કરતાં અલગ સંવાદમાં કેટલીક વાતો કહેવાની હોય છે. હું તેમના જ શબ્દોમાં કહીશ, એમ કહેતાં, દેવેન્દ્ર ફડણવીસે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેનો એકબીજાની ટીકા કરતો વીડિયો દેખાડ્યો હતો. આ વીડિયોમાં, રાજ ઠાકરે ઉદ્ધવ ઠાકરેની આકરી ટીકા કરતા દર્શાવવામાં આવ્યા હતા અને ઉદ્ધવ ઠાકરે પણ રાજ ઠાકરે પર સીધા પ્રહાર કરતા દર્શાવવામાં આવ્યા હતા. આ વીડિયો દ્વારા ફડણવીસ બતાવવા માંગતા હતા

કે ઠાકરે ભાઈઓ સત્તા માટે અત્યારે એકબીજા સાથે આવ્યા છે.

દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ગમે તે થાય, મુંબઈનો મેયર મરાઠી જ રહેશે. ફડણવીસે એવી પણ સ્પષ્ટતા કરી કે કોઈ પણ આવે, મુંબઈ મહારાષ્ટ્રથી અલગ થઈ શકે નહીં. ફડણવીસે એમ પણ કહ્યું કે આ ઠાકરે ભાઈઓ સત્તા માટે ભેગા થયા છે.

તેમણે બંને ઠાકરેભાઈઓની સભામાં કરવામાં આવેલા નિવેદનની ઝાટકણી કાઢતાં કહ્યું હતું કે મરાઠી માણસો માટે તેમ જ મુંબઈ માટે આ કોઈ છેલ્લી ચૂંટણી નથી, આગામી સમયમાં પણ ચૂંટણીઓ આવશે, પરંતુ આ તમારા માટે અસ્તિત્વની લડાઈ સમાન છેલ્લી ચૂંટણી છે.

## 'પહેલાની ભાજપ મરી ગઈ છે', ઉદ્ધવ ઠાકરેની ભાજપ પર સીધી ટીકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: થાણેમાં મ્યુનિસિપલ કોર્પોરેશનના પ્રચાર માટે આયોજિત રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેની સંયુક્ત સભામાં ઉદ્ધવ ઠાકરેએ ભાજપની ટીકા કરીને પોતાના ભાષણની શરૂઆત કરી હતી. આજના રાજકારણમાં ઉમેદવારી પાછી ખેંચવા માટે કરોડો રૂપિયા આપવામાં આવી રહ્યા છે, એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ સામાન્ય લોકોની છેલ્લી ચૂંટણી હશે. તેમણે એવો ગંભીર આરોપ લગાવ્યો હતો કે ભાજપ અંગ્રેજો કરતાં પણ વધુ લૂંટ ચલાવી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે પહેલાની ભાજપ મરી ગઈ છે. અત્યારે જે પક્ષ છે એ તો ઉદ્યોગપતિઓને ઈશારે ચાલનારો પક્ષ છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જ્યારે અમે સાથે ન હતા, ત્યારે એવો સવાલ પૂછવામાં આવ્યો હતો કે અમે ક્યારે સાથે આવીશું. હવે જ્યારે ભેગા થયા છીએ, ત્યારે એ જ સવાલ પૂછવામાં આવી રહ્યો છે, પરંતુ અમે મરાઠી લોકોને ઉભા કરવા માટે ગઠબંધન બનાવ્યું છે.મરાઠી ભાષા બોલતા અન્ય લોકોનું શું? જો આપણે આપણા ઘરમાં ગુંડાગીરીનો જવાબ એ

જ ભાષામાં નહીં આપીએ, તો છત્રપતિનું રાજ્ય રહેશે? તેઓ ઉભા થઈને તમને ફાડી ખાશે. આપણે સહિષ્ણુ રહ્યા છીએ અને બધાને પોતાનું માનીએ છીએ, પરંતુ હવે જાગવું આવશ્યક છે. તેમણે એકનાથ શિંદેની ટીકા કરતા કહ્યું કે શિવસેના સાથે દગો કરનાર વ્યક્તિ હવે થાણે સાથે દગો કરી રહ્યો છે. મુખ્ય પ્રધાન તરીકેના મારા કાર્યકાળ દરમિયાન મારા જેટલું કામ કોઈએ કર્યું નથી.

મિંધે સરકારે થાણેમાં પોસ્ટરો લગાવ્યા છે. જેમાં વિકાસ નથી પણ વિનાશની ગતિ છે. કામને તાત્કાલિક મંજૂરી આપવામાં આવી રહી છે. મુલુંડ મેટ્રોમાં ૧૦૦ સ્થળોએ પર્યાવરણીય સંકટ છે. મુંબઈમાં શ્વાસ લેવાનું મુશ્કેલ છે. જો કાલે કંઈક થાય તો થાણેના ગદ્દારો હેલિકોપ્ટર દ્વારા ફાઈવ સ્ટાર ફાર્મમાં જશે, બીજા નાગપુર જશે અને ત્રીજો કાકા મને બચાવો કરીને બારામતી જશે. મુંબઈના માથા પર ૩ કરોડનું દેવું છે. તિજોરીમાં શું બાકી છે કે નહીં. થોડા મહિના પહેલા નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે બેંકમાં પૈસા રાખવાથી વિકાસ થતો નથી. એફડી કરવાથી કોઈ ફાયદો થતો નથી. દેશ અદાણીને આપવામાં આવ્યો હતો. મ્યુનિસિપલ કોર્પોરેશન ભિખારીઓ દ્વારા ચલાવવામાં આવતું હતું. બધા ઉદ્યોગો ગુજરાતમાં ગયા. ઓક્ટ્રોયના પ્રસંગે જે પૈસા આવતા હતા તે બંધ થઈ ગયા. તો હવે મ્યુનિસિપલ કોર્પોરેશન કેવી રીતે ચલાવવું? જ્યારે હું મુખ્ય પ્રધાન હતો ત્યારે દિલ્હીથી પૈસા આવતા નહોતા. મ્યુનિસિપલ કોર્પોરેશનોની તિજોરી ખોદી નાખવામાં આવી હતી. ભાજપ એટલી લૂંટ કરી રહી છે જેટલી અંગ્રેજોએ લૂંટી ન હતી. કોર્પોરેટર પદ માટે કરોડો રૂપિયા ખર્ચવામાં આવી રહ્યા છે. તેઓ કોના ખિસ્સામાંથી પૈસા લેશે?

## શિવસેના શિંદે જૂથ અને અજિતદાદા જૂથે ભાજપને ચેકમેટ આપ્યું!; હાથમાંથી સત્તા છીનવી લીધી

મુંબઈ: રાજ્યમાં હાલમાં મ્યુનિસિપલ ચૂંટણીઓનો જંગ ચાલી રહ્યો છે. અત્યારે પરિસ્થિતિ એવી છે કે ગઠબંધનના સાથી પક્ષો અનેક ઠેકાણે એકમેકના વિરોધમાં ઊભા છે. આ મ્યુનિસિપલ ચૂંટણીઓમાં, ભાજપે ઘણી જગ્યાએ શિવસેના શિંદે જૂથ સાથે ગઠબંધન કર્યું છે, જ્યારે કેટલીક જગ્યાએ રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથ પણ આ ગઠબંધનમાં સામેલ છે. દરમિયાન, જ્યાં અજિત પવાર જૂથ ભાજપ અને શિવસેના શિંદે જૂથ સાથે ગઠબંધન કરી શક્યું નથી, ત્યાં કેટલીક જગ્યાએ અજિત પવાર જૂથે રાષ્ટ્રવાદી શરદ પવાર જૂથ સાથે ગઠબંધન કર્યું છે. પુણે અને પિંપરી ચિંચવડમાં, એનસીપી અજિત પવાર જૂથ અને એનસીપી શરદ પવાર જૂથ વચ્ચે ગઠબંધન છે. આ દરમિયાન, જ્યારે મ્યુનિસિપલ ચૂંટણી માટે જંગ ચાલી રહ્યો છે, ત્યારે અંબરનાથમાં ભાજપને મોટો ઝટકો લાગ્યો છે.

અંબરનાથ નગરપાલિકાના ડેપ્યુટી મેયર પદની ચૂંટણીમાં ભાજપના નેતૃત્વ હેઠળના અંબરનાથ વિકાસ આઘાડીનો પરાજય થયો છે. બીજી તરફ, શિવસેના શિંદે જૂથના શિવસેના અંબરનાથ મહાયુતિ આઘાડીનો વિજય થયો છે. શિવસેનાના ઉમેદવાર સદાશિવમામા પાટીલનો વિજય થયો છે. ડેપ્યુટી મેયર પદ માટે ભાજપ સમર્થિત ઉમેદવારની હાર સાથે, હવે ભાજપના હાથમાંથી સત્તા છીનવાઈ ગઈ છે. દરમિયાન, શિવસેના ઉમેદવારની જીત બાદ, અંબરનાથ નગરપાલિકામાં ભાજપ અને શિવસેના શિંદે જૂથો આમને-સામને આવી ગયા. જોરદાર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા.

અંબરનાથ મ્યુનિસિપલ કાઉન્સિલમાં કુલ કોર્પોરેટરોની સંખ્યા ૫૯ છે. આ નગરપાલિકામાં ૧૪ ભાજપના કોર્પોરેટરો હતા, જેમાં ૧૨ કૉંગ્રેસના કોર્પોરેટરો ભાજપમાં જોડાયા, જેથી ભાજપમાં સંખ્યા ૨૬ થઈ ગઈ, જેમાં એક અપક્ષ કોર્પોરેટર અને ચાર એનસીપીના કોર્પોરેટરો જોડાતા સંખ્યા ૩૧ પર પહોંચી ગઈ હતી, અને ચૂંટણીના આગલા દિવસે જ આ બધા કોર્પોરેટરોને વ્હીપ પણ જારી કરવામાં આવ્યો હતો. જોકે, છેલ્લી ઘડીએ , રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથના ચાર કોર્પોરેટરોએ શિવસેના શિંદે જૂથના શિવસેના અંબરનાથ મહાયુતિ ગઠબંધનને ટેકો આપ્યો, જેના પરિણામે અહીં શિવસેનાનો વિજય થયો. આ મ્યુનિસિપલ કાઉન્સિલમાં શિવસેનાના કુલ ૨૭ કોર્પોરેટરો છે, આ ૨૭ અને રાષ્ટ્રવાદી અજિત પવાર જૂથના ૪ મળીને શિવસેના શિંદે જૂથના ૩૧ કોર્પોરેટરો છે. આ ચૂંટણીમાં શિવસેના-અંબરનાથ મહાયુતિ આઘાડીના સદામામા પાટીલને ૩૨ મત મળ્યા જ્યારે ભાજપના નેતૃત્વ હેઠળના અંબરનાથ વિકાસ આઘાડીના પ્રદીપ પાટીલને ૨૮ મત મળ્યા.

## મહારાષ્ટ્રમાં લાડકી બહિણ યોજના પર ચૂંટણી પંચનો સ્ટેઃ જાન્યુઆરીનો હપ્તો જમા નહીં થાય

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લાડકી બહિણ યોજના હેઠળ પાત્ર મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા ખાતામાં જમા કરવામાં આવે છે, પરંતુ હવે ૧૫ જાન્યુઆરીએ રાજ્યની ૨૯ મહાનગરપાલિકાઓની ચૂંટણીને ધ્યાનમાં રાખીને રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. મતદાનના એક દિવસ પહેલાં જાન્યુઆરી મહિનાના લાભને એટલે કે લાડકી બહિણ યોજનાના રૂપિયા જમા કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો છે. ૧૫ જાન્યુઆરીએ મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજવામાં આવી રહી છે જેની રાજ્યમાં આદર્શ આચારસંહિતા લાગુ છે.

મહારાષ્ટ્રમાં મહાનગરપાલિકાઓની ચૂંટણી પહેલા એના સમાચાર વહેતા થયા હતા કે 'લાડકી બહેનોને મકરસંક્રાંતિનું મોટી ભેટ! ૧૪ જાન્યુઆરી પહેલાં ડિસેમ્બર-જાન્યુઆરીના ૩,૦૦૦ રૂપિયા ખાતામાં જમા થશે'. આવા સમાચાર ચૂંટણી પંચને મળ્યાં હતાં. આ સાથે ચૂંટણી પંચને કેટલીક ફરિયાદો પણ મળી હતી. લાડકી બહિણ યોજના અંગે સરકારે શું નિર્ણય લીધો છે તે મામલે ચૂંટણી પંચ દ્વારા સ્પષ્ટીકરણ માગવામાં આવ્યું છે. ૪ નવેમ્બર ૨૦૨૫ના સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવેલી છે. મુખ્ય સચિવ દ્વારા આદેશ જારી કરવામાં આવ્યો હતો. આદર્શ આચારસંહિતા પ્રમાણે જોઈએ તો જે યોજાના ચૂંટણી જાહેર થયેલી છે તેને ચાલુ રાખી શકાય છે, પરંતુ નવી યોજના જાહેર કરી શકાય નહીં. એટલું જ નહીં, પણ ચૂંટણી પહેલાં શરૂ થયેલી યોજનામાં લાભ પણ આપી શકાય નહીં. આ ચૂંટણી જાહેર થયા બાદ ચાલુ યોજનામાં નવા નામો પણ જોડી શકાય નહીં. જેથી મહારાષ્ટ્રમાં લાડકી બહેન યોજનાનો અગ્રિમ લાભ મળશે નહીં.મહારાષ્ટ્ર સરકારની મુખ્ય યોજના છે લાડકી બહેન યોજના, આ યોજનામાં પાત્ર મહિલાઓને એક મહિનાદીઠ ૧૫૦૦ રૂપિયાની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. ૨૦૨૪ની વિધાનસભા ચૂંટણીમાં મહાયુતિની જીત થઈ તેનું શ્રેય પણ આ યોજનાને જ માનવામાં આવે છે. હવે આમાં બન્યુ એવું છે કે, ભાજપના એક નેતા દ્વારા એક્સ પર પોસ્ટ કરવામાં આવે છે કે, લાડકી બહિણ યોજનામાં ડિસેમ્બર અને જાન્યુઆરી એમ બે મહિનાનો હપ્તો સાથે જમા કરવામાં આવશે. આ રૂપિયા મકરસંક્રાંતિ પહેલા તેમના ખાતામાં જમા કરી દેવામાં આવશે તેવો પણ દાવો કરવામાં આવ્યો હતો.

## ચૂંટણી પહેલા ૪૫.૯૫ કરોડ રૂપિયાનું ડ્રગ્સ અને ૩.૧૦ કરોડની રોકડ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા રોકડ રકમ, દારૂ અને અન્ય પદાર્થોથી મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ પ્રકાશમાં આવ્યા છે. સોમવારે પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે શહેરમાં ૪૫.૯૫ના કરોડ રૂપિયાના ડ્રગ્સ અને કુલ ૩.૧૦ કરોડ રૂપિયાની રોકડ રકમ જપ્ત કરવામાં આવી છે. મોટી માત્રામાં દારૂ પણ જપ્ત કરવામાં આવ્યો છે. મતદાન દરમ્યાન કાયદો અને વ્યસ્થા જાળવવા માટે ૨૯ લોકો સામે બિનદખલપાત્ર અને દખલપાત્ર ગુનાઓ માટે કેસ દાખલ કરવામાં આવ્યા હતા.મુંબઈ મહાનગરપાલિકાની ૧૫ જાન્યુઆરીએ સવારના ૭.૩૦ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી મતદાન થવાનું છે. પાલિકા ૨૦૨૬ની ચૂંટણી પારદર્શક અને નિષ્પક્ષ રીતે યોજાય અને આચારસંહિતાનું પાલન થાય તે માટે પાલિકાએ ૧૪૮ ફ્લાઈંગ સ્કવોડ અને ૧૮૧ સ્ટેટિક સર્વેલન્સ ટીમની રચના કરી છે. છેલ્લા કેટલાક દિવસોમાં આ સ્કવોડ દ્વારા ૮.૦૩ લાખ રૂપિયાનો ૧,૨૩૭ લિટર દારૂ પકડી પાડવામાં આવ્યું છે. વધુમાં ૪૪.૯૫ કરોડ રૂપિયાના પંચાવન કિલોગ્રામ માદક દ્રવ્ય પણ જપ્ત કરવામાં આવ્યો છે. ચૂંટણી દરમ્યાન મતદારોને પ્રભાવિત કરવા માટે રોકડ ઉપયોગ વ્યાપકપણે થાય છે. આ સંદર્ભમાં સર્તક ચૂંટણી અધિકારી અને પોલીસે ૩.૧૦ કરોડ રૂપિયાની રોકડ રકમ પણ જપ્ત કરી છે.

પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે મુંબઈના ૨૩ સ્થળો જપ્તી કરવામાં આવી હતી, જેમાં જોગેશ્વરી કે-પૂર્વ વોર્ડમાં ૨૦ લાખ રૂપિયાનો સૌથી મોટો જથ્થો જપ્ત કરવામાં આવ્યો હતો. કુલ ૨૯ ચૂંટણી સંબંધિત કેસ નોંધાયા છે, જેમાં ૧૩ બિનદખલપાત્ર અને ૧૬ દખલપાત્ર ગુનાઓનો સમાવેશ થાય છે. મુંબઈ પોલીસે ૩૬ હથિયાર, ૧૧૫ તીક્ષ્ણ હથિયાર અને બાવન રાઉન્ડ દારૂગોળો પણ જપ્ત કર્યો છે. ચૂંટણી પહેલા ગુનાહિત પૃષ્ઠભૂમિ ધરાવતા ૨,૪૫૦ વ્યક્તિઓ સામે પગલા લેવામાં આવ્યા છે. આ દરમ્યાન ચૂંટણી સમયગાળામાં પાલિકાએ કુલ ૭,૬૫૧ ગેરકાયદેસર હૉર્ડિંગ્સ અને ૧,૬૦૧ ધ્વજ દૂર કર્યા હતા.

ચૂંટણી પ્રચારનો સમયગાળો મંગળવારે સાંજે ૫.૩૦ વાગે સત્તાવાર રીતે પૂરો થશે. આ સમયમર્યાદા પછી તમામ રાજકીય પક્ષો અને ઉમેદવારોએ તાત્કાલિક તેમની પ્રચાર સામગ્રી દૂર કરવી પડશે. તેનું પાલન કરવામાં નિષ્ફળ જનારા સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને તેને દૂર કરવા માટે થતો કોઈ પણ પ્રકારનો વહીવટી ખર્ચ ઉમેદવારના ચૂંટણી ખર્ચમાં ઉમેરવામાં આવશે.

## પારસી મરણ

શેરઝાદ સોલી દસ્તુર તે સોલી તથા મરહુમ મેહરુ દસ્તુરના દીકરા. (ઉં. વ. ૪૫) રે. ઠે. ૪૦, પાવવાલી બિલ્ડિંગ, પહેલે માળે, કામાબાગની સામે, ચર્નીરોડ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૪-૧-૨૬ને દિને બપોરે ૩.૪૦ વાગે, ગોદાવરી અગિયારીમાં છેજી.

બોમી ખરશેદજી દસ્તુર તે દીનાઝના ધની. તે મરહુમો આઇમાય ખરશેદજી દસ્તુરના દીકરા. તે મેહરઝાદના પપા. તે પરવી ખરશેદજી દસ્તુર તથા મરહુમો નોશીર, ફિરોઝ ખરશેદજી દસ્તુરના ભાઇ. તે શાહીન નરીમાન બચાના કાકા. તે બેનાઝ, રુપેનીયા મહેતાના ફૂઆ. (ઉં. વ. ૭૫). રે. ઠે. બિલ્ડિંગ-સી, ફલેટ નં.૪, પારસી પંચાયત કોમ્પ્લેક્સ, વલભટ રોડ, ગોરેગાંવ (ઇસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૩.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

લીંબડી નિવાસી હાલ ઘાટકોપર-અમદાવાદ સ્વ. જયાલક્ષ્મી છબીલદાસ શાહ (ગેડીવાળા)ના પુત્રવધૂ. અ. સૌ. ભારતી (ઉં. વ. ૭૩) તે ધનેષ છબીલદાસ શાહના ધર્મપત્ની. ભરત, સ્વ. રાજેશ, સંજયના ભાઇના પત્ની. મનન-પરીનના માતુશ્રી. નેહા-કરીશ્માના સાસુ. સ્વ. દલીચંદ રઘુભાઇ કામદારના દીકરી. તા. ૧૧ જાન્યુઆરી ૨૬ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગોંડલ નિવાસી, હાલ સાંતાક્રુઝ, સ્વ. ભાનુશંકર જટાશંકર પીપળીયાના પત્ની મીનાબેન ઊર્ફે મંજુબેન (ઉં. વ. ૮૫) તા. ૧૦ જાન્યુઆરી ૨૦૨૬ શનિવારે અરિહંતશરણ પામ્યાં છે. તે સારિકાબેન, ધર્મેશભાઈ, હિમાંશુભાઈના માતૃશ્રી. ઉલ્લાસભાઈ, દર્શનાબેન, એકતાબેનના સાસુ. સંકેત વેદાંત જીયા ને યાનીવના દાદી. ધ્રુમિલના નાની. લાઠી નિવાસી સ્વ. મંગળાબેન ઝવેરચંદ બજરિયાના સુપુત્રી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી હરસોલ ૨૭ જ્ઞાતિ જૈન**

રૂપાલ નિવાસી હાલ મુંબઈ, વિજયકુમાર રતિલાલ શાહ (ઉં.વ.૭૫) તા. ૧૧.૦૧.૨૬ને રવિવાર અરિહંતશરણ પામેલ છે. સ્વ.શાંતાબેન રતિલાલ શાહના પુત્ર. રસીલાબેન શાહના પતિ. બીજલ-કાજલ, મેહુલ- પ્રીતિ, વૈશાલી- મયુરકુમારના પિતા. ક્રિશી,દર્શી, લક્ષ, પલક દેવાંશના દાદા. પિયરપક્ષે હરસોલ નિવાસી સ્વ. ચંપાબેન વાડીલાલ શાહના જમાઈ. શેત્રુંજય ભાવયાત્રા મંગળવાર તા. ૧૩.૦૧.૨૬ના ૩ થી ૫. સ્થળઃ આદેશ્વર ભુવન શ્રીપતિ જેવલ્સ, ઈ-વીંગ, પહેલા માળે, મોરાર બાગની સામે, સી પી ટેન્ક મુંબઇ.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

ખાંભા નિવાસી હાલ મલાડ, જયસુખભાઇ હરિલાલ ખારા (ઉં.વ. ૮૧) ૧૦/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ઉષાબેનના પતિ. સ્વ. ધીરજબેન હરિલાલ ખારાના પુત્ર. સ્વ. મુક્તાબેન રતિલાલ મહેતાના જમાઈ. સ્વ. ભુપતભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઈ, નવીનભાઈ, રસીલાબેન, સ્વ. જ્યોત્સનાબેન, સ્વ. રંજનબેનના ભાઈ. માધવી, કોમલ, હિરેનભાઈના પિતા. હિતેશ વિપુલ અમીના સસરા. ઠે. એ ૫૦૫, નંદનવન, નર્સિંગ લેન, મલાડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વિશાનીમા જૈન**

કપડવંજ નિવાસી, હાલ અંધેરી, મનુભાઈ રમણલાલ ગાંધી (ઉં.વ. ૮૭) તા. ૧૦-૧ ૨૬ના મુંબઈ અરિહંતશરણ પામેલ છે. તે કનકબેનના પતિ. ધર્મેશ અને કેતનના પિતા. આશા અને બિનાના સસરા. નીલય જાનકી નમન નિકિતા દીપ અને હૃદ્રંશના દાદા. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**સુરત વિશા શ્રીમાળી જૈન**

કિરીટ શાંતિલાલ શાહ (ઉં.વ. ૭૨) દમણ નિવાસી હાલ મુંબઈ, તે સુષ્માબેનના પતિ. કૃતિ, અંકિતના પિતા. હેમેન્દ્રભાઈ, હેમંતીબેનના ભાઈ. પોષ વદ ૮ના અરિહંતશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

ચાંગડાઇના અ.સૌ. કલ્પનાબેન લલીત નાગડા (ઉં. વ. ૫૦) તા. ૧૦-૧-૨૬નાઅવસાન પામેલ છે. દમયંતી લક્ષ્મીચંદ રાજપાલના પુત્રવધુ. લલીતના ધર્મપત્ની. પ્રણવ, નમનના માતુશ્રી. દમયંતી રતનશી હંસરાજ ગડાના પુત્રી. ભરત, સ્વ. રાજેશ, દેવપુરના વનિતા ગીરીશ નિસરના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. લલીત નાગડા, સાવંત પાર્ક, બિલ્ડીંગ નં. ૫, રૂમ નં. ૩૦૩, પુનીતનગર, અંબરનાથ (ઇસ્ટ) ૪૨૧૫૦૧.

મોટા લાયજાના જયેશ લક્ષ્મીચંદ વોરા (ઉં. વ. ૫૫) તા. ૧૦.૧.૨૬ના અવસાન પામેલ છે. લીલબાઇ કેશવજીના પૌત્ર. ઝવેરબેન લક્ષ્મીચંદ કેશવજી વોરાના સુપુત્ર. હિતેન, નીતાના ભાઇ. નવાવાસ દેવકાંબેન લાલજી વીરાના દોહિત્ર. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન અને ત્વચાદાન કરેલ છે. ઠે. હિતેન વોરા, ૯, યોગેશ સદન, હિંગવાલા લેન, ઘાટકોપર (ઇ.), મુંબઇ.

## હિન્દુ મરણ

**દશા મોઢ માંડલિયા વણિક**

જૂનાગઢ નિવાસી હાલ મુલુંડ સ્વ. બાલકૃષ્ણ તલકચંદ પટેલના ધર્મપત્ની.ગં. સ્વ. ભારતીબેન (ઉં. વ. ૭૮) તે પ્રજ્ઞેશ તથા મનિષના માતુશ્રી. અ. સૌ. બીજલ તથા અ. સૌ. દિપિકાના સાસુ. ચિ. ક્રિષા તથા ચિ. કયાનના દાદી. સ્વ. ચીમનભાઇ, સ્વ. ચંદુભાઇ, કિશોરભાઇ, દિપકભાઇ, સ્વ. વનિતાબેન, સ્વ. નિર્મળાબેન, સ્વ. મિનાક્ષીબેન, સ્વ. રશ્મીબેન, અ. સૌ. ઉમા રઘુવીર મહેતાના ભાભી. પિયરપક્ષે સ્વ. કુસુમબેન કરસનદાસ શેઠની દીકરી. તા. ૧૦-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૬ના પથી ૭. ઠે. ધ ક્રાઉન બેન્કવેટ હોલ,. સાતમે માળે, એન.એસ. રોડ, વિકાસ સેન્ટર, પેલેસ હોલની ઉપર, મુલુંડ (વેસ્ટ).

**કપોળ**

સ્વ. રંભાબેન પુરુષોતમદા, દ્વારકાદાસ દોશીના પુત્ર જિતેન્દ્ર (ઉં. વ. ૮૦) તે કુમુદબેનના પતિ. જીજ્ઞેશભાઇ, પાયલબેનના પિતા. હંસાબેન, જગદીશભાઇ, ઇન્દિરાબેન, અરુણાબેન, ચારુબેનના ભાઇ. સંકેતાના દાદા. વ્રજના નાના. વિરેનગાંધી અને સુનિતાબેનના સસરા. ચાવંડવાળા કાણકિયા દોલતરાય મગનલાલના જમાઇ. તા. ૯-૧-૨૬ના મહુવા મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠિયા વણિક**

મુંબઇ નિવાસી ગં. સ્વ. જયોતિબેન મનોજ ધાબલીયા તે સ્વ. મનોજભાઇ અમૃતલાલ ધાબલીયાના પત્ની. તેજસ તથા અમિષાના માતા. જયશ્રી તથા તુષાર જીતેનભાઇ શાહના સાસુ. પૂજા તથા હેનિલના નાની. વિહાન તથા દર્શના દાદી. રવિવાર, તા. ૧૧-૧-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. જાદવજી ખીમજી (ગંધા) ગામ મોડવદર વાળાના પત્ની જવેરબેન (ઉં. વ. ૧૦૮) તા. ૧૧-૧-૨૬ના રામશરણ પામેલ છે. તે પાર્વતીબેન હંસરાજ ચોથાણી ગામ ગઢસીસા વાળાની પુત્રી. તે સ્વ. વિઠ્ઠલદાસ, સ્વ. અરવિંદભાઇ, સ્વ. હેમાંશુભાઇ, પુષ્પાબેન તુલસીદાસ કતીરા, યોગેશભાઇ, ભરતભાઇ, ભક્તિબેન દિનેશ દાવડા તથા કાશ્મીરાના માતુશ્રી. સ્વ. પ્રભાબેન, સ્વ. દમયંતીબેન, સ્વ. અનસુયાબેન, મધુબેન તથા જયોત્સના બેનના સાસુમા. સ્વ. લાલજીભાઇ તથા સુરેશભાઇના ભાભી. સ્વ. મોરારજી પ્રેમજી ગઢસીસાવાળાની કાકાઇ બેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૬ના મંગળવારના પથી ૭. ઠે. લખમસિંહ નપુ હોલ, ચંદાવરકર રોડ, માટુંગા સે. રે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ જામ સલાયા હાલ મુંબઇ નિવાસી ગં. સ્વ. કમલાવતીબેન પ્રવીણચંદ્ર નથુભાઇ મજીઠીયા (ઉં. વ. ૮૫) તે ધીરેનભાઇ, ચેતનાબેન દિલેશભાઇ સોમૈયા તથા જયેશભાઇના માતુશ્રી. નીતાબેન, દિલેશભાઇ સોમૈયા તથા દેવલબેનના સાસુ. સ્વ. નારણદાસ નથુભાઇ મજીઠીયા, સ્વ. કરસનદાસ નથુભાઇ મજીઠીયા, સ્વ. મનોરમાબેન રણછોડદાસ કુટમુટયાના ભાભી. વિરાજ, શૈલી, કેજલ પૂજન શાહ, સચી, કશ્વી, હેત્વી, ઇશિતા અભિષેક ગણાત્રા તેમજ પ્રયાન, જિયાનના દાદીમા. તે સ્વ. જયાબેન દેવચંદભાઇ ચોલેરાના સુપુત્રી. તા. ૯-૧-૨૬ના રોજ શુક્રવારે શ્રીજીચરણ પામેલ છે.બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૩-૧-૨૬ના સાંજે પથી ૭. ઠે. મહારાજા અગ્રસેન ભવન, ૩જે માળે, સ્વામી નારાયણ મંદિરની ઉપર, લવંડર બાગની બાજુમાં, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર (ઇસ્ટ).

**નાઘેર દશા શ્રીમાળી વણિક**

ગાંગડા નિવાસી અશ્વિન છબીલદાસ કામદારના ધર્મપત્ની અ. સૌ. મમતાબેન કામદાર (ઉં. વ. ૫૧) તે ગં. સ્વ. ચંદ્રિકાબેન વિજયભાઇ, નીલાબેન અતુલભાઇના દેરાણી. મીતાબેન મહેન્દ્રભાઇના ભાભી. નેહા દિપકકુમાર, નીરવ, ભૂમિ ઋષભકુમાર, વૈશાલી, બીજલ, અનીશાના કાકી. તે હેતલ, સેજલના મામી. તે પિયર પક્ષે સ્વ. રંજનબેન હસમુખલાલ જયંતીલાલ ચાવડાના દીકરી. તા. ૧૨-૧-૨૬સોમવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૬ મંગળવારના ૪.૩૦થી ૬. ઠે. શ્રી સ્વામીનારાયણ ગુરુકુળ, પ્લોટ નં.૬૦-એ, રાજીવ ગાર્ડનની બાજુમાં, સેકટર-૨૯. વાશી, નવી મુંબઇ.

**દશા સોરઠિયા વણિક**

શ્રી મુકુંદલાલ નારણજી સાંગાણી (ઉં. વ. ૮૨), તે કમલાબેનના પતિ. સ્વ મધુસૂદનભાઈ. સ્વ ગોવિંદજીભાઈ, સ્વ વિજયાબેન અને સ્વ ભાનુબેનના ભાઈ. તેમજ સ્વ શાંતિભાઈ, રમણીકભાઈ અને લલિતભાઈના જમાઈ. તેઓ મંદાકિની, ચિંતન, સોનલ અને રાજનનાં પિતાશ્રી. તથા ભાવેશ, મીલી, કીર્તિ અને નિશીતાના સસરા તથા માહિર, ઝોઈ અને રાયનના દાદા. રવિવાર, તા. ૧૧-૦૧-૨૬ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી ભાટિયા**

ધીરેન (ઉં. વ. ૭૯) તે સ્વ. ભગવાનદાસ તથા સ્વ.ભાનુમતી ભાટિયાના પુત્ર. બિંદુબેનના પતિ. સ્વ. આનંદીબેન તથા સ્વ. સુંદરદાસ ખટાઉ ઝવેરીના જમાઈ. કૈશિક તથા કવિતાના પિતા. અમિતા તથા અનૂપના સસરા. યશ અને ધ્રુવિકાના દાદા. તા. ૧૨-૧-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૧-૨૬ના ૫ થી ૬. ક્લબ હાઉસ, એમ્પ્રેસ ટાવર્સ, ઘોરપડી, તારા બાગ, સોપાન બાગ પાસે, પૂના ૪૧૧૦૦૧. ત્યાર બાદ બેસણાની પ્રથા બંધ છે.

**કપોળ**

ડેડાણ નિવાસી, હાલ ભાયંદર, સ્વ. કાશીબેન દયાળજી વનમાલિદાસ દોશીના પુત્ર ચંદ્રકાંતભાઈ (ઉં.વ.૮૨) તે સ્વ. ભારતીબેન અને સ્વ. કિશોરીબેનના પતિ. કેયુરી અને નીરવના પિતા. દીપ્તિ નીરવ દોશી તથા જયેશ પ્રફુલ દેસાઈના સસરા. ધીરજલાલ, જીતેન્દ્રભાઈ, સ્વ. હીરાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. નયનાબેન, સ્વ. કંચનબેન, લલિતાબેન, અરુણાબેનના ભાઈ. સ્વ. મોહનલાલ મહેતા તથા સ્વ.છોટુભાઈ ભોજાણીના જમાઈ. તા. ૧૧.૦૧.૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખવામાં આવી છે.

# તન-મન-ધનથી રહો તરોતાજા

# સંપત્તિને માણવા માટે મનની શુદ્ધતા સૌથી મહત્ત્વની છે




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

**પૈસાનો** સંબંધ કેટલીય માનવીય લાગણીઓ સાથે હોય છે- ક્રોધ, હતાશા, ઈર્ષ્યા, લાલચ, શરમ, અસલામતી, એકલતા, સ્ટેટસ, લઘુતાગ્રંથિ, દુશ્મનાવટ, વગેરે. પરસેવો રેડીને કમાયેલી સંપત્તિનો આનંદ ઉઠાવવામાં આ તમામ લાગણીઓ અને ગ્રંથિઓ આપણને નડતરરૂપ થાય છે.

આપણે મહેનત કરીએ છીએ, પૈસા કમાઈએ છીએ અને બચત તેમ જ રોકાણ કરીને સંપત્તિ ઊભી કરીએ છીએ. સામાન્યપણે આપણે સંપત્તિનું સર્જન આપણી જવાબદારીઓ પરિપૂર્ણ કરવા માટે તેમ જ ભૌતિક સાધનોમાંથી આનંદ મેળવવા માટે કરતાં હોઈએ છીએ.

કલ્પના કરો કે આપણે વર્ષોથી જેનું સપનું જોયું હતું તે કાર ખરીદવા જઈએ છીએ. કાર ખરીદતાં પહેલાં તેની ટેસ્ટ ડ્રાઈવ લીધી હતી, તેના રિવ્યુ વાંચ્યા હતા, મિત્રો અને સંબંધીઓમાંથી જેમની પાસે આ મૉડેલ હોય તેમને કેટલાય સવાલો કરીને કારની કામગીરી અંગે જાણકારી મેળવી હતી. આખરે નવીનક્કોર કાર ઘરે આવે છે. આખા પરિવારના થનગનાટનો પાર નથી, પરંતુ થોડાક જ દિવસોમાં કોઈ પાડોશી આપણા કરતાં મોટી અને લૅટેસ્ટ મૉડેલની કાર લઈ આવે છે. આપણે તરત તેની સાથે સરખામણી કરવા માંડીએ છીએ. મનમાં ઈર્ષ્યાનો ભાવ સળવળવા લાગે છે. પરિણામે આપણી પાસે આપણી ડ્રીમ-કાર હોવા છતાં તેનો આનંદ લઈ શકતા નથી.

હવે બીજો પ્રસંગ લો. સમજો કે તમે તમારી પુત્રીના લગ્ન ધામધૂમથી કરવાનું નક્કી કરો છો. આખા પરિવારમાં ત્રણ દાયકા બાદ લગ્નનો અવસર આવ્યો હોવાથી બધા ખુશ ખુશ છે. છ મહિનાથી લગ્નની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. લગ્નનાં બરાબર ત્રણ અઠવાડિયાં પહેલાં તમને ખબર પડે છે કે વેવાઈપક્ષના લોકો લગ્નની જુદીજુદી ઉજવણીઓમાં જે કપડાં અને ઘરેણાં પહેરવાનાં છે તે એકદમ આલા દરજ્જાનાં છે. તમને લઘુતાગ્રંથિની લાગણી થવા લાગે છે. આખા લગ્નપ્રસંગ દરમિયાન તમે જાનૈયાઓએ તેમ જ બીજા મહેમાનોએ શું પહેર્યું છે તે જોયા કરો છો અને ખુદને તેમની સાથે સરખાવ્યા કરે છો. લઘુતાગ્રંથિની આ લાગણી આખા પ્રસંગની મજા બગાડી નાખે છે.

આપણું જ મન આપણી સંપત્તિનો આનંદ લેવામાં અડચણો પેદા કરે છે. એમાંય આનંદ-પ્રમોદ માટે ખર્ચ થઈ રહ્યો હોય ત્યારે આવાં માનસિક વિઘ્નો ખાસ ઊભાં થતાં હોય છે. આપણે આપણા માંહ્યલામાં જરા ઊંડા ઊતરીને જોઈશું તો સમજાશે કે ઈર્ષ્યા, લઘુતાગ્રંથિ, શરમ, લાલચ એ બધી આપણા મનની જ પેદાશ છે.

કારનું મૉડેલ ગમે તે હોય, ક્યાંક કોઈકની પાસે આપણા કરતાં વધુ મોંઘી અને અદ્યતન કાર હોવાની જ. તે જ પ્રમાણે આપણા કરતાં ઊતરતું મૉડેલ ધરાવનારા પણ ઘણા હોવાના. રોજ ઑફિસ જવા માટે બસમાં ધક્કા ખાતાં કોઈ નોકરિયાતને પૂછજો. ધારો કે એને તમારા કરતાં સસ્તી અને ઊતરતી કક્ષાની કાર મળી જાય તોય એ કેવો રાજીરાજી થઈ જાય? મૉડેલ નવું છે કે જૂનું તેનાથી એને કશો ફરક પડે ખરો?

આ જ તંતુને આગળ વધારીએ તો, તમારા વેવાઈ અથવા સમાજમાં બીજા કોઈ પાસે તમારા કરતાં વધુ મોંઘાં કપડાં અને ચીજવસ્તુઓ ભલે હોય, પરંતુ સમાજમાં એવા લાખો લોકો છે જેમની પાસે ઑફિસ, ઘર, પાર્ટી, વૅકેશન વગેરે માટે અલાયદાં કપડાં નથી હોતાં. તેમની પાસે કપડાંની બે-ત્રણ જોડી માંડ હોય છે જે તેઓ વારાફરતી બધી જગ્યાએ પહેર્યા કરે છે.

જેમની પાસે આપણા કરતાં વધારે છે તેમની સાથે ખુદને સરખાવતાં રહીશું તો દુખી થઈશું. જેમની પાસે આપણા કરતાં ઓછું છે તેમની સાથે આપણી જાતની તુલના કરીશું તો રાજી થઈશું. આનો અર્થ એવો થાય કે આપણાં દુઃખ અને સુખનો આધાર અન્ય લોકો પાસે શું છે અને શું નથી તેમ જ તેઓ શું કરે છે કે શું કરતા નથી તેના પર રહેલો છે. આ કંઈ બહુ સારી સ્થિતિ નથી.

પ્રફુલ્લિત અને આનંદિત રહેવું હોય તો તમે જે છો તે બની રહો. તમારી જાતનું નિરીક્ષણ કરો. ખુદ પર ભરોસો રાખો. મારા લેખકમિત્ર જયેશ ચિતલિયાએ 'લાઈફ ઈઝ બ્યુટીફૂલ'માં લખ્યું છે તેમ, ઈશ્વરે આપણને દરેકને કંઈક ને કંઈક અનન્ય આપેલું છે. જીવનને ભરપૂરપણે અને ઈશ્વરે આપેલી સંપત્તિને બીજાઓ સાથે સરખામણી કર્યા વગર તમને ઠીક લાગે તે રીતે એને માણો. ■

**યોગિક વેલ્થ**
*સંપત્તિને માણવા માટે આપણા મન પર કાબૂ હોવો ખૂબ જરૂરી છે. આપણા સૌને માટે સૌથી મોટા પડકાર હંમેશાં આ જ હોવાનો!*

---

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા
feedback@bombaysamachar.com

# રુલ ઓફ 144: સંપત્તિને ચાર ગણું કરતી શક્તિનું મહત્ત્વ

ગયા સપ્તાહના લેખોમાં આપણે રૂલ ઓફ ૭૨ અને રૂલ ઓફ ૧૧૪ જેવા સરળ આંકડાકીય સાધનો વિષે વાત કરી હતી જે આપણને ચક્રવૃદ્ધિ દ્વારા પૈસા બમણા કે ત્રિગણા થવામાં કેટલો સમય લાગે છે તે સમજવામાં મદદ કરે છે. આ નિયમો એટલા માટે અસરકારક છે, કારણ કે એ ટકાવારીને સમયમાં ફેરવી દે છે અને લાંબા ગાળાના રોકાણને સમજવું સરળ બનાવે છે.

જોકે, લાંબા ગાળાની સંપત્તિ રચના માત્ર બમણું કે ત્રિગણું થવાથી પૂરતી નથી. નિવૃત્તિ સુરક્ષા, વારસાગત આયોજન અથવા લાંબા ગાળાની આર્થિક સ્વતંત્રતા જેવા લક્ષ્યો માટે એક વધુ પ્રભાવશાળી પ્રશ્ન ઊભો થાય છે:

**પૈસા ચાર ગણાં થવામાં કેટલો સમય લાગે છે?**

આ પ્રશ્ન આપણને એક મહત્ત્વપૂર્ણ, પરંતુ ઓછો ચર્ચાતો નિયમ સમજાવે છે રૂલ ઓફ ૧૪૪.

**રૂલ ઓફ ૧૪૪ શું છે?**

રૂલ ઓફ ૧૪૪ આપણને અંદાજ આપે છે કે કોઈ રોકાણ ચાર ગણું થવામાં કેટલો સમય લાગી શકે. તેનું ગણિત સરળ છે:

૧૪૪ ને વાર્ષિક રિટર્નના દરથી ભાગો, અને તમારા પૈસા ચાર ગણાં થવામાં અંદાજે કેટલા વર્ષ લાગશે તે ખબર પડશે.

ઉદાહરણ તરીકે:

* ૮% વાર્ષિક રિટર્ન - ૧૪૪ ÷ ૮ = ૧૮ વર્ષ
* ૬% - ૧૪૪ ÷ ૬ = ૨૪ વર્ષ
* ૧૦% - ૧૪૪ ÷ ૧૦ = ૧૪-૧૫ વર્ષ

અન્ય નિયમોની જેમ, આ પણ એક અંદાજ છે, પરંતુ લાંબા ગાળાના વિચાર માટે પૂરતો ચોક્કસ છે.

**ચાર ગણું થવું કેમ મહત્ત્વનું છે?**

રોકાણ બમણું થવું એ ઘણીવાર સફળતા દર્શાવે છે, ત્રિગણું થવું એ પ્રગતિ દર્શાવે છે, પરંતુ ચાર ગણું થવું એ તો આખું સમીકરણ જ બદલી નાખે છે.

રોકાણ ચાર ગણું થવાથી મજબૂત સુરક્ષા મળે છે.

મોંઘવારી, લાંબું આયુષ્ય, આરોગ્ય ખર્ચ, બજારની અસ્થિરતા અને અણધારી જીવન પરિસ્થિતિઓ આ બધાનો સામનો કરવા માટે પૂરતો અવકાશ મળે છે. એવી દુનિયામાં જ્યાં નિવૃત્તિ સરળતાથી ત્રણ દાયકાથી વધુ ચાલે છે, માત્ર બમણું થવું એ આરામ જાળવી શકે, પરંતુ લાંબા ગાળે એ પૂરતું ન પણ સાબિત થાય, જ્યારે સંપત્તિ ચાર ગણી થવાથી જીવનમાં વધુ અનુકૂળતા આવે છે.

સમયનું મહત્ત્વ જે રોકાણકારો ઘણીવાર ઓછું આંકે છે.

**રૂલ ઓફ ૧૪૪ એક મૂળભૂત સત્ય પર ભાર મૂકે છે:**

અસાધારણ પરિણામો સામાન્ય રીતે સામાન્ય રિટર્નને લાંબા સમય માટે જાળવવાથી જ મળે છે. ઊંચા રિટર્ન પાછળ દોડવું અનિશ્ચિત છે, પરંતુ રોકાણમાં ટકીને રહેવું વિશ્વસનીય છે.

મધ્યમ અને વાસ્તવિક રિટર્નના દર પર-૭% થી ૯% શરૂઆતનાં વર્ષોમાં સંપત્તિ ધીમે વધતી જણાય છે, પરંતુ જ્યારે ચક્રવૃદ્ધિ અંતિમ તબક્કામાં પહોંચે છે ત્યારે વૃદ્ધિ નોંધપાત્ર રીતે ઝડપ પકડે છે. એ વખતે ચાર ગણું થવું શક્ય બને છે. રોકાણ વહેલું કે મોડું કરવાથી તફાવત માત્ર સંખ્યાત્મક નથી, તે વ્યાપક રીતે નોંધપાત્ર છે.

રૂલ ઓફ ૧૪૪ કોને ધ્યાનમાં રાખવો જોઈએ?

રૂલ ઓફ ૧૪૪ ખાસ કરીને ઉપયોગી છે:

* લાંબા ગાળાના ઇક્વિટી રોકાણકારો માટે...
* ૩૦ અને ૪૦ના દાયકામાં નિવૃત્તિ આયોજન કરનારાઓ માટે...
* પેઢીદર સંપત્તિ રચનાની વિચારણા કરનારાઓ માટે...

આ નિયમ ઉત્સાહ કરતાં વધુ ધીરજ અને સહનશીલતા વિશે છે. ચાર ગણું ઝડપથી નથી થતું, પરંતુ સમય, શિસ્ત અને ધીરજ સાથે તે વિશ્વસનીય રીતે શક્ય બને છે.

**નિષ્કર્ષાત્મક વિચાર**

રૂલ ઓફ ૧૪૪ અતિમહત્ત્વાકાંક્ષા વિશે નથી તે સમયને કામ કરવા દેવા વિશે છે. તે યાદ અપાવે છે કે અર્થપૂર્ણ સંપત્તિની રચના મોટેભાગે બજારને અનુસરીને ખરીદ-વેચાણ કરવાથી કે પરફેક્ટ તક શોધવાથી થતી નથી, પરંતુ તે લાંબા સમય સુધી રોકાણમાં ટકીને રહેવાથી આવે છે જ્યારે ચક્રવૃદ્ધિ પોતાની સાચી શક્તિ બતાવે છે. ઝડપથી પરિણામો ઈચ્છતી દુનિયામાં રૂલ ઓફ ૧૪૪ એક શાંત પરંતુ શક્તિશાળી વિચાર આપે છે:

ક્યારેક સૌથી મોટું આર્થિક પરિવર્તન વધુ કરવાની કોશિશથી નહીં, પરંતુ લાંબા સમય સુધી ટકીને રહેવાથી થાય છે.

મારા પ્રિય વાચકોને મકર સંક્રાંતિની હાર્દિક શુભકામનાઓ! ■

---

ફોકસ
નીલમ અરોરા
feedback@bombaysamachar.com

# બાળકોને શુગર સ્માર્ટ બનાવો



*તું તારુ હોમવર્ક પૂરું કરી લઇશ, તો હું તને આઇસ્ક્રીમ લઈ દઇશ...*
*મમ્મી, તમે માર્કેટ જાઓ ત્યારે મારા માટે એક ચોકલેટ લઈ આવજો...*
*તું ઘરમાં એકલો રહીશને? તો હું તારા માટે ક્રીમવાળા બિસ્કીટ લઈ આવીશ...*

**બાળકોને** મીઠું ખવડાવવાના આવા અનેક બહાના આપણે પાસે હોય છે. સામાન્ય રીતે બર્થડે કેક પણ બાળકો માટે બહુ ભાવતી વસ્તુ છે. આપણે પેરેન્ટ્સ ઘણી વાર સમજી નથી શકતા કે આરોગ્ય માટે એનર્જી આપતો ગણપણયુક્ત ખોરાક ક્યારે તેમના માટે જોખમી બની જાય છે. વર્ષ ૨૦૨૪માં થયેલા એક અભ્યાસમાં એવો ખુલાસો થયો છે કે, બાળકોને ઓછી ખાંડ આપવાથી તેમનામાં ડાયાબિટીસનું જોખમ ઘટી જાય છે, કારણ કે નાની ઉંમરમાં વધારે ગળ્યું ખવડાવવામાં આવે તો તેમને સ્થૂળતા અને ફેટી લિવર જેવી બીમારીઓ થવાની શક્યતા વધી જાય છે. બાળકો માટે તો મીઠાં પીણાં પણ તેમની પાચન પ્રક્રિયા પર ખરાબ અસર કરે છે.

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબ્લ્યુએચઓ) દ્વારા જાહેર કરવામાં આવેલી માર્ગદર્શિકા મુજબ, પહેલાં આપણા દૈનિક કેલરી સેવનમાં ગળ્યા પદાર્થમાંથી મળતી કેલરીનું પ્રમાણ ૧૦ ટકા સુધી યોગ્ય માનવામાં આવતું હતું, પરંતુ હવે આ પ્રમાણ ઘટાડીને પાંચ ટકા કરી દેવામાં આવ્યું છે. એટલે કે, જો આપણે દરરોજ આપણા આહારમાં ૨૦૦૦ કેલરી લઈએ છીએ, તો આપણે પાંચ ચમચીથી વધુ ખાંડ ન લેવી જોઈએ. આ માત્રા બાળકો અને મોટા બંને માટે છે. ડબ્લ્યુએચઓ એ એવું પણ સૂચન કર્યું છે કે જો બાળકોમાં મીઠામાંથી લેવાતી કેલરી પાંચ ટકા કરતાં પણ ઓછી રાખવામાં આવે, તો તેમને સ્થૂળતા અને દાંતની સમસ્યાથી રાહત મળી શકે છે. એટલે કે બે વર્ષની ઉંમર પછી બાળકોને દિવસમાં માત્ર બે થી ચાર ચમચી ખાંડ આપવી જોઈએ. તેમાં પણ બાળકો અને મોટા બંનેએ દૂધ અને ફળોમાંથી મળતી કુદરતી ખાંડ જ લેવી જોઈએ અને વધારાની મીઠી વસ્તુઓથી દૂર રહેવું જોઈએ.

કુદરતી ખાંડનો અર્થ છે દૂધમાં રહેલો લેક્ટોઝ અને ફળોમાં રહેલો ફ્રુક્ટોઝ. ફળોમાંથી ફાઇબર, વિટામિન, ખનિજ અને કાર્બોહાઇડ્રેટ મળે છે, જે ઘણી હદ સુધી કેલરીની ઉણપ પૂરી કરે છે. તેથી પેકેજ્ડ જ્યુસ, ઇન્સ્ટન્ટ નૂડલ્સ, બ્રેડ, બિસ્કિટ, સોસ અને હેલ્ધી માનવામાં આવતાં નાના બાળકોના સિરિયલ્સ, ફ્લેવર્ડ યોગર્ટ, ફ્લેવર્ડ મિલ્ક, ન્યુટ્રિશનલ અને એનર્જી ડ્રિંક્સ વગેરેમાં ખાસ ધ્યાન રાખવું જોઈએ અને બાળકોને ઘરની બહાર ખવડાવવા લઈ જાઓ ત્યારે અથવા લગ્ન-પાર્ટી જેવા પ્રસંગોમાં, ખાંડથી બનેલી વસ્તુઓના સેવન પર ખાસ નજર રાખવી જોઈએ. આઇસ્ક્રીમનું સેવન પણ મહિનામાં માત્ર બે નાના સ્કૂપ સુધી સીમિત રાખવું જોઈએ. માતા-પિતાએ બાળકોને ચોકલેટ્સ, ડોનટ્સ અને મીઠાઇઓ દરરોજ ન આપવી જોઈએ, અઠવાડિયામાં એક કે બે વાર જ આપવી, કારણ કે વધારે ગણપણથી બાળકોમાં એનર્જી લેવલ અચાનક વધી જાય છે, જેના કારણે મૂડ સ્વિંગ, ચીડિયાપણું અને હાઇપરએક્ટિવિટી જેવા વિકારો થઈ શકે છે. બર્થડે પાર્ટીમાં જો બાળક કેક ખાવા માંગે, તો કેક સિવાયની બીજી મીઠી વસ્તુઓથી દૂર રહેવા માટે બાળકને સમજાવવું. ભારતીય ભોજનમાં મીઠી વસ્તુઓની એટલી વિવિધતા છે કે રંગબેરંગી મીઠાઇઓ જોઈને બાળકોનું મન લલચાઈ જાય છે. આવા સમયે તેમને સ્વીટ્સથી દૂર રાખવા માટે માતા-પિતાએ ઘણી મહેનત કરવી પડે છે. પરંતુ જો નાની ઉંમરથી જ તેમને શુગર સ્માર્ટ બનાવવામાં આવે, તો આવનારા જીવનમાં અનેક ગંભીર બીમારીઓના જોખમથી તેમને બચાવી શકાય છે.


### કઈ ઉંમરે કેટલી ખાંડ આપવી

બાળકોને બે વર્ષની ઉંમર પહેલાં માતાના દૂધમાંથી મળતી કુદરતી મીઠાસ પૂરતી હોય છે. આ મીઠાસ લેક્ટોઝ દ્વારા મળે છે. જો બાળકને ઉપરનું દૂધ આપો અને શરૂઆતથી જ ખાંડ વગર દૂધ આપશો, તો આગળ જતા દાંતમાં કેવિટી જેવી સમસ્યાઓથી બચાવી શકાશે. ૨ થી ૧૮ વર્ષની ઉંમરના બાળકોને દિવસમાં ૨ થી ૪ ચમચી ખાંડ પૂરતી છે. ૧૮ વર્ષ પછી દિવસમાં પાંચ ચમચીથી વધારે ખાંડ ન લેવી જોઈએ. શું તમને ખબર છે કે ૩૩૦ મિલીલીટર કોલાની એક કેનમાં ૭ થી ૯ ચમચી ખાંડ હોય છે. ૬૦ ગ્રામની એક મધ્યમ ચોકલેટ બ્રાઉનીના પીસમાં પાંચ થી સાત ચમચી ખાંડ હોય છે. ૨૫૦ મિલીલીટર રેડીમેડ જ્યુસમાં પાંચ થી છ ચમચી ખાંડ હોય છે. જો તમે આ જ્યુસ ઘરે બનાવો તો ખાંડ ઓછી કરી શકો છો, પરંતુ પેકેજ્ડ જ્યુસમાં ફ્રુક્ટોઝ સાથે વધારાની ખાંડ પણ હોય છે, જે લોહીમાં શુગરનું સ્તર વધારે છે. ૧૫૦ ગ્રામ ફ્લેવર્ડ યોગર્ટના એક કપમાં ૪ થી ૬ ચમચી સુધી ખાંડ હોય છે. ફળ, દૂધ, દહીં અને છાશમાં રહેલી ગળાશ કુદરતી હોય છે. જે ખાદ્ય પદાર્થોમાં અલગથી ખાંડ ઉમેરવામાં આવે છે, તે બાળકોના આરોગ્ય માટે વધુ જોખમી છે. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# ઋતુ પરિવર્તનની આરોગ્ય પર કેવી કેવી અસર થાય?




ઋતુ પરિવર્તનની અસર વાતાવરણમાં દેખાય છે, તેમ તેની અસર કે એની આડ અસર પણ આપણા આરોગ્ય પર પણ દેખાતી હોય છે. ઋતુ પરિવર્તન થાય ત્યારે ઘણા લોકોને આરોગ્ય સમસ્યાઓ ઊભી થાય છે. જો તમે એ લાખો લોકોમાંના એક છો જેમને મોસમી એલર્જી છે તો તમે છીંક આવવી, નાક બંધ થઇ જવું અથવા વહેતું નાક અને અન્ય હેરાન કરનારાં લક્ષણો સહન કરતા હશો. મોસમી એલર્જી, જેને પરાગરજ તાવ (hay fever) અને એલર્જિક રહાઇનાઇટીસ (Rhinitis) પણ કહેવાય છે એ તમને દુઃખી કરી શકે છે.

આ પરિસ્થિતિ ત્યારે સર્જાય છે જ્યારે હવામાં ફેલાતા 'ખતરનાક' પદાર્થ તરીકે ઓળખાતા હવામાં રહેલા નાના કણો 'એલર્જન' તમારી રોગપ્રતિકારક શક્તિને ક્ષીણ કરી નાખે... જ્યારે તમે તમારા નાક કે મોં દ્વારા એલર્જન શ્વાસમાં લો છો ત્યારે તમારું શરીર હિસ્ટામાઇન નામનું કુદરતી રસાયણ મુક્ત કરીને પ્રતિક્રિયા આપે છે. હે ફીવર કહેવાતું હોવા છતાં, હે ફીવર તાવનું કારણ કે મોટાભાગના લોકોને એનાથી તાવ આવતો નથી.

એલર્જિક રહાઇનાઇટીસનાં લક્ષણોમાં છીંક આવવી, નાક બંધ થવું અને નાક, ગળા, મોં અને આંખોમાં બળતરાનો સમાવેશ થાય છે. ઘણાને આંખોમાં બળતરા અને ખંજવાળ આવે છે. કાન બંધ થવાય જવો એ પણ એક લક્ષણ છે. મોસમી એલર્જી અસ્થમાથી પીડાતા લોકો માટે વધુ મુશ્કેલી સર્જે છે, તેમને અસ્થમા એટેક આવવાની શક્યતાઓ વધી જાય છે. એ પણ નોંધવું જોઈએ કે, એલર્જિક રહાઇનાઇટીસ ચેપી રહાઇનાઇટીસ જેવો નથી, જેને સામાન્ય રીતે શરદી તરીકે પણ ઓળખવામાં આવે છે.

એલર્જિક રહાઇનાઇટીસ ચેપી નથી. ઉપરાંત, બધા રહાઇનાઇટીસ એલર્જિક નથી હોતા. ઘણા લોકો નોન-એલર્જિક રહાઇનાઇટીસથી પીડાય છે, જેના પરિણામે સમાન લક્ષણો જોવા મળે છે.

### એલર્જિક રહાઈનાઈટીસ ક્યારે થાય છે?

તમને વર્ષના કોઈપણ સમયે હે ફીવર થઈ શકે છે. મોસમી એલર્જી વસંત, ઉનાળો અને પાનખરની શરૂઆતમાં થાય છે જ્યારે વૃક્ષો અને ઘાસ ખીલે છે અને પરાગની સંખ્યા વધુ હોય છે.

ઘરની અંદર અને બહારના ઘણા એલર્જન હે ફીવરનું કારણ બને છે, જેમકે વૃક્ષો, ઘાસ અને છોડમાંથી નીકળતી પરાગરજ, ફૂગના બીજકણ, પાલતુ પ્રાણીમાં ખંજવાળ, ધૂળની જીવાત, વંદાના મળ અને લાળ વગેરે.

સામાન્ય શરદી અને એલર્જિક રહાઇનાઇટીસનાં લક્ષણમાં કેટલાક તફાવતો છે. એલર્જીમાં ખંજવાળ, લાલ અને પાણીવાળી આંખો સામાન્ય છે, પરંતુ શરદીમાં એટલી સામાન્ય નથી. શરદીથી સ્નાયુઓમાં દુખાવો અને શરીરમાં દુખાવો અથવા તાવ આવવાની શક્યતા વધુ હોય છે.

આવી પરિસ્થિતિમાં લોકો પ્રિસ્ક્રિપ્શનની જરૂર ન હોય તેવી દવાઓ પોતાની રીતે લઇ લે છે, પણ દરેક વખતે આ ઉપાય કામ ન પણ કરે. તેથી સતત રહેતી તકલીફ માટે તબીબ પાસે તપાસ કરાવવી જરૂરી છે.

તબીબને જરૂર જણાય તો એ તમને કેટલા ટેસ્ટ કરાવવાની સલાહ પણ આપી શકે છે. પરીક્ષણ તમારા ચોક્કસ ટ્રિગર્સને ટાળવા માટે તમારે કયા પગલાં લેવાની જરૂર છે તે નક્કી કરવામાં મદદ કરી શકે છે અને કઈ સારવાર તમારા માટે શ્રેષ્ઠ કામ કરી શકે છે તે ઓળખવામાં મદદ કરી શકે છે. એલર્જી વાતાવરણ કારણે જ છે કે નહીં તે પણ નક્કી કરવું જરૂરી છે.

### કેવી રીતે ધ્યાન રાખવું?

એલર્જીનાં ચિહ્ન અને લક્ષણ (એલર્જન) ઉશ્કેરતી વસ્તુઓના સંપર્કમાં ઘટાડો કરવો એ સૌથી સરળ ઉપાય છે. સૂકા, પવનવાળા દિવસોમાં ઘરની બહાર નીકળતી વખતે માસ્ક પહેરી રાખો. લૉન કાપવા, નીંદણ કાઢવા અને અન્ય બાગકામનાં કામ ટાળો, જે એલર્જનને ઉત્તેજિત કરે છે.

તમે બહાર પહેરેલા કપડાં ઘરે આવીને બદલી નાખો અને તમારી ત્વચા અને વાળમાંથી પરાગરજ ધોવા માટે સ્નાન કરો. કપડાં બહાર લટકાવશો નહીં, પરાગરજ ચાદર અને ટુવાલ પર પણ ચોંટી શકે છે. વહેલી સવારે જ્યારે પરાગકણોની સંખ્યા સૌથી વધુ હોય છે ત્યારે બહારની પ્રવૃત્તિ ટાળો.

તમારા ઘર અને કારમાં એર કન્ડીશનીંગનો ઉપયોગ કરો. જો તમારા ઘરમાં ફરજિયાત એર હીટિંગ અથવા એર કન્ડીશનીંગ હોય, તો ઉચ્ચ-કાર્યક્ષમતાવાળા ફિલ્ટર્સનો ઉપયોગ કરો અને તેમની નિયમિત જાળવણી કરો. ડીહ્યુમિડિફાયર વડે ઘરની અંદરની હવાને સૂકી રાખો... અઠવાડિયામાં ઓછામાં ઓછા એક વાર ચાદરને ખૂબ ગરમ પાણીથી ધોઈ લો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# શિયાળામાં લીલીછમ સુરતી પાપડી ખાવાથી હાડકાં બનશે મજબૂત



શિયાળો શરૂ થાય તેની સાથે બજારમાં વિવિધ રંગબેરંગી તાજા લીલા શાકભાજી જોવા મળતાં હોય છે. લીલા શાકભાજી ખાવાનો આનંદ શિયાળામાં બેવડાઈ જતો હોય છે. ગુજરાતી ઘરોમાં તો શિયાળાની ખાસ કાગડોળે રાહ જોવાતી હોય છે. કેમ કે શિયાળામાં લગભગ પ્રત્યેક રવિવારે સ્વાદિષ્ટ ઊંધિયાની સોડમ ઘરે ઘરે આવતી હોય છે. વળી મકરસંક્રાંતિના દિવસે તો અચૂક ઊંધિયાની પાર્ટી જોવા મળતી હોય છે. બજારમાં ઠેર-ઠેર સ્વાદિષ્ટ તૈયાર ઊંધિયાની જાહેરખબર જોવા મળે તે નફામાં. જે પ્રત્યેક વ્યક્તિના મનમાં ઊંધિયું ખાવાની તાલાવેલી જગાડતી જોવા મળે છે. આજે તેમાં ઉપયોગમાં લેવાતી કૂણી-કૂણી લીલીછમ સુરતી પાપડી વિશે જાણકારી મેળવીશું.

એવું કહેવાય છે કે સુરતીઓનો શિયાળો સુરતી પાપડી વગર અધૂરો ગણાય છે. પાપડી તો સુરત નજીકના કતાર ગામની જ વખણાય છે. સુરતી લાલા શિયાળાની શરૂઆત થાય તેની સાથે એક ટંકના ભોજનમાં સુરતી પાપડીનો સમાવેશ અવશ્ય કરતાં હોય છે. જેમાં પાપડી મુઠિયાનું શાક, પાપડી-ભાત, પાપડી-રિંગણ, પાપડી-બટાકા દાણા-મુઠિયા કે પાપડી લસણ વગેરે જેવી અનેક વાનગી બનાવતાં હોય છે. તો વળી શિયાળામાં ઊંબાડીયું ખાવા લોકો ખાસ સુરત-વલસાડ-નવસારીની મુલાકાત લેવાનું પસંદ કરતાં હોય છે. હાઈ-વે ઉપર સફર કરો તો ઠેર ઠેર ખાસ પ્રકારનો ધુમાડો દૂર-દૂરથી દેખાતો જોવા મળતો હોય છે. તેનું મુખ્ય કારણ હોય છે, ઠેર ઠેર માટલાંમાં સ્વાદિષ્ટ ઊંબાડિયું બનતું હોય છે. ઊંબાડિયામાં કંદમૂળ તેમજ સુરતી લીલીછમ કૂણી પાપડીનો ઉપયોગ વિશિષ્ટ મસાલા સાથે કરવામાં આવતો હોય છે. જેમાં માટલાંને જમીનની અંદર ગોઠવીને ઉપરથી લાકડાં સળગાવીને બનાવવામાં આવે છે. તેનાથી ઊંબાડિયાનો સ્વાદ અપ્રતિમ બને છે.

આપને ખબર હશે જ કે લીલા દાણાના કુલ સાત પ્રકાર બજારમાં મળે છે. જેમ કે વાલોળ, લાંબી પાપડી, સુરતી પાપડી, ફણસી, ચોળી, પાવટાં, તુવેર દાણાં.

ઉપરોક્ત પ્રત્યેક લીલા દાણાનો ઉપયોગ તેમજ તેની બહારની કૂણી પાપડીનો ઉપયોગ આહારમાં કરવામાં આવે છે. ફક્ત તુવેર દાણાની બહારની છાલ ખાવામાં આવતી નથી. સુરતી પાપડીને અંગ્રજીમાં ફાવા બિન્સ કે બ્રોડ બિન્સ તરીકે ઓળખવામાં આવે છે.

સુરતી પાપડીમાં પોષક તત્ત્વોનો ખજાનો સમાયેલો જોવા મળે છે. જેમાં પ્રોટીન, ફાઈબર, આયર્ન, પોટેશિયમ, મેગ્નેશિયમ, વિટામિન બીનો સમાવેશ થાય છે. જે હાડકાંને મજબૂત કરવામાં ઉપયોગી ગણાય છે. પાપડીના સેવનથી શરીરમાં રક્તાભિસરણ સુધરે છે. પાચનક્રિયા મજબૂત બને છે. વજન નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. ઍનિમિયાની તકલીફ કે બ્લડપ્રેશરની તકલીફથી બચાવે છે.

## એના આરોગ્યવર્ધક કેટલાંક ગુણ

### હાડકાં મજબૂત બનાવે છે

સુરતી પાપડીમાં કૅલ્શિયમ, કૉપર, મેંગેનિઝનું પ્રમાણ ભરપૂર હોવાથી તેનું સેવન હાડકાં મજબૂત બનાવે છે. વળી વય વધવાની સાથે શરીરમાં દેખાતી વિવિધ સમસ્યા જેમ કે ઑસ્ટિયોપોરોસિસની તકલીફથી બચાવે છે. હાડકાં બરડ બનતાં અટકે છે.

### પાચનતંત્રને સુધારવામાં મદદરૂપ :

પાપડીમાં ફાઈબરની માત્રા ભરપૂર પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી તેનો આહારમાં ઉપયોગ કરવાથી પાચનક્રિયામાં સુધારો જોવા મળે છે. જેને કારણે વ્યક્તિ શરીરમાં હળવાશ અનુભવે છે.

શરીરમાં ચરબીનો ભરાવો થતો અટકે છે. જેને કારણે વજન નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

### ઍનિમિયાની તકલીફથી બચાવ

સુરતી કૂણી પાપડીનો આહારમાં ઉપયોગ કરવાથી શરીર શક્તિવર્ધક બને છે. સુરતી પાપડીમાં આયર્નની માત્રા ભરપૂર હોય છે. જે લોહીમાં હિમોગ્લોબીનની માત્રા વધારવામાં મદદ કરે છે.

આયર્નયુક્ત આહાર લેવાથી શરીરમાં રક્તપ્રવાહ સુચારુ રીતે થાય છે. ઍનિમિયાની તકલીફથી બચી શકાય છે. ઍનિમિયાની તકલીફ ધરાવતી વ્યક્તિ થોડું કામ કરવાથી થાકનો અનુભવ કરે છે. નબળાઈ આવવા લાગે છે. તેનું મુખ્ય કારણ તેના લોહીમાં હિમોગ્લોબીનની માત્રા હોવી જોઈએ તેનાથી ઓછી હોય છે. હિમોગ્લોબીનની માત્રા લોહીમાં જળવાઈ રહે તે મહત્ત્વનું છે. સુરતી પાપડીમાં પ્રોટીન તથા વિટામિન બીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જેથી પાપડીનું સેવન કરવાથી શરીરમાં અશક્તિ રહેતી નથી.

### ત્વચા સંબંધિત સમસ્યામાં લાભકારી

શિયાળો શરૂ થાય તેની સાથે ત્વચા સૂકી પડી જતી હોય છે. વારંવાર ખંજવાળ આવવી કે લાલ બની જવી જેવી સમસ્યા સતાવતી હોય છે. સુરતી પાપડીનું સેવન કરવાથી ત્વચા સંબંધિત સમસ્યાથી બચી શકાય છે. કેમ કે સુરતી પાપડીમાં વિટામિન બી-૬ પૈનથાનિક ઍસિડ તથા નિયાસિન જોવા મળે છે. લીલી કૂણી વાલોળ-સુરતી પાપડીનું સેવન શરીર માટે અત્યંત ઉપયોગી ગણાય છે. મોસમમાં બદલાવને કારણે દેખાતાં સોજાને ઘટાડવામાં મદદ કરે છે.

### વજનને નિયંત્રણમાં રાખવામાં ઉપયોગી


વજનને નિયંત્રણમાં રાખવામાં પાપડીનો ઉપયોગ અત્યંત લાભકારી ગણાય છે. કમર કે સાથળની આસપાસ સતત બેઠાળું જીવનશૈલીને કારણે ઉપર ચરબીનો ઘેરાવો વધતો જાય છે. તેનાથી છૂટકારો મેળવવો હોય તેમણે તાજીતાજી સુરતી પાપડીનું સેવન કરવું હિતાવહ છે.

### પાપડી વિશે અવનવું

પાપડીનો પાક ટૂંકાગાળાની ખેતીનો ગણાય છે. વાવણી બાદ ફક્ત બે મહિના જ પાપડીનો પાક મળે છે. પાપડીની ખેતીમાં પાણીની વધુ જરૂર પડતી નથી. પાપડીનો પાક વરસાદના પાણી થકી જ વધુ ઊતરે છે. જેને કારણે તેમાં ખાસ પ્રકારની મીઠાશ જોવા મળે છે. પાપડીનો પાક રોજેરોજ ઉતારવો જરૂરી છે. પાપડીની ખેતી કરતાં ખેડૂતોનું કહેવું છે કે શિયાળમાં પાપડીનો પાક સરેરાશ ૨૦ કિલો જેટલો ઊતરે છે. શિયાળામાં જેમ ઠંડીનું પ્રમાણ વધે તેમ પાપડીનું ઉત્પાદન વધી જાય છે. હાલમાં તો પાપડીની ઑર્ગેનિક ખેતીનું પ્રમાણ વધતું જોવા મળે છે. મોટે ભાગે ભાઠા ગામની પાપડીનો પાક લેતાં ખેડૂતો પાપડીની મીઠાશ જાળવી રાખવા માટે કોઈપણ પ્રકારના કૅમિકલનો ઉપયોગ કરતાં નથી. સામાન્ય દિવસોમાં પાપડીનો ભાવ એક કિલોના રૂા. ૧૬૦ જોવા મળે છે. જેમ જેમ ડિસેમ્બર મહિનો શરૂ થાય, ઉત્તરાયણ નજીક આવવા લાગે તેમ પાપડી કિલોના રૂા. ૨૦૦ ના ભાવે વેચાતી હોય છે. પાપડીને તાજી રાખવા માટે તેને કાપડની થેલીમાં પૅક કરવામાં આવે છે. પાપડીના રસિયાઓ પાપડીનો વર્ષભર સ્વાદ માણવા તેને ફ્રિઝમાં સાચવી રાખે છે. ઊંધિયું ગુજરાતમાં વિવિધ પ્રકારે થતું જોવા મળે છે. સૌરાષ્ટ્રમાં લાલ ઊંધિયું બને છે. જો થોડું રસાવાળું હોય છે. સુરતમાં લીલું ઊંધિયું બનાવવામાં આવે છે.

## સુરતી પાપડીથી બનતું લીલું ઊંધિયું

### (૩-૪ વ્યક્તિ માટે)



૨૫૦ ગ્રામ સુરતી પાપડી, ૧૦૦ ગ્રામ નાના રિંગણ, ૧૦૦ ગ્રામ નાની બટાટી, ૧૦૦ ગ્રામ શક્કરિયાં, ૧૦૦ ગ્રામ સૂરણ, ૧૦૦ ગ્રામ રતાળું, ૧૦૦ ગ્રામ તુવેરના દાણા, ૧૦૦ ગ્રામ વટાણા, ૧ નાની વાટકી મેથીની ભાજી ઝીણી સમારેલી, ૨ નંગ પાકા કેળાં, ૧ નાની વાટકી લીલું લસણ ઝીણું સમારેલું ૨૦૦ ગ્રામ છીણેલું લીલું કોપરૂ , ૧ નાની વાટકી શેકેલાં શીગદાણાનો ભૂકો, ૨ મોટી વાટકી તાજી કોથમીર ઝીણી સમારેલી, ૨ મોટી ચમચી આદું-મરચાં લસણની પેસ્ટ, ૧ મોટી ચમચી અજમો, ૨ ચમચી તલ, ૧ નાની ચમચી હિંગ, ૨ ચમચી ધાણાજીરું, ૧ ચમચી લાલ મરચું, ૧ મોટી ચમચી તલ, ૧ ચમચી ગરમ મસાલો, સ્વાદાનુસાર ખાંડ, સ્વાદાનુસાર મીઠું, ૨ ચમચી લીંબુનો રસ, ૧ મોટી વાટકી તેલ,

**મુઠિયાં બનાવવા માટે :** ૧ કપ ચણાનો લોટ, અડધો કપ જુવારનો લોટ, અડધો કપ ઘઉંનો જાડો લોટ, ૧ મોટી વાટકી મેથીની ભાજી ઝીણી સમારેલી, ૧ ચમચી આદું-મરચાંની પેસ્ટ, ૧ મોટી ચમચી દહીં, ૧ ચમચી તલ, ૧ ચમચી ખાંડ, સ્વાદાનુસાર મીઠું, ૧ નાની ચમચી અજમો, ૧ નાની ચમચી મરી પાઉડર, ૨ મોટી ચમચી તેલ.

**ઊંધિયું બનાવવાની રીત :** સૌ પ્રથમ કૂણી પાપડીને ચૂંટી લેવી. એક કડાઈમાં તેલ લઈને તેમાં બટાકી, સૂરણ, રતાળું, રિંગણ વગેરેને તળી લેવાં. ત્યારબાદ તેમાં અજમાથી વઘાર કરવો. હિંગ, મેથીની ભાજીથી સાંતળવી. તુવેરના દાણા, પાપડી ગોઠવીને એક કપ ગરમ પાણી ઉમેરવું. આંચ ધીમી રાખવી. તાજા કોપરાંના છીણમાં કોથમીર, આદું મરચાં-લસણની પેસ્ટ ઉમેરવી. લીલાં વટાણા, મીઠું-તલ-ખાંડ-લીંબુનો રસ-સ્વાદાનુસાર મીઠું વગેરે ભેળવીને મિશ્રણ તૈયાર કરવું. એક બાઉલમાં થોડો મસાલો લઈને તળેલી બટાકીમાં ભરવો, રિંગણમાં ભરવો, સૂરણ, શક્કરીયાં, રતાળુને મસાલામાં રગદોળીને પાપડીમાં ભેળવવું. આંચ ધીમી રાખવી.

મુઠિયાં બનાવવા માટે એક કથરોટમાં બંને લોટ લઈને તેમાં મેથીની ભાજી, તલ, મરીનો પાઉડર, આદું-મરચાં-લસણની પેસ્ટ, ખાંડ, અજમો, દહીં તથા તેલનું મોણ ભેળવવું. બરાબર ભેળવીને નાના મુઠિયાં વાળી લેવાં. તેને કૂકરમાં ૨ સિટી વાગે ત્યાં સુધી પકાવવા. તેલમાં મુઠિયાને ધીમા તાપે સોનેરી બને ત્યાં સુધી તળી લેવાં.

કડાઈમાં ગોઠવેલું શાક ચડી જાય ત્યારબાદ મુઠિયા, કાચા કેળામાં લીલો મસાલો ભરીને ગોઠવવાં. વધેલો લીલો મસાલો ભભરાવીને થોડી વાર સિઝવવું.

ગરમા-ગરમ ઊંધિયાને લીલો મસાલો ભભરાવીને પૂરી કે પરાઠા સાથે ખાવાની અચૂક મજા આવશે.

### હૃદયની તંદુરસ્તીની ખાસ મિત્ર ગણાય છે

લીલાં શાકભાજીમાં ચરબીની માત્રા હોતી નથી. જેથી તેનું સેવન કરવાથી હૃદયની તંદુરસ્તી જળવાઈ રહે છે. સુરતી પાપડીમાં ભરપૂર પ્રમાણમાં મેગ્નેશિયમ, પોટેશિયમ સમાયેલું હોય છે. જે હાઈ બ્લડપ્રેશરથી બચાવે છે. નિષ્ણાત આહાર તજજ્ઞોનું માનવું છે કે વિટામિન બી-યુક્ત આહાર હૃદયની તંદુરસ્તી માટે ગુણકારી ગણાય છે.

સુરતી પાપડીમાં વિટામિન બીની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. વિટામિન બી હૃદય રોગના ખતરાથી બચાવે છે.

ઉચ્ચ રક્તચાપની અસર હૃદયની તંદુરસ્તી ઉપર દેખાય છે. હૃદયરોગનો હુમલો થવાની શક્યતા વધી જતી હોય છે. હૃદયરોગની સમસ્યાથી બચવું હોય તેમણે ખાસ શિયાળામાં મળતાં શાકભાજીનું તેમજ સુરતી પાપડીનું સેવન મનભરીને કરી લેવું હિતાવહ છે. ■

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ડેન્ગ્યૂ શું છે?


## અચાનક પજવતી આ બીમારી ડેન્ગ્યૂ વિશે જાણી લો...

**ડેન્ગ્યૂનાં લક્ષણઃ**

* માથામાં દુઃખાવો, શરીરમાં કળતર, બેચેની તથા અશક્તિ થવી, સ્નાયુ અને સાંધાઓમાં દુઃખાવો થવો, આંખો દુઃખવી, ઊલટી, ઉબકા આવવા.
* પેટમાં દુઃખાવો થવો અને ઝાડા થવા.
* ચામડી ઉપર લાલાશ પડતા ટપકાંવાળા રેસા થવા.
* ડેન્ગ્યૂ થવાનાં વિવિધ કારણ :
* ડેન્ગ્યૂના વાઈરસનો ચેપ લાગેલું મચ્છર જ્યારે વ્યક્તિને કરડે ત્યારે ડેન્ગ્યુનો તાવ આવે છે.

**ડેન્ગ્યૂમાં આહારઃ**

* સાતથી દસ દિવસ સુધી અનાજ બંધ કરી માત્ર ફ્રૂટજ્યૂસ, લીંબુ અને નાળિયેરનું પાણી વગેરે પ્રવાહી પર જ રહેવું.
* પપૈયું અને પપૈયાના પાનનો જ્યૂસ આ રોગનો અકસીર ઈલાજ છે.
* બાફેલી વસ્તુ, લીલા શાકભાજી અને ફ્રૂટ લેવા.
* ગળ્યાં, તળેલાં, ખાટાં અને તીખા પદાર્થો ન લેવા.



**સાવધાની**

* ડેન્ગ્યૂનો ફેલાવો કરતા મચ્છરો વધુ પ્રમાણમાં સ્વચ્છ પાણીમાં જ રહેતા હોય છે. માટે પાણી ભરેલાં વાસણો, ટાંકી, કૂંડાં વગેરે ખુલ્લાં ન રાખવાં.
* ડેન્ગ્યૂના દર્દીએ સંપૂર્ણપણે પથારીમાં આરામ કરવો. જેથી બીમારી વધુ ગંભીર થતી અટકાવી શકાય.
* ડેન્ગ્યૂના દર્દીને સમૂહમાં ન રાખતા અલગ રાખવો.
* દર્દીએ તથા પરિવારના અન્ય સભ્યોએ મચ્છરથી દૂર રહેવું. જેથી ડેન્ગ્યૂનો ચેપ બીજાને ન લાગે.
* શક્ય હોય તેટલું ઠંડા વાતાવરણમાં રહેવું. કેમ જે, એવા વાતાવરણમાં મચ્છરો ઓછા હોય છે.
* ડેન્ગ્યૂના મચ્છરો રાત્રિ કરતાં દિવસે, પરોઢીએ તથા સંધ્યા સમયે વધારે હોય છે. તેથી તે સમયે બહાર ઓછું રહેવું.

**ડેન્ગ્યૂના ઉપચાર :**

અડધો કપ પપૈયાના પાનનો રસ કાઢી કપડાથી ગાળીને પીવો.

૧ કપ પાણીમાં અડધી ચમચી મેથીના દાણા નાખીને અડધો કપ પાણી રહે ત્યાં સુધી ઉકાળીને ગાળી લેવું. આવું પાણી દિવસમાં ૩ વાર પીવું.

લીમડાના પાનના રસમાં ૧ ગ્રામ મરીનું ચૂર્ણ મેળવી સવાર-સાંજ પીવું.

૨ કપ પાણીમાં તુલસીના ૨૦ પાન તથા ૫ નંગ મરી ૫ મિનિટ સુધી ઉકાળી, તેને ગાળી દિવસમાં બે વાર પીવું અથવા તુલસીના પાનને ચાવવાથી પણ ડેન્ગ્યૂની ગરમી ઘટે છે.

૨૦ ગ્રામ કડુ, ૨૦ ગ્રામ કરિયાતું અને ૧ ચમચી ખાંડેલા મરી ૧ કપ પાણીમાં ઉકાળીને ગાળીને દિવસમાં ૨ વાર સવાર-સાંજ પીવું.

### હવે વાત કરીએ કમળાની ...

આયુર્વેદની દૃષ્ટિએ કમળો એ પિત્તદોષની વિકૃતિ છે. સામાન્ય રીતે લિવર જ બિલિરૂબિન (એક પ્રકારનું પિત્ત)ને લોહીમાંથી મળ કે પેશાબ દ્વારે બહાર કાઢી નાખે છે, પરંતુ કમળા દરમ્યાન બિલિરૂબિન લોહીની અંદર જ રહે છે, તેથી ચામડીનો રંગ પીળાશવાળો થઈ જાય છે.

**કમળાનાં લક્ષણઃ**

* આંખો તથા શરીરની ચામડીનો રંગ પીળાશ પડતો થવો.
* જમ્યા પછી ઊલટી-ઉબકા થવા, પેટમાં દુઃખાવો થવો.
* પેશાબ ઘાટો પીળો થવો અને ઝાડો આછા સફેદ રંગનો થવો.
* અશક્તિ-કમજોરી રહેવી.
* તાવ આવવો, શરીર તૂટવું તથા શરીર પર ખંજવાળ આવવી.
* કમળા થવાનાં કારણઃ
* હીપેટાઈટીસ- A,B,C,D અથવા E -.....

**કમળા થવાનાં કારણઃ**

* હીપેટાઈટીસ- A,B,C,D અથવા E - વાઈરસના ચેપથી.
* દારૂના વ્યસનથી, યકૃત પર સોજો આવવાથી.
* પિત્તાશયની પથરી થવાથી અથવા પિત્તવર્ધક આહાર-વિહારથી.

**કમળામાં આહારઃ**

* શરૂઆતમાં હલકો ખોરાક લેવો. તેમાં પણ શક્ય હોય તેટલાં પ્રવાહી ખોરાક વધુ લેવાં. જેથી આંતરડાને આરામ મળે.
* મેંદાની વાનગીઓ, ગળ્યા તથા તેલ-ઘી યુક્ત પદાર્થોનો સદંતર ત્યાગ રાખવો.
* ફ્રૂટજ્યૂસ (ગાજર, બીટ વગેરે), મગનું ઓસામણ, સૂપ, નાળિયેરનું પાણી વગેરે લઈ શકાય. વધુ પ્રમાણમાં લીલા શાકભાજી અને તાંદળજાની ભાજી આહારમાં લેવી. જેથી લોહી શુદ્ધ થાય.



* રોજ સવારે થોડું મીઠું અને મરી નાખીને ૧ કપ ટમેટાનો જ્યૂસ પીવો.
* શેકેલા દળિયા રોજ ગોળ કે એકલા જમવા.
* દહીં અને છાશ લઈ શકાય, પરંતુ દૂધનો બને ત્યાં સુધી ત્યાગ રાખવો.
* તાવમાંથી રાહત થયા બાદ ધીરે-ધીરે દહીં-ભાત જેવો હળવો ખોરાક લેવાનું શરૂ કરવું.

**સાવધાનીઃ**

* દર્દીએ ખાસ સંપૂર્ણ આરામ કરવો. ભૂલેય કોઈ પણ શારીરિક કે માનસિક શ્રમ કરવો નહિ. થોડોઘણો શ્રમ કરવાથી પણ દવાની કાંઈ અસર થતી નથી.

**ઉપચારઃ**

૧) સૂર્યોદય પહેલાં પાકેલાં ૨ કેળાં ૨ ચમચી મધ સાથે લેવાથી કમળામાં ખૂબ જ રાહત થાય છે.

૨) શેરડીને ઝાકળમાં રાખી સવારે તેને ચૂસીને ખાવી.

૩) રોજ સવારે લીંબુની ચીર ઉપર ખાવાનો સોડા નાખીને ચૂસવી.

૪) આદુનો રસ ને ગોળ ભેગા કરીને ખાવા.

૫) મધ સાથે ગાજરનો રસ પીવો.

૬) સૂંઠ અને ગોળ ભેગા કરીને ખાવાથી કમળામાં રાહત થાય છે.

૭) ૧૦૦થી ૨૦૦ ગ્રામ દહીંમાં ૨થી ૪ ગ્રામ પાપડખાર મેળવીને વહેલી સવારે નરણે કોઠે લેવાથી ૩ દિવસમાં કમળામાં રાહત થાય છે.

૮) અડધો કપ તાંદળજાની ભાજીના રસમાં ૧ ચમચી સાકર નાખીને સવાર-સાંજ પીવો.

૯) ૫૦ ગ્રામ દહીંમાં ૫ ગ્રામ હળદરનું ચૂર્ણ મેળવીને ખાવું.

૧૦) સવારમાં નરણે કોઠે ૨ ચમચી મધ તથા લીમડાના પાનનો રસ પીવો.

૧૧) દોઢ ગ્રામ સાજીખારની ભૂક્કી, ૧૦ ગ્રામ ગોળમાં મેળવીને રોજ સવાર-સાંજ ખાવી.

૧૨) ૫-૭ પીપળાના પાનને વાટીને રસ કાઢીને તેમાં ૧ ગ્લાસ પાણી અને સાકર ઉમેરી સવાર-સાંજ પીવું. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# જાણો, દંડ ધૌતિના ફાયદા

**પ્રાચીન પદ્ધતિઃ** દંડ ધૌતિનું જે વર્ણન પ્રાચીન યૌગિક ગ્રંથોમાં મળે છે, તે પ્રમાણમાં કઠિન છે. તેમાં વડની પાતળી સોટી કે કેળના પાનની વચલી સોટી લઇ તેના એક છેડાને દાતણની જેમ ચાવીને તૈયાર કરવામાં આવે છે. પછી આ છેડાને મુખથી અન્નનળીમાં નાખી હોજરી સુધી પહોંચાડવામાં આવે છે. પછી આ દંડનું ચાલન કરી હોજરીને સાફ કરવામાં આવે છે.

અર્વાચીન પદ્ધતિ :

૧. લગભગ કનિષ્ઠકા આંગળી જેટલી જાડી. અંદરથી પોલી અઢી ફૂટ લાંબી, રબ્બરની નળી લો. નળીના બંને છેડા સારી રીતે ગોળાકાર ઘસેલાં હોય તે આવશ્યક છે. જેથી શરીરના કોઇ ભાગને ઇજા ન થાય. રબ્બર સારી જાતનું અને પ્રમાણમાં મુલાયમ હોય તે આવશ્યક છે.

૨. ઉપયોગ કરતાં પહેલાં દરેક વખતે નળીને ગરમ પાણીમાં ઉકાળી સ્વચ્છ કરવી.

૩. નળીનો એક છેડો મુખમાં નાખી ગળામાંથી પસાર કરી અન્નનળીમાં જવા દો. તેને હોજરી સુધી પહોંચાડો. બીજો છેડો હાથમાં રાખો. ગળાની અંદર નાખતી વખતે પ્રારંભમાં કોળિયો ઉતારતા હોઇએ તેવી ક્રિયા કરવાથી સરળતા રહેશે. પ્રારંભમાં તકલીફ પડશે, પરંતુ અભ્યાસથી આ ક્રિયા હસ્તગત કરી શકાય છે.

૪. નળી હોજરી સુધી, અંદર નાખવાની ક્રિયા હસ્તગત થાય. પછી દંડધૌતિનો ખરો અભ્યાસ શરૂ થશે.

૫. તપેલામાં સ્વચ્છ, નવસેકું ગરમ પાણી લો. તેમાં થોડું મીઠું ઉમેરો.

૬. ઊભડક પગે બેસી આશરે ત્રણ-ચાર પ્યાલામાં પાણી ઝડપથી પીઓ.

૭. પછી તુરત ઊભા થઇને, રબ્બરની નળી હોજરી સુધી પહોંચે તેમ અંદર નાખો.

૮. નળી અંદર પહોંચી જાય પછી કમરથી વળી આગળ નમો. બંને પગ પહોળા રાખો. શ્વાસ અંદર લો. પેટ અંદર દબાવો. પાણીનો પ્રવાહ નળીમાંથી બહાર આવવા માંડશે. આ પ્રવાહ ચાલુ થાય પછી હલનચલન ન કરવું. પાણી એક ધારું વહેવા દો. પાણીનો પ્રવાહ બંધ થઇ જાય તો નળીને થોડી વધારે અંદર નાખો. ફરીથી શ્વાસ અંદર ભરી પેટ અંદર દબાવો. પાણીનો પ્રવાહ ચાલુ થશે, પાણીનો પ્રવાહ બહાર વહેતો ચાલુ થાય પછી શ્વાસ રોકી રાખવાની જરૂર નથી. શ્વાસોશ્વાસ સામાન્ય ગતિથી ચાલશે.

૯. આ રીતે બધું પાણી બહાર નીકળી જાય તેવો પ્રયત્ન કરો.

૧૦. પછી નળી બહાર કાઢી લો. નળી બહાર કાઢતાં તેની સાથે હોજરીમાંથી ચીકણો પ્રવાહી બહાર આવશે તેને બહાર નીકળવા દો.

૪. વિશેષ નોંધ :

૧. આ ક્રિયા દરમિયાન નીચા નમી નળીનો બહારનો છેડો એવી રીતે પકડી રાખો કે જેથી આ બહારનો છેડો હોજરી કરતાં નીચે રહે.

૨. આ ક્રિયા ખાલી પેટે જ કરવી જોઇએ.

૩. નળી અંદર દાખલ કરવાની કળા હસ્તગત ન થાય ત્યાં સુધી પાણી પીવાનો પ્રારંભ ન કરવો.

૪. બધું પાણી બહાર નીકળી જાય તો ઉત્તમ, પરંતુ તેમ ન થાય અને થોડું પાણી અંદર રહી જાય તો ચિંતા ન કરવી.

૫. પાણીમાં મીઠું બહુ ન નાખવું.

૬. શરીર તથા નળીની અવસ્થા બરાબર હોવા છતાં પાણી બહાર ન આવે કે અટકી જાય તો નળીને થોડી અંદર બહાર કરો. પાણીનો પ્રવાહ ચાલુ થઇ જશે. ઘણીવાર કફને કારણે નળીનો માર્ગ બંધ થઇ જવાથી આમ બને છે.

૭. પ્રારંભમાં અને અંતે નળી ગરમ પાણીથી બરાબર સાફ કરવી અને સાફ જગ્યાએ રાખવી.

૫. દંડધૌતિથી શું થાય છે ?

૧. અતિરિક્ત કફ અને પિત્તને બહાર કાઢી શરીરનું ધાતુ સામ્ય જાળવી રાખવામાં ઉપયોગી છે.

૨. હોજરીમાં જમા થયેલ દૂષિત દ્રવ્યો બહાર કાઢી હોજરીને સ્વચ્છ રાખે છે.

૩. શરદી, અસ્થમા, એસીટીડી જેવી બીમારીઓમાં રાહત આપે છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા

# બહાર ખાવાથી બચો...



આધુનિક સમયમાં કેમિકલનો વપરાશ અતિભારે પ્રમાણમાં વધ્યો છે. સહજ જીવન જીવવું મુશ્કેલ બની રહ્યું છે કારણ લગભગ બધાજ બાહ્ય ખાદ્ય-પદાર્થમાં ટોકસીક કેમિકલ (ઝેરી રસાયણ)નો ઉપયોગ વધુ થઈ રહ્યો છે. જેના કારણે બીમારીઓ વધી રહી છે. આજના સમયમાં લગભગ નવી પેઢીએ કામકાજી પેઢી છે જે બાહ્ય ખાદ્ય-પદાર્થ પર વધારે નિર્ભર છે.

પેકેટ ફૂડનો વધુ ઉપયોગ થાય છે. બાહ્ય ખાદ્ય-પદાર્થને ટકાવવા એટલે કે સેલ્ફ લાઈફ વધારવા માટે તેનો દેખાવ વધારવા કે ટેસ્ટને ટકાવવા માટે કેમિકલનો વધુ ઉપયોગ થાય છે. જેથી કરીને લોકોના શારીરિક, માનસિક અને આર્થિક રીતે અસરો દેખાવા લાગી છે. જેની ઊંડી અસર પડી છે એટલે કે પહેલા શરીરને નુકસાન થાય, પછી માનસ પર અસર પડે અને આર્થિક નુકસાન વેઠવો પડે છે.

ખાદ્ય-પદાર્થમાં રસાયણોના ઉપયોગના કારણે પાચન તંત્ર પર સૌથી પહેલી અસર દેખાય છે. તેમાં કબજિયાત, અગ્નિમાંધ, અપચો, ગેસ, ઝાડા, ઉલ્ટીથી શરૂઆત થાય છે. ત્યારબાદ, વજન વધવું કે ઘટવુંની સમસ્યા ત્યારબાદ અન્ય ઘાતક રોગોની શરૂઆત થાય છે. મિનરલ્સની ઓછપ, વિટામિનનું બગડવું, ડાયાબિટીસ, હૃદયની બીમારી, કિડનીની વ્યાધિઓ વગેરે.

પ્રોસેસ કરેલા ખાદ્ય-પદાર્થ જે વધુને વધુ ગરમ થાય ત્યારે તેમાં કાર્બોસીમેથીલીન અને કાર્બોસીએથીલીન જેવાં ઝેરી તત્ત્વ વધી જાય જેના કારણે શરીરમાં ગ્લેકસોલ જેવા પદાર્થ પેદા થાય જેના કારણે એન્ડવાસ ગ્લાયેકન એન્ડ પ્રોડક્સન A. G. E.□વધી જાય (એટલે શરીરમાં ખરાબ પ્રકારનું ગ્લુકોઝ વધી જાય. ઈન્સ્યુલિનની સમસ્યા પેદા થાય અને ડાયાબિટીસની વ્યાધિ શરૂ થઈ જાય.

દૂધને જ્યારે ઉકાળીને ખૂબ જ ઘાટું કરવામાં આવે ત્યારે તેમાં સાકર નાખવામાં આવે ત્યારે હજુ વધુ ઘાટું થતાં કાર્બોસી જેવાં પદાર્થ અંદર પ્રમાણમાં ભેગા થાય અને શરીરમાં ચરબી (સફેદ ફેટ) ખરાબ થાય અને અવયવને નુકસાન થાય વજન વધવા માંડે છે. સાકર વધુ ગરમ થતાં તે કાર્બન છોડે છે. દૂધને કે માવાને ટકાવી રાખવા માટે ફોર્માલ્ડીહાઈડનો ઉપયોગ થાય છે.

ચહાને ટકાવવા કે સ્વાદ વધારવા માટે ફરફયુરાલ, ટેનિન એસિડ, ટેનીક એસિડ, કોકવા, કેફેન જેવા પદાર્થ નાખીને બનાવાય છે જે શરીર માટે ઝેરી છે અને નશાકારક છે જેના કારણે બ્લડપ્રેશર વધી જાય છે. ક્રીએટીનાઈન વધી જતાં ડાયાલિસિસ કરાવું પડે છે.

જામ, સોસ, ચીલીસોસ, સોયાસોસ, કેચપ, અથાણાં, ચટણીઓ બનાવવા માટે એસેટીક એસિડ, સોડિયમ બેન્ઝાઈટ, કેમિકલવાળા નમક, સ્ટેબીલાઈઝર (જે એક પ્રકારનું ઘાટું કરવાનું સોડિયમ છે) કલર માટે પણ એમરથ, વુલગ્રીન, સનસેટ યલો જેવા રસાયણ યુક્ત કલર નાખવામાં આવે છે જેના કારણે થાઈરોઈડ જેવી બીમારી તો નક્કી જ છે. યુરિક એસિડ વધી જાય, ચયાપચનની નાડી પર સોજો આવતા કેલ્શિયમ ખોરવાઈ જાય અને થાઈરોઈડ ગ્રંથિ પર સોજો આવે. સાથે સાથે વાળ વધુ ખરવા લાગે છે.

થાઈરોઈડ દવા જે કેમિકલથી જ બને છે તે લાંબો સમય લેવાને કારણે વોટરરીટેશન થાય (શરીરમાં પાણી ભરાય) શરીરમાં વિટામિન ડીની ઓછપ થાય, શરીર ફૂલવા લાગે છે. યાદશક્તિ બગડી જાય છે. ઘણીવાર ગોઈટર જેવી બીમારી થાય જેના કારણે આંખના ડોળા બહાર તરફ ધકેલાય છે. બ્રેડ, બિસ્કીટ, કેક, બ્રાઉની, ખારી, ટોસ બનાવવામાં હાઈડ્રોજનેટ ઘી (નકલી ઘી) માર્ગરીન વપરાય છે. ઈમ્લસીફાયર વપરાય છે જે સો નંબરથી પાંચસો નંબરના છે જે પેકેટ પર લખેલા હોય છે તે બધા જ કેમિકલ છે.

આ બધાને કારણે શરીરમાં સોડિયમનું પ્રમાણ વધી જાય તેમજ સાકરનું પ્રમાણ પણ વધી જાય છે. આ.બી.એસ. આંતરડા પર સોજા, આંખમાં મોતિયો, હાડકામાં દુખાવો, ગેસ વધુ થવો જેવી સમસ્યા થાય છે.

મીઠાઈઓમાં કલર વધુ નાખવામાં આવે છે. આઈસક્રીમમાં તો કેમિકલના જમાવડો જ છે. તે દૂધથી નહિ નકલી ઘીથી જ બને છે. આઈસક્રીમમાં નાખવામાં આવતાં રસાયણો મોટું લિસ્ટ છે. મીઠાઈ પણ નકલી ઘી અને રિફાઈન્ડ તેલથી બને છે. રિફાઈન્ડ તેલમાં કોઈ રંગ કે વાસ હોતી નથી તેથી તેનો ઉપયોગ મીઠાઈ બનાવવામાં થઈ રહ્યો છે. તેલને રિફાઈન્ડ કરતી વખતે લગભગ દસથી પંદર પ્રકારના કેમિકલ નાખવામાં આવે છે. જેના કારણે સંધિવાત, કે હાડકાં વળવા, ઓસ્ટીયોપોરોસીસ, વિટામિન ડીની ઊણપ થવી તેમજ હાડકાંમાં કેલ્શિયમ ઘટી જવું, કમરમાં દુખાવો, ગોઠણમાં દુખાવો થવો. શ્વાસ લેવામાં મુશ્કેલી, ફેટી લીવર જેવી વ્યાધિઓ થાય છે. નકલી ઘીના કારણે ટીબી જેવી બીમારી પણ થઈ શકે.

કોલ્ડડ્રીંક અને ચાઈનીઝ પદાર્થમાં રંગનો વધુ ઉપયોગ થાય છે. તેમજ સોડિયમ અને પ્રિઝર્વેટીવના કારણે હાડકાં પોચા પડી જાય છે. શરીર એનિમીક થતું જાય છે. ચામડી પર લાલ ધાબા થઈ જાય છે.

કુરકુરે, ચીપ્સ, ફ્રાયમ જેવી ખાદ્ય-પદાર્થની વસ્તુઓમાં સોડિયમનું પ્રમાણ ખૂબ જ ઊંચું હોય છે, જેથી વારંવાર ખાવાનું મન થાય છે. આના કારણે સોરાસીસ જેવી તકલીફ થાય છે. જે ઘણીયે દવા કરવાથી મટતો નથી.

હોટલો, લારી કે ધાબા પર રિફાઈન્ડતેલ ખાવાનું ટકાવી રાખવા માટે મોટા પ્રમાણ કેમિકલ નંખાય છે. ફ્રીઝરમાં તે કડક ન થાય તે માટે પણ કેમિકલ વાપરે છે. જેના કારણે ફૂડ પોઈઝનિંગ થાય છે. પ્રેશર વધી જાય, એસિડીટી થાય છે.

કેમિકલ, પ્રિઝર્વેટીવ કે લાંબી પ્રોસેસના કારણે ફૂડની સેલ્ફલાઈફ તો વધે છે પણ તે શરીરમાં જતાં કાર્બન વધુ છોડે છે. શરીરનાં અવયવોને હાનિ પહોંચાડે છે. શરીરને બીમારીથી ગ્રસ્ત બનાવે છે તેની માટે દવાનો ઉપયોગ વધુ થઈ રહ્યો છે. દવાની સાઈડ ઈફેક્ટના કારણે બીજી વધુ બીમારીઓ થાય છે. એલોપથી દવા ડીઝલ, પેટ્રોલ, નાફતા ફીનોલ હેમજીન જેવી પેટ્રોલિયમ પદાર્થથી જ બને છે. કેમિકલના લિસ્ટની ખૂબ જ લાંબી યાદી છે.

સ્વસ્થ રહેવા માટે કામકાજી જીવનને સુગમ બનાવવા માટે ભોજનનું આયોજન કરો કે બાહ્ય પદાર્થથી બચી શકાય. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# બોલો શું વિચાર્યું... કાલે કાપશો કે આપશો?




'ચલી ચલી રે પતંગ મેરી ચલી રે' જેવાં લાડકા ગીત અને 'એઈઈઇ કાઈપો છે...એ પકડ્યો. એ લૂંટ્યો' જેવા પ્રચંડ હર્ષનાદોથી કાલે આખું નભમંડળ ઝૂમી ઉઠશે. કુરુક્ષેત્રના મેદાનની જેમ આકાશમાં પતંગો વચ્ચે સટાસટીના ખેલ ખેલાશે ને એકબીજાને પાડવા-પછાડવાની રમત રમાશે.

આપણે અહીં જેમ ચંબુ, ચંપક, જયંતીલાલ કે આશિષ જેવા અનેક નામ ધારણ કરી પૃથ્વી પર વિહરીએ છીએ એમ તુક્કલ, ભોડીદાર, શીશો, ઘેશીયો નામના પતંગો આકાશમાં વિહરશે. આપણે જેમ ઉપરથી નીચે આવી ચગી જઈએ છીએ એમ ધરતી પરથી ઉપડી પતંગો ઉપર જઈને ચગશે.

મને દુઃખ એ છે કે એ જ પતંગો ઉપર ચગ્યા પછી એકબીજાને કાપવાની તૈયારી કરશે. એ ભૂલી જશે કે આપણે એક જ દુકાનમાં લોકલ ટ્રેનના પ્રવાસીની જેમ એકબીજાને વળગીને કેવા સાથે હતા...!

હવે તમે મા અંબેના સોગંદ ખાઈને કહેજો જીવનમાં પોતાની પતંગ ગમે તેટલી સુંદર હોય તો પણ આપણી નજર બીજાના પતંગ પર જાય છે કે નઈ? સાલુ ઘરમાં દહીંવડા ટેસ્ટી બનતા હોય તોયે બહારની ઉપમા ઉપર લાળ પાડો છો કે નઈ? હા પાડોને યાર, ડોન્ટ બી શાય. હું ક્યાં જોવા આવવાનો છું. એવું લાગે તો તમારે તમારી ફાઈલ નઈ ખોલવાની બસ?

અરે,ગઈ સાલ બન્યુ એવું કે પોતાના ધાબા પરથી ચંબુની નજર મારા ધાબાના પતંગ પર ચોંટી ને બોરીવલીથી દાદર જેટલું લાંબુ સરી પડ્યું 'વાઆઆઉઉઉ વ્હોટ એ બ્યુટીઈઈઈ.'

'એ બ્યુટીની સગલી ચુ...પ... એકદમ ચુપ' તુર્ત જ મારી છટકી ને ભડકેલી ને હટેલી ખોપરીએ બૂમ મારીઃ 'એ ટોપા, તું તારી તુક્કલ સંભાળ, ખબરદાર જો મારા પતંગ પર જરા જેટલો નાનકડો પણ ડોળો નાખ્યો તો ડોળો કાઢી હાથમાં આપી દઈશ. સમજ્યો? પછી રમ્યા કરજે આખી જિંદગી એ ડોળાથી...'

'અરે, પણ આ પતંગ તો...'

'અરે ચુપ, બિલકુલ ચુપ હજી મારો ક્રોધાગ્ની શાંત નથી પડ્યો. કાતિલ ઠંડીમાં પણ હું અંદરથી ગરમ થઈ ગયો છું. મારી આંખોમાં ડોળા ફાડીને જો. જોયું? પૃથ્વીના ગોળા પર ભારતના નકશા જેવી જે લાલ ટસરો દેખાય છે એ મારામાં પ્રગટેલા ક્રોધની છે. ને એ ક્રોધની અવિરત વાણી હજી ચાલુ જ છે. સમજ્યો? કાન ખોલીને સોરી.. કાન તો ખુલ્લા જ હોય પણ ધ્યાનથી સાંભળ. આ ઘર કોનું? મારું, આ અગાસી કોની? મારી. ને જે ધાબા પર પતંગ જોયો એ ધાબુ કોનું? આ ઠાકરનું. આ ફીરકી કોની? મારી. ને જે ફીરકીને માંજો વીટાળ્યો છે એ માંજો કોનો? આ સુભાષનો...હવે એ મારો પતંગ પડ્યો-પડ્યો ફાટી જાય, ચગદાઈ જાય, એના ચૂરેચૂરા થઇ જાય, બધી સળીયો છૂટી પડી જાય તૂટી જાય, એનું અકાળે અવસાન થાય તો પણ તારે ગુંદરપટ્ટી કે પૂંછડી લગાડવા આવવાનું નઈ. નો મીન્સ નો... ધીસ ઇસ માય લાસ્ટ...વાર્નિંગ ને ભૂલથી પણ આવ્યો તો તારી દશા હજારની નોટ જેવી કરી દઈશ. નઈ ઘરમાં ચાલે, નઈ દુકાનમાં કે નઈ બેંકમાં. સમજ્યો કે લખીને આપુ?'

'અરે , હું સમજ્યો પણ તું એ સમજતો નથી કે હું બધુ સમજુ છું. આ પતંગ તારી થોડી છે? કોકની કપાયેલી પતંગ તારા ધાબા પર પડી ને તું તારી સમજે છે? સીઈઈઈ.' ચંબુના ગળામાંથી ટાયરમાંથી હવા નીકળતી હોય એવો સિસકારો નીકળી ગયો પછી શાંતિથી બોલ્યો : 'અરે વ્હાલા. જો બધાને બીજાના પતંગ કાપવામાં જ રસ છે. પણ જેનો પતંગ કપાય છે એના દર્દનો કોઈ અહેસાસ કરે છે? વન બાય વન પતંગો કાપ્યા પછી અંદરથી કેવા દેડકામાંથી હાથી જેવા ફૂલાઈએ છીએ. પણ યુ નો ઘડિયાળ ભલે માને કે હું ચાલુ છું. ભૂલી જ ગઈ કે એ જાતે ચાલતી નથી એને અંદરનો સેલ ચલાવે છે એમ પતંગ જાતે નથી ચગતો એને માંજો ચગાવે છે. મૂળ વાત એ છે કે ઉપર ચગતા પતંગને ખબર હોવી જોઈએ કે હું ભલે ઉપર ચગતો હોઉં પણ મારો દોર તો નીચેવાળાના હાથમાં છે, એ ગોથ મરાવે તો ગોથ ખાવી પડે ને ઉતારી દે ઉતરી જવું પડે. એમ આપણે બધા પતંગ છીએ ને ઈશ્વર આ પૃથ્વી નામના આકાશમાં માણસ નામની પતંગ ચગાવે છે ને આ ટોપો માણસ એમ સમજે છે કે હું જાતે ચગુ છું. ઈશ્વર આપણને નીચે મોકલતા પહેલા આપણો ઢઢો મરડી ચેક કરી કમાન વાળી ઠુમક ઠુમકા મારી પૃથ્વી પર વહેતી મૂકે છે. પછી તે ડોલાવે એમ ડોલવાનું. એના વર્ચસ્વ આગળ આપણું સર્વસ્વ નકામું. એ રામ બનાવે તો રામ ને રાવણ બનાવે તો રાવણ... એ જે બનાવે એ બનવુ પડે આપણે જે બનીએ એ આપણો ભ્રમ છે. આપણો માંજો એના હાથમાં હોવા છતાં માણસ 'આપણા પતંગની સામે કોઈની પતંગ ન ટકે બોસ' એવી અહંકારી વાણીથી ફૂલાશે.

જગતમાં કોઈ બુદ્ધિનો, કોઈ રૂપનો, કોઈ પ્રતિષ્ઠાનો કોઈ જ્ઞાનનો તો કોઈ ત્યાગનો આ બધા પોતાનો પતંગ ચગાવવાના. પણ મૂળ એ પતંગ અહંકારના મોજાથી જોડાયેલો છે એને એ ધ્યાનમાં જ નથી આવતું કે તમે જેમ જેમ બીજાની પતંગ કાપતા જશો એમ તારી દોરીમાં દાંતી વધવાની. આવડા મોટા આકાશમાં તમે કેટલા ને કેટલાના પતંગ કાપશો? કાપવા કરતા આપવાનો વિચાર કેમ નથી આવતો...?

ને મૂળ તો બાજુના ધાબા પર તમારી પતંગ કાપવા કોઈ રાહ જોઇને બેઠું જ છે. ધીરે ધીરે તારી જ ઢીલી પડેલી દોરીથી તારો જ પતંગ તારા જ હાથે કપાશે પણ પછી ખબર નથી કે કપાયેલો પતંગ કોની અગાસી પર કોના હાથમાં પકડાશે. પછી આપણામાં કાઈપો છે, કે પકડ્યો છે કહેવાના હોશ પણ નઈ હોય.. '

શું કહો છો? ■

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ખોખરો | DEFECT |
| ખોગીર | STOP |
| ખોટકાવું | ROUGH |
| ખોડ | LOSS |
| ખોટ | SADDLE |

## માતૃભાષાની મહેક

ધૂમાગ્નિ, દીપાગ્નિ, મંદાગ્નિ, મધ્યમાગ્નિ, ખરાગ્નિ અને ભડાગ્નિ એમ છ પ્રકારના અગ્નિ છે. માત્ર ધુમાડો જ નીકળે તેને ધૂમાગ્નિ, નાના કટકાને સળગાવી થાય તે દીપાગ્નિ, ચોથા ભાગની ચીરી વડે થાય તે મંદાગ્નિ, લાકડાંની બે ચીરી સળગાવી કરેલા અગ્નિને મધ્યમાગ્નિ, પાંચ ચીરી સાથે સળગાવી કરેલો અગ્નિ ખરાગ્નિ અને જે અગ્નિથી વાસણના મથાળા સુધી ચોતરફ જ્વાળા ફેલાય તેને ભડાગ્નિ કહે છે.

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AQUAPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) આકાશ   બ) માછલી
ક) પાણી   ડ) ઘોંઘાટ

## ઈર્શાદ

*સામે મળી જવાય તો બીજું તો કંઈ નહીં,*
*પણ કેમ છો કહીને ન પાછા વળી જવાય.*
*- આદિલ મન્સૂરી*

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ■ | ૪ | | ૫ | ૬ |
| ૭ | | ■ | ૮ | ૯ | ■ | | ■ | ૧૦ | |
| | ■ | ૧૧ | | | ૧૨ | ■ | ૧૩ | | |
| ■ | ૧૪ | ■ | | ■ | ૧૫ | | | ■ | |
| ૧૬ | | | | ■ | | ■ | ■ | ૧૭ | ■ |
| ■ | | ■ | ■ | ૧૮ | ■ | ૧૯ | | | |
| ૨૦ | ■ | ૨૧ | | | ■ | | ■ | | ■ |
| ૨૨ | ૨૩ | | ■ | ૨૪ | ૨૫ | | | ■ | ૨૬ |
| ૨૭ | | ■ | ૨૮ | ■ | ૨૯ | | ■ | ૩૦ | |
| ૩૧ | | | | ■ | ■ | ૩૨ | | | |

### આડી ચાવી

૧. વ્રત કે નિયમ તરીકે ન ખાવું તે (૪)
૪. ગપ્પાં, નવરાશની આડી અવળી વાતો (૪)
૭. ખનીજ પદાર્થો કાઢવા માટે ખોદેલો ખાડો (૨)
૮. કેફી ચીજથી ચડતો કેફ (૨)
૧૦. બાજોઠ પર કેળ બાંધી બનાવેલું રન્નાદેનું સ્થાન, કેળનો મંડપ (૨)
૧૧. અફીણના છોડનું બીજ (૪)
૧૩. મધુબન મેં --- નાચે રે...(૩)
૧૫. ઢીલ, વાર (૩)
૧૬. અણીનો=બારીક સમય (૪)
૧૯. આગેવાન, નાયક (૪)
૨૧. દેવાળિયું, કંગાલ (૩)
૨૨. ધારો, રિવાજ (૩)
૨૪. પરવા, કાળજી (૪)
૨૭. દુર્ગંધ (૨)
૨૯. ભોગ, દેવને માટે કાઢેલો ભાગ (જો. છૂ.)
૩૦. હોડી (૨)
૩૧. અંતઃપુર (૪)
૩૨. બેફિકર (૪)

### ઊભી ચાવી

૧. કોયડો, સમસ્યા (૩)
૨. પ્રતિજ્ઞા, ટેક (૨)
૩. તરખાટ (૫)
૪. ત્વરા, ઝડપ (૨)
૫. સાધુ સંતોને દાટયા હોય તે જગા પર કરેલી દેરી (૩)
૬. આહ્‌વાન, મોટેથી સંબોધન (૪)
૯. હોંશ, કોડ (૨)
૧૨. સૂર્ય (૩)
૧૩. કાંજી (૨)
૧૪. પડી --- ભાત, ફાટે પણ ફીટે નહીં (૩)
૧૭. તલબ, લત (૩)
૧૮. આસોથી કાર્તિક માસ સુધી રહેતી ઋતુ (૩)
૧૯. થોડો વખત રહેનારું કે ટકનારું (૫)
૨૦. શ્રાદ્ધનાં દિવસો (૪)
૨૧. સંબંધ, મેળ (૨)
૨૩. બેઠક, આસન (૩)
૨૫. પરમેશ્વર (૨)
૨૬. બેબાકળું (૩)
૨૮. જુલમ, પજવણી (૨)
૩૦. ઘ્રાણેન્દ્રિય (૨)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | ધિ | ૨ ક | ■ | ૩ ભોં | હું | ■ | ૪ ત | બી | ૫ બ |
| ણ | ■ | ૬ વિ | ન | ય | ■ | ૭ ભા | સ | ■ | રા |
| ૮ મા | ૯ ન | તા | ■ | ત | ■ | ૧૦ ત | ર | ૧૧ કી | બ |
| ૧૨ ની | ર | ■ | ૧૩ બ | ળિ | યા | ■ | ■ | ૧૪ મિ | ર |
| તું | ■ | ૧૫ પ | રા | યું | ■ | ૧૬ સો | ■ | યો | ■ |
| ■ | ૧૭ મ | ■ | ક | ■ | ૧૮ લ | ગા | મ | ■ | ૧૯ રિ |
| ૨૦ ચા | રુ | ■ | ■ | ૨૧ ક | પો | ત | ■ | ૨૨ અ | શ્વ |
| ૨૩ પ | ત | ૨૪ જ | ૨૫ ડ | ■ | ડ | ■ | ૨૬ મ | મ | ત |
| ■ | ■ | ૨૭ ખ | ર | ■ | ૨૮ શં | ખ | લા | ■ | ખો |
| ૨૯ ત | મા | મ | ■ | ૩૦ લે | ખ | ■ | ૩૧ જો | હા | ર |

## ઓળખાણ પડી?

સરગમના સપ્ત સૂર રેલાવતું સંગીતનું મૂળભૂત વાદ્ય ગણાતું હાર્મોનિયમ આપણા દેશના કયા શહેરમાં વ્યાપક રીતે તૈયાર કરવામાં આવે છે?



અ) ચંદીગઢ   બ) અહમદનગર
ક) ભુવનેશ્વર   ડ) હૈદરાબાદ

## ચતુર આપો જવાબ

### અર્થ જણાવો

'થોડું ત્યજીને ઘણું મેળવ્યું' પંક્તિમાં 'ત્યજીને' શબ્દનો અર્થ જણાવો.

અ) ઓળખીને   બ) પામીને   ક) સમજીને   ડ) છોડીને

## માઈન્ડ ગેમ

આપણા દેશમાં વિવિધ શહેર અલગ અલગ ઓળખ ધરાવે છે. કયું શહેર 'સિટી ઓફ પર્લ્સ' - મોતીઓના શહેર તરીકે જાણીતું છે?

અ) અમૃતસર   બ) તુતીકોરીન   ક) અજમેર   ડ) મોતીહારી

## સુડોકુ-૯૧૯૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૨ | ૯ | | ૩ | ૪ | | |
| ૫ | | | | | | | | ૯ |
| ૬ | | | | ૮ | | | | ૨ |
| ૪ | | ૧ | | ૩ | ૬ | ૯ | | ૫ |
| | | | ૪ | | ૨ | | | |
| ૨ | | ૬ | ૮ | ૯ | | ૧ | | ૭ |
| ૩ | | | | ૪ | | | | ૧ |
| ૯ | | | | | | | | ૬ |
| | | ૫ | ૬ | | ૯ | ૭ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

## સુડોકુ-૯૧૯૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૬ | ૯ | ૭ | ૮ | ૫ | ૩ | ૪ |
| ૩ | ૮ | ૪ | ૬ | ૫ | ૨ | ૯ | ૭ | ૧ |
| ૯ | ૭ | ૫ | ૩ | ૪ | ૧ | ૮ | ૨ | ૬ |
| ૨ | ૬ | ૯ | ૪ | ૧ | ૭ | ૩ | ૫ | ૮ |
| ૪ | ૫ | ૧ | ૮ | ૨ | ૩ | ૭ | ૬ | ૯ |
| ૮ | ૩ | ૭ | ૫ | ૬ | ૯ | ૪ | ૧ | ૨ |
| ૬ | ૧ | ૮ | ૭ | ૯ | ૫ | ૨ | ૪ | ૩ |
| ૫ | ૯ | ૨ | ૧ | ૩ | ૪ | ૬ | ૮ | ૭ |
| ૭ | ૪ | ૩ | ૨ | ૮ | ૬ | ૧ | ૯ | ૫ |

## ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ખેંચ | SCARCITY |
| ખેડ | AGRICULTURE |
| ખેટ | HUNTING |
| ખેદ | SORROW |
| ખેપ | TRIP |

**ગુજરાત મોરી મોરી રે:** ગણિત

**ઓળખાણ પડી?** કેરળ

**માઈન્ડ ગેમ :** તાડગોળા

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** તંદુરસ્ત

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) સુભાષ મોમાયા (૫) ભારતી બુચ (૬) શ્રદ્ધા આશર (૭) હર્ષા મહેતા (૮) વિપીન શાહ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) નૂતન વિપીન શાહ (૧૧) પુષ્પા પટેલ (૧૨) કિરીટ છેડા (૧૩) મીનળ કાપડિયા (૧૪) ચેતના છેડા (૧૫) જ્યોતિ ખાંડવાલા (૧૬) ભાવના કર્વે (૧૭) મનીષા શેઠ (૧૮) ફાલ્ગુની શેઠ (૧૯) નિખિલ બંગાળી (૨૦) અમીશી બંગાળી (૨૧) ભરત કજરિયા (૨૨) પ્રવીણ વોરા (૨૩) મહેન્દ્ર લોઢાવિયા (૨૪) અલકા વાણી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) અંજુ ટોલિયા (૨૭) વિણા સંપટ (૨૮) ડાયના સંતોકે (૨૯) કમલ માતલિયા (૩૦) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૧) પુષ્પા ખોના (૩૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૩) નયના ગિરીશ મિસ્ત્રી (૩૪) દિપીકા દોશી (૩૫) જ્યોત્સના ગાંધી (૩૬) હિનાબેન દલાલ (૩૭) ઈનાક્ષીબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) નિતીન જયંતિલાલ બજરિયા (૪૦) ડો. પ્રકાશ કટકિયા (૪૧) પ્રતિમા પમાણી (૪૨) ધીરેન્દ્ર મુલરાજ (૪૩) મહેશ દોશી

## મુંબઈ વિશે અન્નામલાઈની ટિપ્પણીનો રાજકીય લાભ મેળવવા માટે ખોટો અર્થ કાઢવામાં આવ્યો: ભાજપ

મુંબઈ: ભાજપના વિધાનસભ્ય આર તમિલ સેલ્વને સોમવારે પક્ષના નેતા કે અન્નામલાઈની મુંબઈ વિશેની ટિપ્પણીનો બચાવ કરતા કહ્યું કે શહેરના વૈશ્વિક મહત્ત્વને ઉજાગર કરવાના હેતુથી તેમના નિવેદનોનો રાજકીય લાભ મેળવવા માટે જાણી જોઈને ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે.

અન્નામલાઈની બોમ્બે મહારાષ્ટ્રનું શહેર નથી તેવી ટિપ્પણી બદલ ધરપકડ કરવામાં આવે એવી માગણી શિવસેના (યુબીટી) એ ગયા અઠવાડિયે કરી હતી.

પાલિકા સંસ્થાની ચૂંટણી માટે પ્રચાર કરતી વખતે ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી અને તમિલનાડુના ભૂતપૂર્વ ભાજપ પ્રમુખ અન્નામલાઈએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે 'લોકો ટ્રિપલ એન્જિન સરકાર ઇચ્છે છે. આ દેશનું એકમાત્ર મેટ્રો શહેર છે જ્યાં ટ્રિપલ એન્જિન શક્ય છે. મોદી દિલ્હીમાં છે, ફડણવીસ મુખ્યમંત્રી છે અને હવે મુંબઈમાં ભાજપનો મેયર હશે. મુંબઈ મહારાષ્ટ્રનું શહેર નથી પણ આંતરરાષ્ટ્રીય શહેર છે.' સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં સાયન કોલીવાડા વિધાનસભા મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા સેલ્વને જણાવ્યું હતું કે 'અમારા નેતા અન્નામલાઈએ મુંબઈને વિશ્વભરમાં આદરણીય શહેર તરીકે વર્ણવ્યું. તેઓ કહેવા માગતા હતા કે મુંબઈ વિશ્વનું નંબર વન શહેર બની રહ્યું છે, મુખ્યત્વે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસના આશીર્વાદને કારણે. મેટ્રો પ્રોજેક્ટ હોય, રસ્તાનું બાંધકામ હોય કે સેવાઓની જોગવાઈ હોય, મુંબઈ વૈશ્વિક મોરચે એક મહત્ત્વપૂર્ણ શહેર તરીકે ઊભરી આવ્યું છે. અન્નામલાઈ આ સંદર્ભમાં વાત કરી રહ્યા હતા. રાજકીય લાભ માટે ભાજપના નેતાના શબ્દોને તોડી-મરોડીને રજૂ કરવામાં આવી રહ્યા છે. (પીટીઆઈ)

## બીએમસી ચૂંટણીમાં ભાજપ માટે પોતાના જ વાચાળ નેતાઓ મુશ્કેલી ઊભી કરશે?

મુંબઈ: બીએમસી સહિત ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે ૧૫ જાન્યુઆરીએ મતદાન થવાનું છે. ત્યારે બધા જ પક્ષો જોરશોરથી ચૂંટણી પ્રચાર કરી રહ્યા છે અને સામસામે આક્ષેપબાજી પણ ચાલી રહી છે. આ દરમ્યાન ભારતીય જનતા પાર્ટી માટે મુશ્કેલી ઊભી થતી દેખાય છે. આ પરિસ્થિતિ બીજા કોઈ દ્વારા નહીં પરંતુ તેના પોતાના નેતાઓ દ્વારા આપવામાં આવેલાં નિવેદનોથી સર્જાઈ છે.

હકીકતમાં, પ્રચાર દરમિયાન, ભારતીય જનતા પાર્ટીના તમિળનાડુ એકમના પ્રમુખ અન્નામલાઈએ કહ્યું હતું કે મુંબઈ ફક્ત મહારાષ્ટ્રનું નથી. ભૂતપૂર્વ આઈપીએસ અધિકારીએ કહ્યું, ''બોમ્બે (મુંબઈ) ફક્ત મહારાષ્ટ્રનું જ શહેર નથી, પરંતુ એક આંતરરાષ્ટ્રીય શહેર છે. તેનું વાર્ષિક બજેટ રૂ. ૭૫,૦૦૦ કરોડ, ચેન્નાઈનું બજેટ રૂ. ૮,૦૦૦ કરોડ અને બેંગલુરુનું બજેટ રૂ.૧૯,૦૦૦ કરોડ છે.''

તેમના આ નિવેદનથી રાજકીય વર્તુળોમાં વિરોધ ઊભો થયો છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના પ્રમુખ રાજ ઠાકરેએ પણ અન્નામલાઈના જવાબમાં વિવાદાસ્પદ નિવેદનો આપ્યાં છે.

માત્ર અન્નામલાઈ જ નહીં, પરંતુ ઉત્તર પ્રદેશના જૌનપુરના ભૂતપૂર્વ ભાજપ સાંસદ કૃપાશંકર સિંહની રાજકીય ટિપ્પણીથી પણ ખળભળાટ મચી ગયો છે. ચૂંટણી પ્રચાર દરમિયાન સિંહે કહ્યું હતું કે મીરા ભાઈંદરના મેયર ઉત્તર ભારતીય હોવા જોઈએ. તેમણે કહ્યું હતું કે એટલા હિન્દીભાષી કાઉન્સિલરો ચૂંટાવા જોઈએ, જેથી મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હિન્દીભાષી અને ઉત્તર ભારતીય મેયર હોય.

આ નિવેદનથી શિવસેના (ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વ હેઠળ) અને રાજ ઠાકરેના નેતૃત્વ હેઠળની મનસેને વિરોધ માટે એક મુદ્દો મળી ગયો છે. કૃપાશંકર સિંહના નિવેદનના જવાબમાં મનસે નેતા અવિનાશ જાધવે કહ્યું હતું કે ભાજપની નીતિઓ અને ઇરાદા સ્પષ્ટ થઈ ગયા છે. ભાજપ ફક્ત સત્તા માટે મરાઠી મતો મેળવવા માગે છે.જોકે, રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અનેક વખત સ્પષ્ટ કર્યું છે કે પાર્ટીએ ક્યારેય મરાઠી અસ્મિતા સાથે સમાધાન કર્યું નથી અને ક્યારેય કરશે પણ નહીં. વિવિધ ચૂંટણી પ્રચાર દરમિયાન, મુખ્ય પ્રધાને કહ્યું છે કે ભાજપ મરાઠી લોકો અને તેમની ભૂમિનો અવાજ છે. ■

## થાણે માટે શિવસેનાના જાહેરનામામાં ઝૂંપડપટ્ટી મુક્ત શહેરનું વચન

થાણે: એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાએ ૧૫ જાન્યુઆરીએ થનારી થાણે મહાનગરપાલિકાની ચૂંટણી માટે સોમવારે બહાર પાડેલા ઢંઢેરામાં ઝૂંપડપટ્ટી મુક્ત શહેર તેમજ ૨૬૦ મીટરના પ્રતિષ્ઠિત વ્યુઇંગ ટાવરનું વચન આપવામાં આવ્યું છે.શિંદેના દિવંગત માર્ગદર્શક આનંદ દિઘેના કાર્યાલય આનંદ આશ્રમ ખાતે રાજ્ય પ્રધાન પ્રતાપ સરનાઈક અને લોકસભા સંસદ સભ્ય નરેશ મ્હસ્કે દ્વારા બહાર પાડવામાં આવેલા આ ઢંઢેરામાં અવિરત વિકાસનું આયોજન હોવાનું પક્ષના નેતાઓએ જણાવ્યું હતું.

મ્હસ્કેએ જણાવ્યું હતું કે ઢંઢેરામાં મોટા પાયે શહેરી નવીનીકરણ દ્વારા ઝૂંપડપટ્ટીઓને દૂર કરવાની વ્યાપક યોજના તેમજ ચાલુ ક્લસ્ટર વિકાસ યોજનાઓને વેગ આપવાનો સમાવેશ થાય છે. પક્ષ ઝૂંપડપટ્ટીવાસીઓને કાયમી, ઉચ્ચ-ગુણવત્તાવાળાં આવાસો પૂરા પાડવા માટે હાલના ક્લસ્ટર વર્ક્સનો લાભ લેવાની યોજના ધરાવે છે. આ આયોજન શહેરને આધુનિક બનાવશે.

આ ઢંઢેરામાં વ્યાપક રસ્તાના કામ, નવા ફ્લાયઓવર અને નવાં વિકસિત રહેણાંક કેન્દ્રો પરનો બોજ હળવો કરવાના હેતુથી બહેતર કનેક્ટિવિટી તેમજ મોઘરપાડા નજીક ૨૬૦-મીટર ઊંચા વ્યુઇંગ ટાવરની વિગતો આપવામાં આવી છે.

સરનાઈકે વધુમાં જણાવ્યું હતું કે 'નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેના નેતૃત્વમાં લેવામાં આવેલા પગલાંને કારણે પાણીની સમસ્યા ભૂતકાળ બની જશે. વરિષ્ઠ નાગરિકો માટે ' 'આરોગ્ય આપલા દારી યોજના લાગુ કરવામાં આવશે અને દિવ્યાંગો માટે મનોરંજન કેન્દ્રો અને રોજગારની તકો સ્થાપિત કરવામાં આવશે. દાદોજી કોંડદેવ સ્ટેડિયમમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ સાથે ક્લસ્ટર યોજના હેઠળ વર્ટિકલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ બનાવવામાં આવશે.' (પીટીઆઈ) ■



પાલિકાની ચૂંટણી ગુરુવારે યોજાવાની હોવાથી કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જાળવવાના ઉદ્દેશથી ચેમ્બુરના તિલકનગર પોલીસ સ્ટેશન દ્વારા સોમવારે સવારે ફ્લેગ માર્ચનું આયોજન કરવામાં આવ્યું હતું. ફ્લેગ માર્ચ તિલકનગર પોલીસ સ્ટેશનથી પી. એલ. લોખંડે માર્ગ, અમર મહલ, આદર્શ નગર નાળા માર્ગે પાછી પોલીસ સ્ટેશન સુધી કાઢવામાં આવી હતી, જેમાં પોલીસ સ્ટેશનના અધિકારી-કર્મચારીઓ સહભાગી થયા હતા. (અમય ખરાડે)

## મુંબઈમાં ક્રિકેટ રમતી વખતે ગુજરાતી ઉભરતા કલાકારે ગુમાવ્યો જીવ



મુંબઈ: મુંબઈની ગુજરાતી રંગભૂમિ માટે અત્યંત આઘાતજનક સમાચાર સામે આવ્યા છે. મુંબઈના લાલબાગ વિસ્તારમાં રહેતા અને રંગભૂમિના આશાસ્પદ કલાકાર તેમજ આસિસ્ટન્ટ ડિરેક્ટર રૂપેશ મકવાણાનું રવિવારે ક્રિકેટ રમતી વખતે આકસ્મિક નિધન થયું છે. માત્ર ૩૦ વર્ષની ઉંમરે હૃદયરોગના હુમલાને કારણે થયેલી તેમની આ અણધારી વિદાયથી નાટ્યજગતમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

જાણીતા કલાકાર વિપુલ વિઠલાણીએ આપેલી માહિતી અનુસાર ૧૧મી જાન્યુઆરીના રોજ રૂપેશ મકવાણા (૩૦) તેના મિત્રો સાથે ઘાટકોપરના મેદાન પર ક્રિકેટ રમી રહ્યો હતો. રમત દરમિયાન અચાનક તેણે છાતીમાં બળતરાની ફરિયાદ કરી હતી. ઘરેલું ઉપચાર દ્વારા તેને થોડી રાહત આપવાનો પ્રયાસ થયો, પરંતુ કુદરતને કંઈક બીજું જ મંજૂર હતું. મેદાન પર જ તેનું નિધન થયું હતું.

રૂપેશના પરિવારની વાત કરીએ તો તેમના માટે તો આ ઘટના અત્યંત હૃદયદ્રાવક છે. તેના પરિવારમાં માતા-પિતા અને એક ભાઈ હતા. જોકે, તેમના ભાઈનું નવ વર્ષ પહેલાં એક અકસ્માતમાં નિધન થયું હતું. આમ, રૂપેશ તેના માતા-પિતાનું એકમાત્ર સંતાન અને ઘરનો સહારો હતો. વ્યવસાયે સરકારી નોકરી કરતા હોવા છતાં, નાટક અને સ્ટેજ પ્રત્યેના લગાવને કારણે તે રંગભૂમિ સાથે જોડાયેલો હતો.રૂપેશ મકવાણામાં એક શ્રેષ્ઠ અભિનેતા અને કુશળ ડિરેક્ટરના તમામ લક્ષણો હતા.

## નાગરિક ચૂંટણી પછી મીરા ભાયંદર 'ભગવા' બની જશે: શિંદે

થાણે: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે મુંબઈ અને થાણે પછી, હવે આગામી મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં રાજ્યનું મીરા ભાયંદર શહેર પણ 'ભગવા' રંગે રંગાવા માટે તૈયાર છે. ૨૦૧૭માં શિવસેનાએ બૃહન્મુંબઈ અને થાણે મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં વિજય મેળવ્યો હતો. એક જાહેર સભાને સંબોધતા, શિંદેએ સ્વર્ગસ્થ બાળાસાહેબ ઠાકરેના શહેર પ્રત્યેના પ્રેમ પર ભાર મૂક્યો, મીરા ભાયંદરને ''નાનું ભારત'' ગણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે ઉત્તર ભારતીય, ગુજરાતી અને દક્ષિણ ભારતીય સહિતના તમામ સમુદાયોને સાથે લઈને ચાલવામાં જ શિવસેનાની તાકાત રહેલી છે.

રાજ્ય મહાયુતિ સરકારમાં સહયોગી રહેલા શિવસેના અને ભાજપ, થાણે જિલ્લામાં સ્થિત ૯૫ સભ્યોની મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં એકબીજા સામે લડી રહ્યા છે. ''બાળાસાહેબને મીરા ભાઈંદર ખૂબ ગમતું હતું.'' ■

## ચૂંટણી ટાણે ભાજપને બાંગ્લાદેશી ઘૂસણખોર યાદ આવે અને પછી ભૂલી જાય: કૉંગ્રેસ

મુંબઈ: કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પવન ખેડાએ સોમવારે જણાવ્યું હતું કે ભાજપ ફક્ત ચૂંટણી દરમિયાન જ બાંગ્લાદેશી ઘૂસણખોરોને યાદ કરે છે અને પછી તેમને ભૂલી જાય છે. એક પત્રકાર પરિષદને સંબોધતા એઆઈસીસી મીડિયા અને જાહેર વિભાગના અધ્યક્ષ ખેડાએ એવો પણ દાવો કર્યો હતો કે ભાજપના નેતૃત્વ હેઠળની મહાયુતિ સરકાર મુંબઈની જમીન, ઉદ્યોગો અને સંપત્તિ ગુજરાતી મિત્રને સોંપી રહી છે અને ભ્રષ્ટાચાર દ્વારા જાહેર નાણાં લૂંટી રહી છે.ખેડાએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના એક નિવેદનનો જવાબ આપતા કહ્યું હતું કે તેમની સરકાર મુંબઈને પૂર્વી દેશના ઘૂસણખોરોથી મુક્ત કરશે. જો દેશમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો અસ્તિત્વમાં છે, તો પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ શું કરી રહ્યા છે એવો સવાલ કરી ખેડાએ ઉમેર્યું હતું કે બંનેએ આ મુદ્દા પર રાજીનામું આપવું જોઈએ.'મુંબઈને હવે પરિવર્તનની જરૂર છે અને મુંબઈવાસીઓ પાલિકાની ચૂંટણીમાં આ ભ્રષ્ટ મહાયુતિને પાઠ ભણાવશે.'મુંબઈ મહાનગરપાલિકામાં મોટા પાયે ભ્રષ્ટાચારનો આરોપ કરી ખેડાએ જણાવ્યું હતું કે કરોડો રૂપિયા ખર્ચવા છતાં નાગરિકોને મૂળભૂત સુવિધાઓથી વંચિત રાખવામાં આવે છે.રસ્તા પર ઠેર ઠેર ખાડા છે, પીવાના પાણીની અછત છે, ચોમાસામાં પૂર નિયમિત આવે છે અને પ્રદૂષણનું સ્તર વધુ ખરાબ થયું છે. (પીટીઆઈ) ■

## ભાજપના નેતૃત્વવાળી મહાયુતિ પશ્ચિમ મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભવ્ય વિજય મેળવશે: ચંદ્રકાંત પાટીલ

પુણે: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપના નેતૃત્વ હેઠળની 'મહાયુતિ' પશ્ચિમ મહારાષ્ટ્રની તમામ પાંચ મહાનગરપાલિકાઓ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખશે, એવો વિશ્વાસ રાજ્ય પ્રધાન ચંદ્રકાંત પાટીલે વ્યક્ત કર્યો હતો.

ભાજપના વરિષ્ઠ નેતાએ વધુમાં એવો દાવો કર્યો હતો કે ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીનો સમાવેશ કરતી મહાયુતિ રાજ્યના તમામ ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મેયર પદ મેળવશે. તેમણે મુંબઈમાં વિરોધી પક્ષો દ્વારા ઉઠાવવામાં આવેલા પ્રાદેશિક અને ભાષાકીય મુદ્દાઓની અસરોને પણ નકારી કાઢી હતી અને દાવો કર્યો હતો કે મરાઠી અને બિન-મરાઠી બંને મતદારો ગઠબંધનને સમર્થન આપવાનું ચાલુ રાખશે.ભાજપના નેતાએ ઉમેર્યું હતું કે ૧૬૫ સભ્યોની પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ભાજપ મજબૂત સ્થિતિમાં છે.

''અમને પહેલાથી જ ૧૧૫ બેઠકો જીતવાનો વિશ્વાસ છે... ૧૧૫થી ઓછી બેઠકો તો નહીં જ. આ મૂલ્યાંકન અમારા રાજ્ય ભાજપ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણ દ્વારા હાથ ધરવામાં આવેલા મતવિસ્તારવાર અને વોર્ડ-સ્તરના વિગતવાર મૂલ્યાંકનની તાજેતરમાં કરવામાં આવેલી સૂક્ષ્મ-સ્તરીય સમીક્ષા પર આધારિત છે,'' તેમણે કહ્યું હતું. ■

## સિગારેટને મુદ્દે થયેલા વિવાદમાં જ્વલનશીલ પ્રવાહી રેડી યુવાનને જીવતો સળગાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સિગારેટના રૂપિયા આપવાને મુદ્દે થયેલા વિવાદ બાદ જ્વલનશીલ પ્રવાહી રેડી યુવાનને જીવતો સળગાવવામાં આવ્યો હોવાની ઘટના જોગેશ્વરીમાં બની હતી.

આ ઘટનામાં યુવાન ગંભીર રીતે દાઝ્યો હોઈ પોલીસે ફરાર આરોપીની શોધ હાથ ધરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના જોગેશ્વરી પશ્ચિમમાં યાદવ નગર પાસેના બાંદિવલી હિલ રોડ પર શનિવારની રાતે બની હતી. આ પ્રકરણે રાજેન્દ્ર જયરામ યાદવની ફરિયાદને આધારે અંબોલી પોલીસે નાગેન્દ્ર યાદવ (૨૨) વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

ડ્રાઈવિંગનું કામ કરતો રાજેન્દ્ર રાતે ૧૦ વાગ્યાની આસપાસ ઘર નજીક આવેલા ભત્રીજા પંકજના પાનના સ્ટૉલ પાસે પહોંચ્યો હતો. તે સમયે આરોપી નાગેન્દ્ર અને પંકજ વચ્ચે બોલાચાલી થતી હતી. નાગેન્દ્રએ સિગારેટ લીધા પછી તેની કિંમત ચૂકવી નહોતી.

રૂપિયા આપવાને બદલે ઉદ્ધત વર્તન કરનારા નાગેન્દ્રએ રાજેન્દ્રએ સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ દારૂના નશામાં ચૂર નાગેન્દ્ર રાજેન્દ્ર સાથે ઝઘડો કરવા લાગ્યો હતો. ગુસ્સામાં રાજેન્દ્રએ નાગેન્દ્રને લાફો મારી ગાળો ભાંડી હતી. તે સમયે સ્થાનિક રહેવાસીઓએ મધ્યસ્થી કરી નાગેન્દ્રને ત્યાંથી જતા રહેવાનું કહ્યું હતું. જતાં જતાં નાગેન્દ્રએ રાજેન્દ્રને મારી નાખવાની ધમકી આપી હતી.

ફરિયાદ અનુસાર વીસેક મિનિટ પછી નાગેન્દ્ર પાછો આવ્યો હતો અને રાજેન્દ્ર પર જ્વલનશીલ પ્રવાહી રેડ્યું હતું. રાજેન્દ્ર કંઈ સમજે તે પહેલાં નાગેન્દ્રએ દીવાસળી ચાંપી હતી. પ્રવાહીને કારણે ભડકા સાથે આગ લાગી હતી. આ દૃશ્ય જોઈ રાહદારીઓ મદદ માટે દોડી આવ્યા હતા અને આગ ઓલવી નાખી હતી, પરંતુ આગને કારણે રાજેન્દ્ર ગંભીર રીતે દાઝ્યો હતો.

સારવાર માટે રાજેન્દ્રને પહેલાં ટ્રોમા કૅર સેન્ટર અને પછી ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સારવાર બાદ તેનું સ્વાસ્થ્ય સુધારા પર હોવાનું પોલીસનું કહેવું છે. ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હતો.

## નજીવા મુદ્દે યુવકની ગોળી મારી હત્યા કરનારો પકડાયો

બીડ: બીડમાં નજીવા વિવાદમાં યુવકની ગોળી મારી કથિત હત્યા કર્યા બાદ ફરાર થઈ ગયેલો આરોપી ચાર દિવસે પકડાયો હતો. ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ વિશાલ સૂર્યવંશી તરીકે થઈ હતી. ૬ જૂને પાઈપલાઈનના સમારકામને લઈ આરોપીનો હર્ષલ શિંદે સાથે વિવાદ થયો હતો. રોષમાં આવી આરોપીએ પિસ્તોલમાંથી શિંદે પર એક રાઉન્ડ ફાયર કર્યું હતું. ત્યાર બાદ તીક્ષ્ણ હથિયારથી હુમલો કરવામાં આવતાં શિંદેનું મોત નીપજ્યું હતું.

ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે આરોપીની ઓળખ મેળવી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી રવિવારની રાતે આરોપીને પકડી પાડવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

## મુસાફરોની સુવિધા માટે સેન્ટ્રલ રેલવેએ સીએસએમટી ખાતે રિલેક્સ ઝોન શરૂ કર્યો

સેન્ટ્રલ રેલવે નોન-ફેર રેવન્યુ હેઠળ નવી વિવિધ યોજનાઓ રજૂ કરે છે, જેનાથી મુસાફરોને વધુ સારી સુવિધાઓ પૂરી પાડવામાં અને આવકમાં વધારો કરવામાં મદદ મળે છે. છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ ખાતે 'રિલેક્સ ઝોન' સુવિધાઓના માળખામાં થયેલો નવીનતમ પ્રયોગ છે.મુસાફરોને શ્રેષ્ઠ સુવિધાઓ આપવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા, મધ્ય રેલવેએ છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે એક અત્યાધુનિક રિલેક્સ ઝોન શરૂ કર્યો છે. ક્વિક રેસ્ટ દ્વારા સંચાલિત આ નવી સુવિધા થાકેલા મુસાફરોને તાજગીભર્યો અનુભવ પ્રદાન કરવા માટે રચાયેલ છે, જેમાં ફુલ-બોડી મસાજ ચેર રાખવામાં આવી છે જે મુસાફરીનો થાક, સ્નાયુઓનો તણાવ દૂર કરવામાં મદદ કરે છે.

સીએસએમટી ખાતેનો રિલેક્સ ઝોન અદ્યતન મસાજ ટેક્નોલોજી અને સ્વચ્છ બેઠક વ્યવસ્થાથી સજ્જ છે, જે મુસાફરો માટે આરામદાયક અને સલામત અનુભવ સુનિશ્ચિત કરે છે. આ સુવિધા ૯૯ રૂપિયાના નજીવા દરે શરૂ થતી ઝડપી મસાજ સર્વિસ આપે છે, જે મુસાફરી પછી અથવા મુસાફરી શરૂ કરતા પહેલા આરામ કરવા માંગતા મુસાફરો માટે આશીર્વાદરૂપ છે.

સીએસએમટી ખાતે રિલેક્સ ઝોન એ મધ્ય રેલવેના મુંબઈ વિભાગ દ્વારા શરૂ કરાયેલી બીજી એક પહેલ છે જે ભારતીય રેલવેનાં સ્ટેશનોને અપગ્રેડ કરવા અને મુસાફરોને વિશ્વ કક્ષાની સુવિધાઓ પૂરી પાડવાના તેના પ્રયાસો સાથે સુસંગત છે.

### રિલેક્સ ઝોનની મુખ્ય વિશેષતાઓ:

* અદ્યતન ટેક્નોલોજી સાથે ફુલ-બોડી મસાજ ખુરશીઓ
* આરામદાયક બેઠક
* સ્વચ્છ અને સુઘડ વાતાવરણ
* ૯૯ જેવા ઓછા દરે શરૂ થતી ઝડપી સર્વિસ

## બંધારણની પ્રતિકૃતિને નુકસાન પહોંચાડવાનો કેસ: મુખ્ય આરોપીની પરભણીમાં આત્મહત્યા

પરભણી: ૨૦૨૪ના બંધારણની પ્રતિકૃતિને નુકસાન પહોંચાડવાના કેસના મુખ્ય આરોપીએ જામીન પર છૂટ્યા બાદ પરભણી જિલ્લાના ગામમાં સોમવારે ગળાફાંસો ખાઇ જીવનનો અંત આણ્યો હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

૧૩ મહિલા જેલમાં રહ્યા બાદ દત્તા પવાર ૮ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ જામીન પર છૂટ્યો હતો.

દત્તા પરભણી જિલ્લાના મિર્ઝાપુર ગામમાં ગયો હતો, જ્યાં તેના સંબંધીઓ રહે છે. દત્તાએ સોમવારે સવારે ખેતરમાંની રૂમમાં રસ્સીથી ગળાફાંસા ખાધો હતો.

દત્તા સવારે નવ વાગ્યાની આસપાસ ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા બાદ તેના સંબંધીએ આની જાણ સ્થાનિક પોલીસને કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. દત્તાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો અને બાદમાં તેમના પરિવારજનોને સોંપાયો હતો. દત્તાનો પરિવાર પરભણીમાં રહે છે.

નોંધનીય છે કે રેલવે સ્ટેશન બહાર ડૉ. બી.આર. આંબેડકરની પ્રતિમાની સામે સ્થાપિત બંધારણની પથ્થરની પ્રતિકૃતિને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યા બાદ ૧૧ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પરભણી શહેરમાં હિંસા ફાટી નીકળી હતી. (પીટીઆઇ)

## લૉન કન્સલ્ટન્ટે ક્રિપ્ટોકરન્સી ફ્રોડમાં ૭૨ લાખ રૂપિયા ગુમાવ્યા

થાણે: નવી મુંબઈના ૫૬ વર્ષના લોન કન્સલ્ટન્ટે ક્રિપ્ટોકરન્સી ફ્રોડમાં ૭૨.૭ લાખ રૂપિયા ગુમાવ્યા હતા.

બેલાપુરમાં રહેતા ફરિયાદીને અમુક લોકોએ ઉચ્ચ વળતરની ખાતરી આપી યુએસડીટી (તેથર)માં રોકાણ કરવા લલચાવ્યો હતો.

ફરિયાદીનો વિશ્વાસ સંપાદન કર્યા પછી આરોપીઓએ ક્રિપ્ટોકરન્સી ટ્રેડિંગમાં સારું વળતર મળતું હોવાનું વચન આપ્યું હતું. લાલચમાં આવીને ફરિયાદીએ મે, ૨૦૨૪થી ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન વિવિધ વેબસાઈટ મારફત આરોપીએ આપેલા એકાઉન્ટ્સમાં નાણાં ટ્રાન્સફર કર્યાં હતાં. બાદમાં ઠગ ટોળકીએ બધા સંપર્ક તોડી નાખ્યા હતા.

થોડા સમય બાદ ઈન્વેસ્ટમેન્ટ પ્લૅટફોર્મ્સ પર પોતાને બ્લૉક કરી દેવામાં આવ્યો હોવાની જાણ થતાં ફરિયાદીને પોતે છેતરાયો હોવાનું માલૂમ પડ્યું હતું. આખરે તેણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

ફરિયાદને આધારે પોલીસે રવિવારે પાંચ અજાણ્યા શખસ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૩૧૯(૨) અને ૩(૫) તેમ જ ઈન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## મીરા-ભાયંદર મહાપાલિકા મુખ્યાલયમાં સગીરા સાથે દુષ્કર્મ: કર્મચારી વિરુદ્ધ ગુનો

મુંબઈ: મહાનગરપાલિકાઓની ચૂંટણીની તૈયારી જોરશોરથી ચાલી રહી છે ત્યારે મીરા-ભાયંદર મહાપાલિકા માટે કલંકરૂપ ઘટના સામે આવી છે. મહાપાલિકાના મુખ્યાલયમાં જ કોન્ટ્રાક્ટ પર કામ કરતી સગીરા સાથે દુષ્કર્મ કરવામાં આવતાં પોલીસે કર્મચારી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પાલિકાનું મુખ્યાલય ભાયંદર પશ્ચિમમાં આવેલું છે. આ ઈમારતના બીજા માળે પાલિકા કમિશનરની ઑફિસની સામે જ નાયબ મેયરની ઑફિસ છે. આ ઑફિસમાં મહાપાલિકાની ચૂંટણીને પગલે કામચલાઉ એચઆર ડિપાર્ટમેન્ટ શરૂ કરવામાં આવ્યો છે, જ્યાં ૧૭ વર્ષની સગીરા કોન્ટ્રાક્ટ પર કામ કરે છે. ઝેરોક્સ કાઢવા સહિત અન્ય કામકાજ આ સગીરા કરતી હતી, એવું સૂત્રોનું કહેવું છે. કહેવાય છે કે પાલિકા મુખ્યાલયના ૨૭ વર્ષના કર્મચારીએ સ્ટોર રૂમમાંથી ફાઈલ લઈ આવવાનું સગીરાને કહ્યું હતું. સગીરા સ્ટોર રૂમમાં ગઈ ત્યારે તેની પાછળ પાછળ આરોપી પણ ગયો હતો અને સગીરા સાથે કથિત દુષ્કર્મ કર્યું હતું. આ પ્રકરણે સગીરાએ ફરિયાદ નોંધાવ્યા પછી ભાયંદર પોલીસે ગુનો નોંધ્યો હતો. જોકે ઘટનાની વિગતો આપવાનું પોલીસ દ્વારા ટાળવામાં આવ્યું હતું. કહેવાય છે કે ૨૭ ડિસેમ્બરે પણ આરોપીએ ફાઈલ લેવાને બહાને સગીરાને પોતાના ગીતા નગર સ્થિત ઘરે બોલાવી હતી. તે સમયે પણ આરોપીએ કુકર્મ કર્યું હતું, એવો આક્ષેપ ફરિયાદમાં કરાયો હતો.આ ઘટનાને અઠવાડિયું થયા છતાં આરોપી પોલીસને હાથ લાગ્યો ન હોવાનું કહેવાય છે.

## પુણે અને આંધ્ર પાસેથી કામ મેળવનારી કંપનીને વસઈ વિરાર નાગરિક સંસ્થા તરફથી પણ ઓર્ડર મળ્યો

પાલઘર: વસઈ વિરાર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશન પાસેથી ૨૭૫ કરોડ રૂપિયાના ત્રણ મહત્વપૂર્ણ મ્યુનિસિપલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કોન્ટ્રાક્ટ મેળવ્યા હોવાની જાહેરાત ક્રિસ્ટલ ઇન્ટિગ્રેટેડ સર્વિસીસે સોમવારે જાહેરાત કરી હતી.

પાંચ વર્ષના આ પ્રોજેક્ટમાં પ્રભાગ સી (રૂ. ૮૩ કરોડ), પ્રભાગ એફ (રૂ. ૧૧૧ કરોડ) અને પ્રભાગ જી (રૂ.૮૧ કરોડ) માં માર્ગ સફાઈ સહિત પાલિકા ઘન કચરાનો ઘરે ઘરે જઈ સંગ્રહ કરી એને અલગ પાડવો અને પરિવહનનો સમાવેશ થાય છે.

૯ જાન્યુઆરી, ૨૦૨૬ના દિવસે જારી કરવામાં આવેલા વર્ક ઓર્ડર સોમવારે કંપનીને સત્તાવાર રીતે પ્રાપ્ત થયા હતા.

આ ઓર્ડર કંપની માટે મોટી સિદ્ધિ છે. આ ઉપરાંત પુણેના સમાજ કલ્યાણ કમિશનરેટ તરફથી રૂ. ૩૭૦ કરોડનો કરાર અને આંધ્ર પ્રદેશના તબીબી શિક્ષણ નિયામક તરફથી રૂ. ૧૬૮ કરોડનો ઓર્ડર પણ કંપનીને મળ્યા છે.

વ્યવસાયિક તિતે ક્રિસ્ટલે નાણાકીય વર્ષ ૨૦૨૫માં શાનદાર પ્રદર્શન કર્યું હતું જેમાં રૂ. ૬૩ કરોડનો ચોખ્ખો નફો થયો હતો, જે વાર્ષિક ધોરણે ૨૮ ટકાનો વધારો દર્શાવે છે. (પીટીઆઈ)

## પુત્રની ઘેલછામાં સાસરિયાંનો ત્રાસ: મહિલાએ જીવન ટૂંકાવ્યું

બીડ: પુત્રની ઘેલછામાં પતિ-સાસરિયાં દ્વારા અપાતા કથિત ત્રાસથી કંટાળીને મહિલાએ જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની બપોરે કૈજ તહેસીલના ઉન્દ્રી ગામમાં બની હતી. આ પ્રકરણે પોલીસે આત્મહત્યા માટે ઉશ્કેરવાનો ગુનો નોંધ્યો હતો.

ત્રણ દીકરીની માતા અરુણા ઉદ્ધવ ઠોંબરે (૨૫)એ તેના નિવાસસ્થાને સીલિંગ ફૅન સાથે ગળાફાંસો ખાધો હતો. લાતુર જિલ્લાની વતની અરુણાનાં લગ્ન ઑગસ્ટ, ૨૦૧૯માં ઉદ્ધવ સાથે થયાં હતાં. દંપતીને પાંચ વર્ષની એક પુત્રી અને ચાર વર્ષની જોડિયા બાળકી છે.

એફઆઈઆર અનુસાર પતિ દ્વારા અરુણાને શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. એ સિવાય પુત્રની ઘેલછામાં સાસરિયાં પણ ત્રાસ આપતાં હતાં.

મહિલાના પરિવારજનોએ આક્ષેપ કર્યો હતો કે અરુણાને સાસરામાં સતત ત્રાસ આપવામાં આવતો હતો, જેને પગલે તે અંતિમ પગલું ભરવા દોરાઈ હતી, એવું અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ)

# મુંબઈ હારી જતાં કર્ણાટક સેમિમાં, સૌરાષ્ટ્ર પણ જીતીને લાસ્ટ ફોરમાં

અલુર (બેંગલૂરુ): ભારતના મહાન ક્રિકેટર વિજય હઝારેના નામ પરથી દર વર્ષે રમાતી વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટમાં સોમવારે બેંગલૂરુમાં વરસાદ અને નબળા પ્રકાશને કારણે બન્ને ક્વૉર્ટર ફાઈનલ ખોરવાઇ ગઈ હતી. પહેલી ક્વૉર્ટરમાં ખરાબ હવામાન પછી મુંબઈનો કર્ણાટક સામે ૫૫ રનથી પરાજય થયો હતો, જ્યારે બીજી ક્વૉર્ટરમાં સૌરાષ્ટ્રનો ઉત્તર પ્રદેશ સામે ૧૭ રનથી વિજય થયો હતો. કર્ણાટક અને સૌરાષ્ટ્ર હવે સેમિ ફાઈનલમાં પહોંચી ગયા છે. બેંગલૂરુમાં અલુરના એક મેદાન પર મુંબઈએ શમ્સ મુલાનીના ૮૬ રનની મદદથી ૫૦ ઓવરમાં ૮ વિકેટે ૨૫૪ રન કર્યા હતા. કર્ણાટકે જીતવા ૫૦ ઓવરમાં ૨૫૫ રન કરવાના હતા. મૅન ઑફ ધ મૅચ દેવદત્ત પડિક્કલના અણનમ ૮૧ રન અને કરુણ નાયરના અણનમ ૭૪ રનની મદદથી કર્ણાટકનો સ્કોર ૩૩ ઓવરમાં ૧/૧૮૭ હતો ત્યારે વરસાદ અને બૅડલાઈટ નડતાં ભારતની ખૂબ આસાન વીજેડી (વી. જયદેવન પદ્ધતિ) લાગુ કરાઈ હતી. એ મુજબ કર્ણાટકે ૩૩ ઓવરમાં જીતવા ૧૩૩ રન કરવા જોઈતા હતા, જ્યારે એણે ૧૮૭ રન કરી લીધા હોવાથી એને (કર્ણાટકને) વિજેતા ઘોષિત કરાયું હતું. સૌરાષ્ટ્રએ જીતવા ૫૦ ઓવરમાં ૩૧૧ રન કરવાના હતા. જોકે એનો સ્કોર ઓપનર હાર્વિક દેસાઈના અણનમ ૧૦૦ રન, મૅન ઑફ ધ મૅચ પ્રેરક માંકડના ૬૭ રન તેમ જ ચિરાગ જાનીના અણનમ ૪૦ રનની મદદથી ૪૦.૧ ઓવરમાં ૩/૨૩૮ હતો ત્યારે આસાન વીજેડી પદ્ધતિ લાગુ કરાઈ હતી. એ મુજબ સૌરાષ્ટ્રએ ૪૦.૧ ઓવરમાં જીતવા ૨૨૨ રન કરવા જોઈતા હતા, જ્યારે એણે ૨૩૮ રન કરી લીધા હોવાથી એને (સૌરાષ્ટ્રને) વિજેતા જાહેર કરવામાં આવ્યું હતું. ■







### રાજકોટ, આવી ગયા છીએ અમે...

ન્યૂ ઝીલેન્ડ અને ભારત વચ્ચે ચાલી રહેલી વન-ડે સિરીઝની બીજી મેચ આવતી કાલે મકર સંક્રાંતના દિવસે રાજકોટમાં રંમાવા છે અને તેના માટે ભારતીય ટીમ સોમવારે શહેરમાં આવી પહોંચી હતી. જૂના જોગીઓ રોહિત શર્મા અને વિરાટ કોહલી હોટેલ પર પહોંચ્યા ત્યારે તેમને જોવા માટે ખાસ્સી ગિરદી થઈ ગઈ હતી. બાપુ રવિન્દ્ર જાડેજાને જોઈને પણ લોકો ગાંડા થયા હતા. (એજન્સી)

# સુંદર ઇન્જર્ડ, સિરીઝમાંથી આઉટ: આયુષ બદોનીને સ્થાન આપ્યું



નવી દિલ્હી: ભારતીય ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદર પાંસળીની ઈજાને કારણે ન્યૂઝીલેન્ડ સામેની વન-ડે સિરીઝમાંથી બહાર થઈ ગયો છે અને તેના સ્થાને આયુષ બદોનીને પહેલી વાર સિનિયર ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. નોંધનીય છે કે વોશિંગ્ટનને ન્યૂઝીલેન્ડ સામેની પહેલી વન-ડે દરમિયાન ઈજા થઈ હતી. ૨૬ વર્ષીય ખેલાડીએ પાંચ ઓવરમાં ૨૭ રન આપ્યા અને ન્યૂઝીલેન્ડની ઇનિંગ દરમિયાન મેદાન છોડી દીધું હતું. જોકે બાદમાં તેણે ફિલ્ડિંગ કરી ન હતી. બાદમાં તે આઠમા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો. ભારતે મેચ ચાર વિકેટથી જીતી લીધી હતી.

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ''ઓલરાઉન્ડર વોશિંગ્ટન સુંદરને રવિવારે વડોદરાના બીસીએ સ્ટેડિયમમાં રમાયેલી ન્યૂઝીલેન્ડ સામેની પહેલી વન-ડે દરમિયાન બોલિંગ કરતી વખતે તેની ડાબી પાંસળીના નીચેના ભાગમાં તીવ્ર દુખાવો થયો હતો.'' વધુમાં કહેવામાં આવ્યું હતું કે ''તેનું સ્કેન કરવામાં આવશે. ત્યારબાદ બીસીસીઆઈની મેડિકલ ટીમ નિષ્ણાતની સલાહ લેશે.'' વોશિંગ્ટન સિરીઝની બાકીની બે મેચમાં રમી શકશે નહીં.

વધુમાં કહેવામાં આવ્યું હતું કે, ''પસંદગી સમિતિએ તેના સ્થાને આયુષ બદોનીને ટીમમાં સામેલ કર્યો હતો. બદોની બુધવારે રાજકોટમાં ટીમમાં જોડાશે, જ્યાં બીજી વનડે રમાશે.'' રાષ્ટ્રીય ટીમમાં બદોનીને સ્થાન મળતા તે મંગળવારે બેંગલૂરુમાં વિદર્ભ સામે દિલ્હીની વિજય હઝારે ટ્રોફીની ક્વાર્ટર ફાઇનલમાં રમશે નહીં.

૨૬ વર્ષીય ખેલાડીએ ઇન્ડિયન પ્રીમિયર લીગમાં લખનઊ સુપર જાયન્ટ્સ તરફથી શાનદાર પ્રદર્શન કર્યું છે. ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં બદોનીની બેટિંગ સરેરાશ ૫૭.૯૬ છે, પરંતુ લિસ્ટ-એ ક્રિકેટમાં તેનું પ્રદર્શન ઓછું પ્રભાવશાળી છે. ■

# મને ઑલરાઉન્ડર તરીકે ઘડવામાં આવી રહ્યો છે : હર્ષિત રાણા

વડોદરા: ભારતીય ટીમના મુખ્ય કોચ ગૌતમ ગંભીરને ઓલરાઉન્ડરો પ્રત્યે ખાસ પ્રેમ છે તે ખૂબ જાણીતી વાત છે અને ફાસ્ટ બોલર હર્ષિત રાણાએ પુષ્ટી કરી હતી કે ટીમ મેનેજમેન્ટે તેને તેની બેટિંગમાં સુધારો કરવાનું કહ્યું છે. રવિવારે ન્યૂ ઝીલેન્ડ સામેની પ્રથમ વનડેમાં ભારતની ચાર વિકેટની જીતમાં રાણાએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેણે ન્યૂ ઝીલેન્ડના બંને ઓપનરોને આઉટ કર્યા હતા અને પછી લક્ષ્યનો પીછો કરતી વખતે ભારત મુશ્કેલ પરિસ્થિતિમાં હતું ત્યારે ૨૩ બોલમાં ૨૯ રન ફટકાર્યા હતા. ઈજાગ્રસ્ત વોશિંગ્ટન સુંદરની અગાઉ રાણાએ બેટિંગ કરી હતી.


મેચ પછી રાણાએ પત્રકારોને જણાવ્યું હતું કે, ''ટીમ મેનેજમેન્ટ મને ઓલરાઉન્ડર તરીકે તૈયાર કરવા માગે છે અને હું સતત તેના પર કામ કરી રહ્યો છું. હું પ્રેક્ટિસ સત્રો દરમિયાન મારી બેટિંગ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છું. તે આત્મવિશ્વાસની વાત હતી અને કેએલ (રાહુલ) ભાઈએ મને મદદ કરી હતી.''

વનડે માટે મુખ્ય ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યાની ગેરહાજરીને કારણે રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન બંનેને પ્રથમ વનડે માટે ભારતીય ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા. ભારતે તાજેતરમાં પ્લેઇંગ ઇલેવનમાં વધુ ઓલરાઉન્ડરોનો સમાવેશ કરવાનું પસંદ કર્યું છે, જેના કારણે ગંભીરની ટીકા થઈ રહી છે.

રાણાએ કહ્યું હતું કે, ''મારી ટીમ ઇચ્છે છે કે હું ઓલરાઉન્ડર તરીકે આઠમા નંબર પર બેટિંગ કરું. હું પ્રેક્ટિસ સત્રો દરમિયાન શક્ય તેટલું તેના પર ધ્યાન કેન્દ્રિત કરું છું. મારું માનવું છે કે જો જરૂર પડે તો હું નીચેના ક્રમમાં બેટિંગ કરતી વખતે ટીમ માટે ૩૦-૪૦ રન કરી શકું છું અને ટીમ મેનેજમેન્ટ પણ માને છે કે હું તે કરી શકું છું.'' વિરાટ કોહલી (૯૩), જાડેજા (૦૪) અને શ્રેયસ ઐયર (૪૯) ના આઉટ થયા પછી રાણાએ રાહુલ સાથે મળીને છઠ્ઠી વિકેટ માટે ૩૭ રનની ભાગીદારી કરીને ભારતને જીત અપાવી હતી. ■

# શિખર ધવને આઈરિશ ગર્લફ્રેન્ડ સાથે સગાઈ કરી લીધી, ફેબ્રુઆરીમાં લગ્ન

નવી દિલ્હી: ભારતીય ટીમના ભૂતપૂર્વ ઓપનર શિખર ધવને સોમવાર ઈન્સ્ટાગ્રામ પર આઈરિશ ગર્લફ્રેન્ડ સોફી શાઈન સાથે સગાઈની જાહેરાત કરી છે. શિખર અને સોફી ગયા વર્ષે પહેલી મેના રોજ તેમના સંબંધોની પુષ્ટિ કર્યા બાદ લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા.બંને ફેબ્રુઆરીમાં પરણશે એવા અહેવાલો છે. સોફીએ આ કપલનો એક ફોટો અપલોડ કર્યો હતો, જે સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થયો હતો. સોફીએ આ ફોટોના કેપ્શનમાં ''માય લવ'' સાથે હાર્ટ ઈમોજી મૂક્યું હતું, જે તે સમયે તેમના સંબંધોની પ્રથમ જાહેરમાં કબૂલાત હતી. આ પોસ્ટ સાથે જ ધવનના અંગત જીવનને લઈને ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. આ વર્ષની શરૂઆતમાં, ધવન અને સોફી દુબઈમાં ચેમ્પિયન્સ ટ્રોફીની મેચ દરમિયાન સાથે જોવા મળ્યા હતા. આ જોડી એક મીડિયા કોન્ક્લેવમાં પણ હાજર રહી હતી, જ્યાં પૂર્વ ભારતીય ઓપનરે સંકેત આપ્યો હતો કે તેને ફરીથી પ્રેમ મળ્યો છે. આ ઉપરાંત, આઈપીએલ (આઈપીએલ)માં પંજાબ કિંગ્સ તરફથી રમતી વખતે સોફી સતત શિખરને સપોર્ટ કરતી જોવા મળી હતી.






### કોણ છે સોફી શાઈન?

સોફીની લિંક્ડઈન પ્રોફાઇલ મુજબ, તે એક આઇરિશ પ્રોડક્ટ કન્સલ્ટન્ટ છે અને હાલમાં અમેરિકા સ્થિત ફાઇનાન્શિયલ સર્વિસિસ ફર્મ 'નોર્ધન ટ્રસ્ટ કોર્પોરેશન'માં સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ પ્રોડક્ટ કન્સલ્ટન્ટ તરીકે કાર્યરત છે. અહેવાલો મુજબ, શિખર ધવન અને સોફીની મુલાકાત યુએઈ (યુએઈ)માં થઈ હતી, જ્યાં સોફી હાલમાં રહે છે. સોફીએ આયર્લેન્ડની લિમેરિક ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાંથી માર્કેટિંગ અને મેનેજમેન્ટમાં લાયકાત મેળવી છે અને તેનો પ્રારંભિક અભ્યાસ આયર્લેન્ડની કેસલરોય કોલેજમાં થયો છે. ■

# ઈન્ડિયા ઓપન સુપર ૭૫૦માં ભારતના ટોચના શટલર હોમ એડવાન્ટેજનો લાભ લઈ શકશે?

નવી દિલ્હી : અહીં મંગળવારથી શરૂ થતી ૯,૫૦,૦૦૦ અમેરિકન ડૉલરની ઈન્ડિયા ઓપન સુપર ૭૫૦માં ભારતના પી. વી. સિંધુ અને લક્ષ્ય સેન સહિતના ટોચના ખેલાડી ઘરઆંગણાની કોર્ટમાં તેમના તાજેતરના ફોર્મને સારા પરિણામમાં બદલવાનો પ્રયાસ કરશે. જોકે છેલ્લાં પંદર વર્ષમાં ભારતના ખેલાડીઓ હોમ એડવાન્ટેજ લેવામાં એટલા સફળ થયા નથી. જૂજ ખેલાડીઓએ જ ટાઈટલ મેળવ્યા છે. ભારતના ખેલાડીને વિકટ ડ્રો મળ્યો છે. સેનનો પહેલા જ રાઉન્ડમાં આયુષ શેટ્ટી સાથે મુકાબલો થશે, જ્યારે સિંધુનો મુકાબલો વિયેટનામની ગુયેન થુ લિન્હ સાથે થશે.

સિંધુ ૨૦૧૭ની વિજેતા છે. તે મલેશિયા ઓપન સુપર ૧૦૦૦માં સેમિ ફાઈનલમાં પહોંચી હતી. તેનો સેમિ ફાઈનલમાં ચીનની વાન્ગ ઝીયી સામે પરાજય થયો હતો. સ્પર્ધા ઈંદિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમમાં યોજાશે. બે વાર ઑલિમ્પિકમાં ચંદ્રક જીતનાર સિંધુને ઈજાને લીધે પોરો ખાવો પડ્યો હતો. તેણે કહ્યું હતું કે હું મારા ૧૦૦ ટકા દઈશ. ૨૦૨૨ના વિજેતા સેને ૨૦૨૫માં ઓસ્ટ્રેલિયન ઓપન સુપર ૫૦૦ જીતી હતી. જોકે મલેશિયા ઓપનમાં તેને પછડાટ ખાવી પડી હતી. (એજન્સી) ■

# મેં જરૂરી બ્રેક લીધો હતો: પી.વી. સિંધું



નવી દિલ્હી : ભારતની સ્ટાર મહિલા બેડમિન્ટન ખેલાડી પી.વી. સિંધુ મંગળવારથી અહીં શરૂ થઈ રહેલી યોનેક્સ સનરાઇઝ ઇન્ડિયા ઓપન સુપર ૭૫૦માં રમતી જોવા મળશે. બે વખતની ઓલિમ્પિક મેડલ વિજેતાને પગમાં ઈજાના કારણે ઓક્ટોબરથી બીડબલ્યૂએફ ટુનામેન્ટમાંથી હટી જવું પડ્યું હતું. તેણે પત્રકારો સાથે વાત કરતા જણાવ્યું હતું કે માનસિક રીતે પણ મે બ્રેક લીધો કારણ કે તે ખૂબ જરૂરી હતો. જ્યારે તમે ઈજાગ્રસ્ત થાવ છો ત્યારે તે તમે ક્યાં છો અને શું થવાનું છે તેના સંદર્ભમાં પણ અસર કરે છે. શું તમે ૧૦૦ ટકા સ્વસ્થ થઈને વાપસી કરશો? તમારા મનમાં ઘણા પ્રશ્નો છે જ્યાં તમે તેના માટે જવાબદાર છો. તેનાથી મને વધુ મજબૂત અને સારી રીતે વાપસી કરવામાં મદદ મળી હતી.''

સિંધુને પગમાં ઈજા થઈ હતી. તેણે કહ્યું હતું કે બેડમિન્ટનમાં ફૂટવર્ક મહત્વનું છે. તમારે તમારા પગ પર ઝડપી રહેવાની જરૂર છે, તેથી પાછા ફરતા પહેલા યોગ્ય રીતે સ્વસ્થ થવું જરૂરી હતું.

હું ખાતરી કરવા માંગતી હતી કે હું સંપૂર્ણપણે ઈજામાંથી મુક્ત થઈ જાઉં અને ટુનામેન્ટમાં ૧૦૦ ટકા આપી શકું. ઓફ-સીઝન દરમિયાન સિંધુએ સ્ટ્રેન્થ અને કન્ડીશનીંગ કોચ વેઇન લોમ્બાર્ડ સાથે કામ ફરી શરૂ કર્યું હતું. સિંધુએ કહ્યું હતું , ''મેં તેમની સાથે અગાઉ ઓલિમ્પિક્સ પહેલાં અને દરમિયાન કામ કર્યું હતું અને અમે ઈજા પછી તરત જ બે મહિના પહેલા સાથે તાલીમ ફરી શરૂ કરી હતી. અત્યાર સુધી વસ્તુઓ સારી રીતે ચાલી રહી છે.''

સિંધુએ કહ્યું કે તેણીએ રિહેબિલિટેશન દરમિયાન એટલાન્ટામાં થોડો સમય પણ વિતાવ્યો હતો. બ્રેક દરમિયાન હું અમેરિકા ગઈ હતી. તેમાં રિકવરી અને પરિવાર સાથે સમય વિતાવ્યો હતો. ઉત્તમ ટ્રેનર્સ અને ફિઝિયો સાથે કામ કર્યું હતું. ■

# 'બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ જૂઠું બોલે છે'

## સલામતીને મામલે ભારતમાં રમવા સંબધી વિધાનો પર આઈસીસીનો ઉગ્ર જવાબ

નવી દિલ્હી: બાંગ્લાદેશના સ્પોર્ટ્સ એડવાઈઝર આસીફ નઝરુલે સોમવારે દાવો કર્યો હતો કે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ ટી-૨૦ વિશ્વ કપ માટે ભારતમાં રમવાની સુરક્ષા ચિંતાને સ્વીકારી હતી. જોકે રમતની સંચાલન સંસ્થા આઈસીસીએ આ દાવાને 'નર્યું જુઠાણું ' ગણાવ્યું હતું.

બાંગ્લાદેશે સાત ફેબ્રુઆરીથી શરૂ થનારા વિશ્વ કપમાં ભાગ લેવા ભારત જવાની ના પાડી છે. બાંગ્લાદેશે તેની મૅચો સહઆયોજક શ્રીલંકામાં ખસેડવામાં આવે. ભારત ક્રિકેટ કટ્રોલ બોર્ડની સૂચનાથી પેસર મુસ્તાફિઝુર રહેમાનને આઈપીએલમાંથી રિલીઝ કરવામાં આવ્યો હતો. નઝરુલે ઢાકામાં કહ્યું હતું કે હું કહેવા માગું છું કે આઈસીસીની સિક્યોરિટી ટીમે બાંગ્લાદેશ બોર્ડને એક પત્ર લખીને ત્રણ બાબતોને લીધે બાંગ્લાદેશની સુરક્ષા ચિંતા વધશે. પહેલા તો રહેમાનને બાંગ્લાદેશની ટીમમાં સામેલ કરાશે.

બે, બાંગ્લાદેશના ટેકેદારો બાંગ્લાદેશની નેશનલ જર્સી પહેરીને ફરશે અને ત્રીજું, બાંગ્લાદેશમાં ચૂંટણી નજીક આવશે એમ ટીમની સુરક્ષાની ચિંતા વધશે. આઈસીસીએ પત્ર લખવાની વાત માન્ય રાખી હતી, પરંતુ નઝરુલના દાવો સ્વીકાર્યો નહોતો. (એજન્સી) ■

# અનુરાગ ઠાકુરે સુપ્રીમ કોર્ટમાં કરી અરજી, બીસીસીઆઈ સંબંધિત આદેશમાં સુધારાની માગણી

નવી દિલ્હી: ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને બીસીસીઆઈના પૂર્વ અધ્યક્ષ અનુરાગ ઠાકુરે શુક્રવારે સુપ્રીમ કોર્ટમાં એક અરજી દાખલ કરીને ૨૦૧૭ના આદેશમાં સંશોધન કરવાની માગ કરી હતી જેમાં તેમને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના મામલામાંથી ''તાત્કાલિક અલગ થવાનો'' નિર્દેશ આપવામાં આવ્યો હતો. ઠાકુર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ પી.એસ. પાટવલીની દલીલો સાંભળ્યા પછી મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને જસ્ટિસ જોયમલ્યા બાગચીની બનેલી બેન્ચે કહ્યું કે તે બે અઠવાડિયા પછી આ મામલાની સુનાવણી કરશે.

પાટવલીએ કહ્યું હતું કે, ''૨ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સુપ્રીમ કોર્ટે મને સાંભળ્યા વિના જ બીસીસીઆઈ સંબંધિત કામમાંથી પોતાને અલગ રહેવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે પછીથી મારી સામે શરૂ કરાયેલી અવમાનના અને ખોટી જુબાનીની કાર્યવાહી પાછી ખેંચી લીધી હતી. હવે હું ફક્ત તે 'સીઝ એન્ડ ડેસિસ્ટ' આદેશમાં સંશોધન કરવાની માંગ કરું છું.''

ખંડપીઠે કહ્યું કે બીસીસીઆઈ સંબંધિત અન્ય તમામ પેન્ડિંગ અરજીઓને ત્રણ અઠવાડિયા પછી સૂચિબદ્ધ કરવામાં આવશે. કોર્ટે આ કેસમાં એમિકસ ક્યુરી તરીકે નિયુક્ત કરાયેલા વરિષ્ઠ વકીલ મનિન્દર સિંહને મુદ્દાઓ પર આધારિત તમામ હસ્તક્ષેપ અને વચગાળાની અરજીઓને અલગ કરીને કોર્ટ સમક્ષ રજૂ કરવાનો નિર્દેશ પણ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ૨ જાન્યુઆરી, ૨૦૧૭ના રોજ સુપ્રીમ કોર્ટે અનુરાગ ઠાકુર સામે અવમાન અને ખોટી જુબાનીની કાર્યવાહી શરૂ કરી હતી. ■

# ભારતીય ઓલિમ્પિક એસોસિયેશને અમદાવાદમાં નેશનલ ઓલિમ્પિક એકેડેમીની ફરી કરી શરૂઆત

નવી દિલ્હી: ભારતીય ઓલિમ્પિક એસોસિયેશન (આઈઓએ) એ સોમવારે અમદાવાદમાં રાષ્ટ્રીય ઓલિમ્પિક એકેડેમી (એનઓએ) ને ઔપચારિક રીતે ફરીથી શરૂ કરવાની જાહેરાત કરી હતી અને તેનું નેતૃત્વ આઈઓએ અધ્યક્ષ અને ભૂતપૂર્વ ઍથ્લીટ પીટી ઉષા કરશે. આને ભારતમાં ઓલિમ્પિકના અભિયાનને મજબૂત બનાવવા તરફ એક મોટું પગલું ગણાવવામાં આવી રહ્યું છે. આઈઓએએ એમ પણ કહ્યું હતું કે રાષ્ટ્રીય ઓલિમ્પિક શિક્ષણ અને વિકાસ કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવશે. આઈઓએએ એક નિવેદનમાં કહ્યું હતું કે ''આઈઓએ જનરલ એસેમ્બલીએ સર્વાનુમતે રાષ્ટ્રીય ઓલિમ્પિક એકેડેમીના પ્રમુખ તરીકે પ્રમુખ પીટી ઉષા અને આઈઓએ ઉપપ્રમુખ અને ઓલિમ્પિક મેડલ વિજેતા ગગન નારંગને એકેડેમીના ડિરેક્ટર તરીકે મંજૂરી આપી છે.''

ગાંધીનગરમાં ઇન્ડિયા સેન્ટર ઓફ ઓલિમ્પિક રિસર્ચ એન્ડ એજ્યુકેશન રાષ્ટ્રીય સંરક્ષણ યુનિવર્સિટીમાં સ્થિત હતું. જોકે એનઓએ ૨૦૧૮થી અસ્તિત્વમાં છે. કોવિડ-૧૯ મહામારી સહિત વિવિધ કારણોસર તેનું કાર્ય બંધ કરવામાં આવ્યું હતું. આઈઓએના સીઈઓ રઘુરામ ઐયરે પીટીઆઈને જણાવ્યું હતું કે, ''નેશનલ ઓલિમ્પિક એકેડેમી ૨૦૧૮થી અસ્તિત્વમાં છે, પરંતુ કોરોના મહામારી જેવા કારણોસર કાર્યરત નહોતી. તેથી તેને ફરીથી શરૂ કરવામાં આવી રહી છે.''

આ નિર્ણયો આઠ જાન્યુઆરીના રોજ આઈઓએ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં લેવામાં આવ્યા હતા અને નવ જાન્યુઆરીના રોજ વાર્ષિક સામાન્ય સભામાં આઈઓએ જનરલ એસેમ્બલી દ્વારા સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી. બંને બેઠકો અમદાવાદમાં યોજાઈ હતી. ■

# સોફી ડિવાઈનની તોફાની રમતથી ગુજરાત જાયન્ટ્સની જીત

નવી મુંબઈ: રવિવારે રાત્રે માઈકલ બ્રેસવેલની કેપ્ટન્સીમાં ન્યૂ ઝીલેન્ડની મેન્સ ટીમ વડોદરામાં ભારત સામેની પ્રથમ વન-ડેમાં પરાજિત થઈ, પરંતુ એની આસપાસના જ સમય દરમ્યાન ન્યૂ ઝીલેન્ડની ટોચની મહિલા ઑલરાઉન્ડર સોફી ડિવાઈન નવી મુંબઈના ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ગુજરાત જાયન્ટ્સની ટીમને જીતાડી રહી હતી.

ગુજરાતની ટીમની ૩૬ વર્ષની પેસ બોલિંગ ઑલરાઉન્ડર સોફી ડિવાઈને વિમેન્સ પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ્સ સામેની મેચમાં પહેલાં તો ૪૨ બોલમાં આઠ છગ્ગા અને સાત ચોગ્ગાની મદદથી ૯૫ રન કર્યા હતા અને પછી ૨૧ રનમાં ડીસીની બે વિકેટ લીધી હતી અને મેચની અંતિમ ઓવરમાં દિલ્હીને જીતવા છ રન નહોતા કરવા દીધા. સોફીએ પ્લેયર ઑફ ધ મેચનો પુરસ્કાર જીતી લીધો હતો.

**જેમિમાની દિલ્હીની ટીમ કેવી રીતે હારી?**

ગુજરાતની ટીમે ૨૦૯ રન કર્યા બાદ જેમિમા રોડ્રિગ્સનાં સુકાનમાં દિલ્હીની ટીમ લિઝેલ લીનાં ૮૬ રન અને લોરા વોલવાર્ટના ૭૭ રન છતાં ૨૧૦ રનના લક્ષ્યાંક સામે પાંચ વિકેટે ૨૦૫ રન કરી શકી હતી અને ફક્ત પાંચ રનથી એનો પરાજય થયો હતો.

**રેકોર્ડ-બુકમાં ઘણું નવું આવ્યું**

(૧) રવિવારની મેચમાં ગુજરાત-દિલ્હીએ મળીને કુલ ૪૧૪ રન કર્યા હતા જે ડબ્લ્યૂપીએલના ચાર વર્ષના ટૂંકા ઇતિહાસમાં સેકન્ડ હાઈએસ્ટ છે. યુપી-બેંગલૂરુનાં ૨૦૨૪ની મેચના ૪૩૮ રન હાઈએસ્ટ છે.

(૨) ગુજરાત-દિલ્હીની કુલ ૨૦ સિક્સર ડબ્લ્યૂપીએલમાં બીજા નંબરે છે. ગુજરાત-યુપીની મેચની કુલ ૨૧ સિક્સરનો ડબલ્યૂપીએલમાં રેકોર્ડ છે.

(૩) ડબલ્યૂપીએલની એક જ મેચમાં સૌથી વધુ છગ્ગા ફટકારવામાં હવે ગુજરાતની ટીમ ૧૩ સિક્સર સાથે નંબર વન છે. ■



# પાંચ દિવસની પછડાટ બાદ સેન્સેક્સે વધુ ૭૧૫ પોઇન્ટની નીચે પટકાઇને અંતે 300 પોઇન્ટના સુધારો નોંધાવ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ એકધારા પાંચ સત્રની પીછેહઠ બાદ સોમવારે ભારતીય શેરબજારોમાં ઉછાળો જોવા મળ્યો હતો. રોકાણકારોએ નવી દિલ્હી અને વોશિંગ્ટન વચ્ચે વેપાર અંગે નવી વાતચીતના સંકેતોથી રાહત અનુભવી હોવાથી વેચવાલીનો જબરો ટેકો આપ્યો હતો. ભારતમાં આવનારા અમેરિકન રાજદૂતે ૧૩ જાન્યુઆરીએ ટ્રેડ ડીલ પર ચર્ચા શરૂ થવાના સંકેત આપ્યા પછી સેન્સેક્સ નીચી સપાટીથી ભછળ્યો હતો. સેન્સેક્સ સત્ર દરમિયાન ૭૧૫.૧૭ પોઇન્ટના કડાકા સાથે ૮૨,૮૬૧ની નીચી સપાટીને અથડાયા બાદ અંતે ૩૦૧.૯૩ પોઈન્ટ અથવા ૦.૩૬ ટકા વધીને ૮૩,૮૭૮.૧૭ની સપાટી પર સ્થિર થયો, જ્યારે નિફ્ટી ૧૦૬.૯૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા વધીને ૨૫,૭૯૦.૨૫ પર બંધ થયો હતો.

ટાટા સ્ટીલ, એશિઅન પેઇન્ટ, ટ્રેન્ટ, સ્ટેટ બેન્ક, હિંદુસ્તાન યુનિલીવર, અલ્ટ્રાટેક સિમેન્ટ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને ભારતી એરટેલ ટોપ ગેઇનરમાં સામેલ હતા. જ્યારે ઇન્ફોસિસ, બજાજ ફાઇનાન્સ, ભારત ઇલેક્ટ્રોનિક્સ, લાર્સન એન્ડ ટૂબ્રો અને એચડીએફસી બેન્ક ટોપ લુઝરમાં સામેલ હતા.

પાવર ફાઇનાન્સ કોર્પોરેશન લિમિટેડનો રૂ. ૫૦૦૦ કરોડ સુધીના સિક્યોર્ડ રેટેડ લિસ્ટેડ રિડીમેબલ નોન કન્વર્ટિબલ ડિબેન્ચર્સનો પબ્લિક ઇશ્યૂ ૧૬ જાન્યુઆરીના રોજ સબસ્ક્રિપ્શન માટે ખુલશે અને ૩૦ જાન્યુઆરીએ બંધ થશે. એનસીડી પાંચ વર્ષ, ૧૦ વર્ષ, ૧૫ વર્ષ અને એક ખાસ એક મહિનાના વિકલ્પ સહિત વિભિન્ન મુદતોમાં વાર્ષિક ૬.૮૦ ટકાથી ૭.૩૦ ટકા સુધીની અસરકારક ઉપજ આપશે.

ચંદન હેલ્થકેર લિમિટેડે જીના શીખો લાઇફકેર લિમિટેડ સાથેના વ્યૂહાત્મક સહયોગ હેઠળ, પંજાબના ચંદીગઢના ડેરા બસ્સીમાં ડાયગ્નોસ્ટિક કામગીરી શરૂ કરી છે. પ્રદેશમાં જીના શીખો લાઇફકેર દ્વારા સંચાલિત એક મોટી સંકલિત હોસ્પિટલ સુવિધામાં સફળ ટ્રાયલ રન બાદ કામગીરી શરૂ થઈ છે. આ સુવિધા ચંદન હેલ્થકેર માટે ઇનપેશન્ટ અને આઉટપેશન્ટ બંને સેવાઓમાં સ્થિર કેપ્ટિવ ડાયગ્નોસ્ટિક વોલ્યુમ ઊભું કરશે તેવી અપેક્ષા છે.

મારુતી ગુજરાતમાં વિસ્તરણ યોજના માટે રૂ. ૪૯૬૦ કરોડની જમીન ખરદીવાની હિલચાલમાં છે. એલેમ્બિકને કેન્સર ટ્રીટમેન્ટ ડ્રગ માટે યુસએફડીએની કામચલાઉ મંજૂરી મળી છે. સેકટરલ ધોરણે મિશ્ર ચિત્ર જોવા મળ્યું હતું, જેમાં બેંકિંગ, ફાઇનાન્સ અને મેટલ્સમાં પસંદગીયુક્ત લેવાલીજોવા મળી હતી. એકંદરે એફએમસીજી અને પીએસયુ બેંકોમાં પણ સાધારણ ટેકો જોવા મળ્યો. દરમિયાન, રિયલ્ટી, મીડિયા, મિડકેપ-હેવી સેગમેન્ટ્સ અને ટેકનોલોજીમાં નબળાઈ ચાલુ રહી, જે વ્યાપક બજારમાં સાવચેતીભર્યા સેન્ટિમેન્ટને પ્રતિબિંબિત કરે છે.

સત્રની શરૂઆતમાં બંને બેન્ચમાર્ક દબાણ હેઠળ હતા, સેન્સેક્સ ૭૧૫ પોઈન્ટ સુધી સરકી ગયો હતો અને નિફ્ટી થોડા સમય માટે ૨૫,૫૦૦ના સ્તરથી નીચે ગયો હતો, સેન્ટિમેન્ટ ચાલુ થાય તે પહેલાં, જેનાથી વેપાર સંબંધિત ચિંતાઓ હળવી થઈ ગઈ હતી. ભારત અને અમેરિકા વેપારમાં સક્રિય સહયોગ ચાલુ રાખશે, તેવી જાહેરાત થયા પછી ભારતીય શેરબજારો પ્રારંભિક નુકસાનીમાંથી બહાર આવ્યા અને બંને પક્ષો વચ્ચે આગામી વાતચીત મંગળવારે થવાની છે, એમ નવી




દિલ્હીમાં વોશિંગ્ટનના નવા નિયુક્ત રાજદૂત સર્જિયો ગોરે સોમવારે જણાવ્યું હતું.

અમેરિકાની તોતિંગ ટેરિફની આશંકાને કારણે સર્જાયેલા સાવચેતીના માનસ વચ્ચે ભારતીય શેરબજારોમાં વેચવાલીનું દબાણ ચાલુ રહેતા સોમવારે સતત છઠ્ઠા દિવસે ઘટાડો જારી રહ્યો હતો અને બેન્ચમાર્ક સેન્સેક્સમાં સત્ર દરમિયાન લગભગ ૭૦૦ પોઇન્ટ જેવો કડાકો જોવા મળ્યો હતો. માર્કેટ કેપનું નુકસાન આ તબક્કે અંદાજે રૂ. ૧૭ લાખ કરોડ સુધી પહોંચ્યું હતું. જોકે, સત્રના પાછલા ભાગમાં લેવાલીનો ટેકો મળતા બેન્ચમાર્ક તમામ ઘટાડો પચાવીને પોઝિટીવ ઝોનમાં આગળ વધ્યો હતો. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા નવી ટેરિફ-સંબંધિત ટિપ્પણીઓને પગલે વૈશ્વિક વેપાર અનિશ્ચિતતામાં વધારો થવાને કારણે ભારતીય ઇક્વિટી બજારો સમીક્ષા હેઠળના પાછલા આખા અઠવાડિયા દરમિયાન સતત દબાણ હેઠળ રહ્યા હતા. એકંદરે અમેરિકાએ ટેરિફ વધારવા આપેલી ધમકી, ભૂ-રાજકીય તંગદીલી અને એફઆઇઆઇની સતત વેચવાલીને કારણે શેરબજારમાં સતત પીછેહઠ જોવા મળી હતી. સાપ્તાહિક ધોરણે બંને બેન્ચમાર્કે અઢી ટકા ગુમાવ્યા છે. સાપ્તાહિક ધોરણે બંને બેન્ચમાર્કે અંદાજે અઢી ટકાનો કડાકો નોંધાવ્યો છે.

બજારના નિષ્ણાતો અનુસાર સેન્સેક્સ અને નિફ્ટી આ સપ્તાહમાં અનેક ચિંતાજનક બાબતો છે અને આ સપ્તાહે ત્રીજા ક્વાર્ટરના પરિણામો તથા વૈશ્વિક ચિંતાઓ બજારના મૂડને સેટ કરશે. આ સપ્તાહથી ત્રીજા ક્વાર્ટરના કમાણીની મોસમ શરૂ થાય છે. ભારતની કેટલીક ટોચની આઇટી કંપનીઓ જેમ કે ટીસીએસ, ઇન્ફોસિસ, એચસીએલ ટેકનોલોજી, વિપ્રો અને ટેક મહિન્દ્રા તેમના પરિણામો જાહેરા કરશે. આ પરિણામો સ્પષ્ટ ચિત્ર આપશે કે આઇટી ક્ષેત્ર મુશ્કેલ વૈશ્વિક વાતાવરણમાં કેવું પ્રદર્શન કરી રહ્યું છે. બજારમાં આઇટી શેરોનું વેઇટેજ મોટું હોવાથી, તેમના આંકડા સેન્સેક્સ અને નિફ્ટી પર મજબૂત અસર બતાવશે. રોકાણકારોની નજર ઇન્ફલેશન અને આર્થિક ડેટા પર પણ રહેશે. જેમાં ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવો, જથ્થાબંધ ભાવાંક આધારિત ફુગાવો, વ્યાપાર સંતુલન અને વિદેશી વિનિમય અનામતનો સમાવેશ થાય છે. આ આંકડા પરથી જાણવા મળશે કે ભારતનું અર્થતંત્ર કેટલું મજબૂત છે અને ભાવ દબાણ વધી રહ્યું છે કે ઘટી રહ્યું છે. ફુગાવાના આંકડા ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે તે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા વ્યાજ દરના નિર્ણયોને અસર કરે છે.

અગાઉ જણાવ્યાં અનુસાર વૈશ્વિક પરિબળો ભારતીય બજારોને પણ પ્રભાવિત કરશે. યુએસ સુપ્રીમ કોર્ટ ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પની વૈશ્વિક ટેરિફ યોજનાઓ સંબંધિત કેસોની સુનાવણી કરશે. કોઈપણ મોટો નિર્ણય અથવા આઘાતજનક આંચકા ઇક્વિટી બજારોને હડસેલી શકે છે અને ભારતીય અર્થતંત્રને પણ અસર કરી શકે છે. રોકાણકારો ચિંતિત છે કારણ કે ઊંચા ટેરિફ દરો વૈશ્વિક વેપારને નુકસાન પહોંચાડી શકે છે અને આર્થિક વિકાસને ધીમો પાડી શકે છે.

સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં મુખ્યત્વે ટાટાા સ્ટીલ ૨.૭૫ ટકા, એશિયન પેઈન્ટ ૨.૫૪ ટકા, ટ્રેન્ટ ૨.૦૫ ટકા, સ્ટેટ બેન્ક ૧.૫૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૧.૩૬ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૪ ટકા, ભારતી એરટેલ ૦.૮૭ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૦.૮૬ ટકા, ટાઈટન ૦.૬૮ ટકા, મારુતિ ૦.૬૫ ટકા અને અદાણી પોર્ટ્સ ૦.૫૭ ટકા વધ્યા હતા, જ્યારે ઈન્ફોસિસ ૧.૧૬ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૯૩ ટકા, બીઈએલ ૦.૨૯ ટકા, એચડીએફસી બેન્ક ૦.૨૨ ટકા અને લાર્સન ૦.૨૦ ટકા ઘટ્યા હતા.

## ડૉલર સામે રૂપિયામાં સાધારણ એક પૈસાનો સુધારો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ, વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવઘટાડો અને ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં આજે સત્ર દરમિયાન એક તબક્કે ડૉલર સામે રૂપિયામાં સાત પૈસાનો ઘટાડો જોવા મળ્યા બાદ અંતે આગલા બંધ સાધારણ એક પૈસાના સુધારા સાથે ૯૦.૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો. વધુમાં આજે અમેરિકી રાજદૂત ગોરે ભારત અને અમેરિકાના પ્રતિનિધિઓ સક્રિયપણે ટ્રેડ ડીલ કરવા માટે વાટાઘાટો કરી રહ્યા હોવાનું જણાવ્યું હોવાથી પણ રૂપિયામાં ધીમો સુધારો જોવા મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૦.૧૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૦.૨૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૦.૨૫ અને ઉપરમાં ૯૦.૧૩ સુધી મજબૂત થયા બાદ અંતે આગલા બંધ સામે સાધારણ એક પૈસાના સુધારા સાથે ૯૦.૧૭ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૨૮ પૈસાનો કડાકો બોલાઈ ગયો હતો.

વૈશ્વિક બજારમાં અનિશ્ચિતતા અને ભૂરાજકીય તણાવમાં વધારો થયો હોવા છતાં આજે અમેરિકી રાજદૂત સેરિજિયો ગોરે અમેરિકા અને ભારતના પ્રતિનિધિઓ સક્રિયપણે ટ્રેડ ડીલ અંગે વાટાઘાટો કરી રહ્યા હોવાનું જણાવતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બાઉન્સબૅક જોવા મળતાં સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં પણ રૂપિયામાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો અને સાધારણ ઘટાડા સાથે બંધ રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતા ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો ૮૯.૯૦થી ૯૦.૬૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૩૪ ટકા ઘટીને ૯૮.૫૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૨૮ ટકા વધીને બેરલદીઠ ૬૩.૧૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૩૦૧.૯૩ પૉઈન્ટ અને ૧૦૬.૯૫ પૉઈન્ટના સુધારા સાથે બંધ રહ્યા હતા, જ્યારે ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૩૭૬૯.૩૧ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

### ટ્રમ્પ- પૉવેલ વચ્ચેનો ગજગ્રાહ અને ભૂરાજકીય તણાવ વધતા વૈશ્વિક સોના-ચાંદી નવી ટોચે

## સ્થાનિકમાં ચાંદી ₹ ૧૩,૯૬૮ ઉછળીને ₹ ૨.૫૬ લાખની પાર, સોનામાં ₹ ૩૩૨૭નો ચમકારો

મુંબઈ: અમેરિકી વહીવટીતંત્રએ ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલ પર ફોજદારી તપાસ શરૂ કરી હોવાના અહેવાલ ઉપરાંત અમેરિકા અને વેનેઝુએલા વચ્ચેના તણાવ તથા ગ્રીનલેન્ડ હસ્તગત કરવા જેવાં ભૂરાજકીય તણાવોમાં વધારો થવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે એક તબક્કે હાજરમાં સોનાના ભાવ બે ટકા વધીને નવી ઊંચી સપાટીએ પહોંચ્યા હતા. તેમ જ ચાંદીના ભાવમાં પણ વધુ ૫.૫ ટકાની તેજી સાથે આગેકૂચ જળવાઈ રહી હતી. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૧૪થી ૩૩૨૭ વધી આવ્યા હતા, જેમાં શુદ્ધ સોનાએ રૂ. ૧.૪૦ લાખની સપાટી કુદાવી હતી. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ રૂ. ૧૩,૯૬૮ની તેજી સાથે રૂ. ૨.૫૬ લાખની પાર થઈ ગયા હતા.

આજે ૯૯૯ ટચ ચાંદીમાં ઊંચા મથાળેથી ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી રહી હતી, પરંતુ જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હોવા છતાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ.



૧૩,૯૬૮ના ઉછાળા સાથે રૂ. ૨,૫૬,૭૭૬ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે વિશ્વ બજાર પાછળ સોનામાં પણ તેજીનું વલણ જળવાઈ રહેતાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૩૧૪ વધીને રૂ. ૧,૩૯,૮૮૭ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૩૩૨૭ વધીને રૂ. ૧,૪૦,૪૪૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સોનામાં પણ ઊંચી સપાટીએથી સ્ટોકિસ્ટો અને રોકાણકારો સહિત જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૧.૯ ટકા વધીને ઔંસદીઠ ૪૫૯૬.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, તે પૂર્વે એક તબક્કે ભાવ વધીને ૪૬૦૦.૩૩ ડૉલરની નવી વિક્રમ સપાટી સુધી પહોંચ્યા હતા. આ સિવાય સોનાના ફેબ્રુઆરી વાયદામાં ભાવ ૨.૩ ટકા વધીને ૪૬૦૬.૨૦ ડૉલર તથા હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૮૪.૬૦ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ આગલા બંધ સામે ૫.૫ ટકા વધીને ૮૪.૩૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. એકંદરે આજે અમેરિકી વહીવટીતંત્ર અને ફેડરલ રિઝર્વના અધ્યક્ષ જૅરૉમ પૉવૅલ વચ્ચેનો તણાવ વધવાની સાથે ભૂરાજકીય તણાવમાં પણ વધારો થવાથી સોના અને ચાંદી જેવી કિંમતી ધાતુઓમાં સલામતી માટેની માગનો ટેકો મળ્યો હોવાનું ઓએએનડીએના વિશ્લેષક ઝેઈન વાવદાએ જણાવ્યું હતું. વધુમાં અમેરિકાનાં વેનેઝુએલા તથા ગ્રીનલેન્ડ સાથેનાં વધેલા ભૂરાજકીય તણાવને કારણે પણ સોનાચાંદીની તેજીને ઈંધણ મળી રહ્યું હોવાનું તેમણે ઉમેર્યું હતું.

તાજેતરમાં વૈશ્વિક બજારમાં ચાંદીમાં પ્રવર્તી રહેલી પુરવઠાખેંચ અને વધી રહેલી ઔદ્યોગિક માગને ધ્યાનમાં લેતા ચાંદીના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૧૦૦ ડૉલર સુધી વધી શકે છે, એમ વાવદાએ ઉમેર્યું હતું.

## વિશ્વ બજાર પાછળ ટીન, નિકલ અને કોપરમાં ઝડપી તેજી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધાતુના વૈશ્વિક અગ્રણી વપરાશકાર દેશ ચીન સ્થાનિક માગને પ્રોત્સાહિત કરવા માટે રાજકોષીય અને નાણાકીય નીતિનો અમલ કરશે એવા અહેવાલો સાથે આજે લંડન ખાતે સત્રના આરંભે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ૧.૨૨ ટકા વધીને ટનદીઠ ૧૩,૧૫૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ અન્ય ધાતુઓમાં પણ સુધારાતરફી વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ધાતુ બજારમાં પણ માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ખાસ કરીને ટીન, નિકલ અને કોપરની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૮૨ સુધીનો ઝડપી ઉછાળો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓના ભાવમાં ઝડપી ઉછાળા જોવા મળ્યા હતા તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૮૨ની તેજી સાથે રૂ. ૪૪૪૯, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૨૮ વધીને રૂ. ૧૨૦૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ૨૭ વધીને રૂ. ૧૧૯૫, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૨૫ વધીને રૂ. ૧૬૫૩, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ૨૩ વધીને રૂ. ૧૧૮૦ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૭ વધીને રૂ. ૧૨૭૭ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૭૦૫, ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૩૧૬ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૨૨૭ અને રૂ. ૧૯૨ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં માગ અત્યંત મર્યાદિત રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૮૧૦ અને રૂ. ૩૧૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ખાંડમાં માગ અનુસાર મિશ્ર વલણ


નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ ખપપૂરતી રહેતાં માગ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. બેથી ૧૬નો સુધારો આવ્યો હતો, જ્યારે નિરસ માગે મિડિયમ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ ઘટી આવ્યા હતા. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ અને રિટેલ સ્તરની ખપપૂરતી લેવાલીને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં તેના વેપાર ક્વિન્ટલે રૂ. બેથી ૧૬ના સુધારા સાથે રૂ. ૩૭૪૦થી ૩૮૨૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૪ના ઘટાડા સાથે રૂ. ૩૮૫૨થી ૩૯૫૦માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની એકંદરે માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૯૦થી ૩૭૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૮૦થી ૩૮૧૦માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.



## ગુજરાતના મથકો પાછળ સિંગતેલમાં ₹ 30નો ચમકારો, આયાતી તેલમાં સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગુજરાતના મથકો પર આજે સિંગતેલમાં દેશાવરોની તેમ જ સ્ટોકિસ્ટોની લેવાલીને ટેકે તેલિયા ટીનના ભાવમાં ૧૫ કિલોદીઠ રૂ. ૩૫નો અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫નો ઉછાળો આવ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક ખાદ્યતેલ બજારમાં પણ સિંગતેલના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૩૦નો ચમકારો આવ્યો હતો. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરીવેટીવ્સ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં પંચાવન રિંગિટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિકમાં આયાતી તેલમાં સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫ વધી આવ્યા હતા, જ્યારે નિરસ માગે આરબીડી પામોલિનમાં રૂ. પાંચ ઘટી આવ્યા હતા. જોકે, આજે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા કામકાજો રહ્યાના અહેવાલ હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૩૧, ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૫, ઈમામીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦, રિલાયન્સ કન્ઝ્યુમરના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૫, એડબ્લ્યુએલના આરબીડી પામોલિન અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૪૫ અને રૂ. ૧૫૩૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૩ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ફેબ્રુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૬૮ અને માર્ચ ડિલિવરી શરતે રૂ. ૧૨૭૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે મગફળીની ૨૫,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૪૩૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે આજે કામકાજો બંધ રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે બે લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૪૮૦૦થી ૫૧૦૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૦૭૫થી ૫૧૫૦માં થયાના અહેવાલ હતા.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૧૫, સન રિફાઈન્ડના રૂ. ૧૫૪૫, સિંગતેલના રૂ. ૧૬૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૫૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં થયા હતા.

# લાંબા સમયથી બંધ સમુદ્રી સીમા દર્શન પ્રવાસીઓ માટે ફરી શરૂ: કોટેશ્વરથી લક્કીનાળાના ક્રીક વિસ્તારમાં કરાવાશે થ્રિલિંગ બોટ રાઇડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છને જોવા-માણવા દેશ-વિદેશથી બહોળી સંખ્યામાં આવતા પ્રવાસીઓ ભારત-પાકિસ્તાન વચ્ચેની અત્યંત સંવેદનશીલ આંતરરાષ્ટ્રીય જળસીમા અંગે જાણકારી મેળવે તેમજ સરહદ પર તહેનાત સીમા સુરક્ષા દળના જવાનોની કામગીરીથી પરિચિત થાય તેવા ઉમદા હેતુથી ભારતમાં પ્રથમ વખત શરૂ કરાયેલા સમુદ્રી સીમાદર્શન પ્રોજેક્ટનો અચોક્કસ મુદત સુધી બંધ રહ્યા બાદ ફરી પ્રારંભ થયો છે.

માત્ર એક બોટ ઉપલબ્ધ હોઈ, ગત રવિવારે પાંચ ટ્રીપમાં ૨૬ જેટલા પ્રવાસીઓએ આ સેવાનો લાભ લીધો હોવાનું જાણવા મળે છે. સમુદ્ર રફ બનવાનું કારણ આગળ ધરીને સમુદ્રી સીમા દર્શન બંધ ન થવું જોઈએ અને બોટોમાં પણ વધારો કરવો જોઈએ તેવું પ્રવાસીઓએ જણાવ્યું હતું.

હાલ લક્કીનાળામાં પ્રવાસીઓ માટે વેઇટિંગ રૂમ, બુકિંગ કાઉન્ટર સહિતની સુવિધા છે. પડાલા ટાપુ પર વનવિભાગ દ્વારા મેગ્રુવના જંગલ બનાવવામાં આવ્યા છે તેમજ ૬ તંબુ સહિતની વ્યવસ્થા ઊભી કરાઇ છે.

પ્રવાસન વિભાગ સાથે સંકળાયેલા એક અધિકારીના જણાવ્યા મુજબ, નારાયણ સરોવરમાં પ્રવાસન વિભાગની હોટલ તોરણમાં સમુદ્રી સીમા દર્શન કરાવતી આ બોટનું બુકિંગ થાય છે, તે ઉપરાંત નારાયણ સરોવર ત્રણ રસ્તે લક્કી તરફ જતા માર્ગે રસ્તા પર બોર્ડ લગાવાયું છે જેથી વાહન ચાલકો સહેલાઈથી લક્કીનાળા સુધી પહોંચી શકે.

આગામી સમયમાં અહીં ફલોટિંગ જેટી, વોચ ટાવર, મરીન ઇન્ટરપ્રીટેશન સેન્ટર, મેન્ગ્રોવ વોક, ફૂડ કિઓસ્ક, ઇન્ફોર્મેશન સેન્ટર, કન્વેશન સેન્ટર, પબ્લિક યુટિલિટી, બીએસએફ ઈન્ટરએક્શન ફેસિલીટી, ભુંગા રીસોર્ટ, એડવેન્ચર પાર્ક, નેચર ટ્રેઈલ્સ, મેન્ગ્રુંવ વોક, ફૂડ કિઓસ્ક વગેરે જેવા આકર્ષણો ઉમેરવામાં આવશે. પ્રોજેક્ટમાં ગુજરાતના પ્રવાસન વિભાગ સાથે બીએસએફ, ફોરેસ્ટ વિભાગ અને ગુજરાત મેરિટાઈમ બોર્ડ સહયોગી છે. થોડા સમય બાદ બોર્ડર રાઈડ સાથેસાથે પ્રવાસીઓને પ્રતિબંધિત દરિયાઈ ટાપુઓ પર લઈ જવામાં આવશે અને ત્યાં મેન્ગરૂવ સફારી દ્વારા પ્રવાસીઓને યાદગાર અનુભવ કરાવવામાં આવશે.

દરમ્યાન, સમુદ્રમાં સરહદી બોર્ડર નિહાળવાનો રોમાંચ પ્રવાસીઓ માણી શકે એ માટે રણોત્સવની કંપની દ્વારા પેકેજની સવલતો પણ આપવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.



ઉત્તરાયણના તહેવારના પગલે રાજકોટનું સદર બજાર ફરી એકવાર રંગીન બન્યું છે. સવારથી સાંજ સુધી ખરીદદારોની ભીડ જોવા મળી રહી છે. મોટી સંખ્યામાં લોકો સદર બજારમાં પતંગ, દોરી, માસ્ક, ટોપીઓ, ગોગલ્સ અને અન્ય ઉત્સવ સંબંધિત સામગ્રીની ખરીદી કરવા ઉમટ્યા હતા... (તસવીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# મીઠીરોહર જીઆઇડીસીમાં ૨.૦૮ લાખના આધાર-પુરાવા વિનાના યુરિયા ખાતર સાથે એક શખસ પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ખેડૂતોને મળવાપાત્ર નીમ કોટેડ યુરિયા ભ્રષ્ટ તંત્રની રહેમ નજર હેઠળ કેટલાક ઔદ્યોગિક એકમોમાં પગ કરી જતું હોવાની ઊઠી રહેલી વ્યાપક ફરિયાદો વચ્ચે ગાંધીધામ બી-ડિવિઝન પોલીસે મીઠીરોહરના જી.આઈ.ડી.સી વિસ્તારમાંથી આધાર-પુરાવા વિહોણા રૂ.૨.૦૮ લાખની કિંમતના યુરિયા ખાતરના જથ્થા સાથે એક શખસને ઝડપી પાડી, ટ્રેઇલર સહિત કુલ રૂ.૧૪.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે પોલીસ ઇન્સ્પેકટર એસ.વી. ગોજીયાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, મીઠીરોહરના જીઆઇડીસી વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલા સર્વેલન્સ સ્ટાફને પ્રાપ્ત થયેલી પૂર્વબાતમીના આધારે વોચ ગોઠવવામાં આવી હતી. આ વેળાએ જીઆઇડીસી તરફ જતાં શંકાસ્પદ ટ્રેઇલરને રોકવી, તલાશી લેતા તેમાં યુરિયા ખાતરનો જથ્થો મળી આવ્યો હતો. આ બાબતે વાહનના ડ્રાઈવર એવા બનાસકાંઠાના ભરડવા ગામના અમરત હીરા ગોહિલની ઊલટ તપાસ કરતા, કોઈ સંતોષકારક જવાબ કે કાયદેસરના આધાર-પુરાવા રજૂ કરી શક્યો ન હતો.

પોલીસે રૂ.૨,૦૮,૪૪૦ની કિંમતનો ૩૪,૭૪૦ કિલોગ્રામ યુરિયાનો જથ્થો જપ્ત કરી વાહન અને મોબાઇલ સહિત કુલ રૂ.૧૪,૧૧,૪૪૦નો મુદ્દામાલ જપ્ત કરી ચાલકની અટક કરી હતી. પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. આ જથ્થો બજારમાં ગેરકાયદેસર રીતે વેચવા અથવા સંગ્રહ કરવાના હેતુથી હોવાની શંકાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ ૧૦૬, ૩૫(૧) (ઇ) હેઠળ આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાર્યવાહી શરૂ કરી છે.

# ભચાઉના આધોઇ ખાતેથી સરહદી રેન્જની સાયબર સેલની ટુકડી તથા સ્થાનિક પોલીસે દોઢ કરોડથી વધુની કિંમતનો સોપારીનો જથ્થો ઝડપી પાડ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: અઢી વર્ષ અગાઉ કચ્છના મુંદરામાં સોપારીની દાણચોરીના પ્રકરણમાં કેટલાક સ્થાનિક પોલીસકર્મીઓ અને તેના મળતિયાઓએ ૩.૭૫ કરોડ રૂપિયાનું આચરેલું તોડકાંડ ચર્ચાના એરણે ચડેલું છે તેવામાં સરહદી રેન્જની સાયબર સેલની ટુકડી તથા સ્થાનિક પોલીસે ભચાઉ તાલુકાનાં આધોઇ ગામેથી આધાર-પુરાવા વિનાના અંદાજિત દોઢ કરોડના મૂલ્યના સોપારીનો જથ્થો ભરેલાં એક કન્ટેનર ટ્રેઇલરને ઝડપી લેતાં ચકચાર પ્રસરી હતી.

આ અંગે મળતી પ્રાથમિક વિગતો મુજબ, ભચાઉનાં આધોઇ ખાતે આવેલા એક રહેણાક મકાનમાં સોપારીનો જથ્થો ઊતરી રહ્યો હોવા અંગે મળેલી પૂર્વબાતમીના આધારે સરહદી રેન્જની સાયબર સેલની ટુકડી અને સ્થાનિક પોલીસે દરોડો પાડ્યો હતો. આ વેળાએ સોપારીનો જથ્થો ભરીને આવેલા કન્ટેનર ટ્રેઇલરના ચાલક એવા દીપારામની ધરપકડ કરી લેવામાં આવી હતી.

પ્રાથમિક તપાસમાં અમદાવાદના એજાજ અને મોહમદ નામના શખ્સોએ આનંદકુમાર નામનના વ્યક્તિને સોપારીનો જથ્થો લેવા માટે કચ્છ મોકલ્યો હતો જે આ કન્ટેનર ટ્રેઇલરનું પાઈલટિંગ કરી રહ્યો હતો. આ ઉપરાંત અંજારના પરેશ અને આધોઇના મનીષ નામના શખ્સોની પણ સોપારીની હેરાફેરીમાં સંડોવણી હોવાનું બહાર આવ્યું હતું. આ આરોપીઓ પૈકી અમુકને પકડી લેવાયા હોવાનું જાણવા મળ્યું હતું.

આ કાર્યવાહી દરમ્યાન દોઢેક કરોડની સોપારીનો આધાર-પુરાવા વગરનો જથ્થો ઉપરાંત કિયા અને જીપ કમ્પાસ કાર, લેપટોપ, મોબાઇલ ફોન સહિતનો મુદામાલ જપ્ત કરી, આ સોપારી ક્યાંથી મેળવાઈ હતી વગેરે જેવા મુદ્દે તપાસ ચાલી રહી છે.

# અભયમ ૧૮૧ મહિલા હેલ્પ લાઇન દ્વારા વર્ષ ૨૦૨૫મા ભાવનગર જિલ્લામાં ૭,૨૧૯ પીડીત મહિલાઓની મદદે આવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ અને ગૃહ વિભાગ દ્વારા અને ઇ.એમ.આર.આઇ ગ્રીન હેલ્થ સર્વિસ દ્વારા કાર્યાન્વિત અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇન ગુજરાતની પીડીત મહિલાઓ માટે આશીર્વાદરૂપ બની રહી છે. મહિલાઓના શારીરિક, માનસિક, જાતીય સતામણી કે ઘરેલુ હિંસા સહિતની હેરાનગતિમાં અસરકારક કાઉન્સિલિંગ, સરકારની એજન્સીઓ સાથે સંકલન કરી મદદ, માર્ગદર્શન અને બચાવ કર્યો હતો. લગ્નજીવનના વિખવાદો, પાડોશી સાથેના અણબનાવ, બિનજરૂરી કોલ મેસેજ થી હેરાનગતિ, છેડતી વગેરે કિસ્સાઓમાં મદદરૂપ બની દીન-પ્રતિદિન મહિલાઓમાં વધુ વિશ્વાસ અને પ્રતિભાવ મેળવવામાં આવી રહેલ છે જેથી આજે ગુજરાતની મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થિનીઓ અભયમ એક સાચી સહેલી તરીકે બની રહી છે.

જાન્યુઆરી ૨૦૨૫ થી ડિસેમ્બર ૨૦૨૫ દરમ્યાન અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઇનમાં મદદ માટે ભાવનગર જીલ્લામાં ૭,૨૧૯ જેટલા જરૂરિયાતમંદ મહિલાઓના કોલ આવેલ જેમાંથી ૧૩૬૨ કિસ્સાઓમાં અભયમ રેસક્યું વાન ડિસ્પેચ, ૯૬૧ કેસોમાં સમાધાન અને ૩૫૦ મહિલાઓને બચાવ એજન્સીઓ રિફર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત કસ્ટડીના ૨૬૧ કેસ, ઘરેલુ હિંસાના ૩૬૭૮ કેસ, લગ્નજીવનના વિખવાદો ૩૫૧ કેસ, જનરલ માહિતી અને સરકારી મહિલાલક્ષી યોજનાઓની પ્રાથમિક માહિતીના ૨૨૦ કેસ, શારીરિક, માનસીક, જાતીય હેરાનગતિના ૧૪૪૦ કેસ, પરીવાર છોડેલ ૧૩૪ કેસ, અન્ય સબંધોના ૧૧૫ કેસ, કાયદાકીય માર્ગદર્શન ૧૪૯ કોલ આવ્યાં હતાં. વર્ષ દરમિયાન જિલ્લા વહીવટી તંત્ર, પોલીસ વિભાગ, મહિલા અને બાળ વિકાસ વિભાગ, નારી સંરક્ષણ ગૃહ, ઓ.એસ.સી, પી.બી.એસ.સી, આશ્રય ગૃહ અને સ્થાનિક સંસ્થાઓ અને કાર્યકરો તરફથી નોંધપાત્ર સહયોગ મળી રહ્યો હતો આમ, અભયમ ટીમ દ્વારા લગ્નજીવન અને લગ્ન બહારના સબંધો, ઘરેલું હિંસા, શારીરિક માનસીક અને જાતિય સતામણી અને બીનજરૂરી કોલ મેસેજ થી હેરાન થતા મહિલાઓ, યુવતીઓ અને વિદ્યાર્થિનીઓના જીવનમાં આવેલી આપત્તિમા મદદ, માર્ગદર્શન અને બચાવ દ્વારા મહિલા સલામતી, શાંતિ અને પારિવારિક, સામાજિક એકતા અને સુલેહ માટે પ્રશંસનીય કાર્ય કરવામાં આવ્યું હતું.

# કચ્છમાં દેખો ત્યાં 'ઠાર': નલિયા ૩.૮ ડિગ્રી સાથે ઠંડુગાર બન્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મકરસંક્રાંતિ પર્વ આવી પહોંચ્યું છે ત્યારે કચ્છમાં ફરી વળેલી શીતલહેર બરકરાર રહેવા પામી હોય તેમ ન્યુનતમ તાપમાનમાં રાજ્યભરમાં અવ્વલ ક્રમે ઠરી રહેલાં અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં લઘુતમ તાપમાનનો પારો ૩.૮ ડિગ્રી પર સ્થિર થઇ જતાં આ નગર જાણે બરફનો ગોળો બન્યું હતું. કચ્છના કાશ્મીર તરીકે ઓળખાતા નલિયામાં શિયાળાએ અસલી મિજાજ દર્શાવાનું શરૂ કરતાં તીવ્ર ઠારથી જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. વહેલી સવારે લોકો ઠેર ઠેર તાપણાં કરતા જોવા મળી રહ્યા છે,તેમજ સવારની પાળીમાં નિશાળે જતાં ભૂલકાં ટાઢથી ઠઠરી ઊઠ્યાં હતાં.

દિવસનું ઉષ્ણતામાન પણ ઘટીને ૨૨ ડિગ્રી પર રહેતાં ભરબપોરે પણ પરોઢના પાંચ વાગ્યા જેવી કાતિલ ઠંડક અનુભવાઇ રહી છે. ઠંડીના તીવ્ર મોજાને પગલે સૂર્યાસ્ત થતાં જ બજારો સૂમસામ બની હતી. બીજી તરફ કંડલા એરપોર્ટ ખાતે પણ પારો વધુ નીચે સરકીને ૧૦ ડિગ્રી થઇ જતાં કચ્છનું આ ઔદ્યોગિક સંકુલ ઠર્યું હતું. જિલ્લા મથક ભુજમાં દિવસભર દક્ષિણ અને ઉત્તર દિશાએથી વાતા ઠંડાગાર હિમપવનો ફૂંકાઈ રહ્યા છે જેને પગલે જનજીવનને વ્યાપક અસર થવા પામી છે. કિલ્લેબંધ શહેર ભુજમાં લઘુતમ તાપમાનનો સત્તાવાર આંક ૮.૬ ડિગ્રી રહ્યો છે, જયારે લોકોના સ્માર્ટફોનમાંના વેધર એપ્લિકેશનમાં સાત ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જાન્યુઆરી મહિનો અડધો વીતવા આવ્યો છે તેવામાં હવામાન વિભાગ દ્વારા કચ્છમાં ઠંડીનું તીવ્ર મોજું ફરી વળશે તેવો વર્તારો વ્યક્ત કરવામાં આવ્યો છે. કચ્છ પર ફરી વળેલા ઠંડીના તીવ્ર મોજાંને કારણે ધોરડો ખાતે રણોત્સવ માણવા આવેલા સહેલાણીઓ ખુલ્લા રણમાં વેગીલા વાયરા સાથે પડી રહેલી કાતિલ ઠંડીના મારથી મુશ્કેલીમાં મુકાઈ ગયા હોવાનું મુંબઈથી પોતાના વતને ફરવા આવેલા એક પ્રવાસીએ જણાવ્યું હતું.

# ભુજમાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેંચાણ કરતા દુકાનદારો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: મકરસંક્રાંતિ પર્વના શરૂ થઇ ચૂકેલા કાઉન્ટડાઉન વચ્ચે માનવો અને પશુ-પક્ષીઓ માટે ઘાતક એવી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વપરાશ અને વેંચાણને નાથવા માટે રાજ્યસ્તરે ચાલી રહેલાં કોમ્બિંગ અંતર્ગત કચ્છ પોલીસે જિલ્લાના મુખ્ય મથક ભુજ ખાતેથી આવા ચાઈનીઝ દોરાનું વેચાણ કરતા શખ્સને ફિરકીઓ સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરાઇ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, એ-ડિવિઝન પોલીસે પૂર્વબાતમીના આધારે ધારાનગરમાં રહેતા સાજીદ ગુલમામદ સંઘવાણીના ઘરે દરોડો પાડી, સાજીદને પ્રતિબંધિત ચાઇનીઝ પ્લાસ્ટિકની દોરીની નાની-મોટી પાંચ ફિરકી સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બીજી તરફ, પેટ્રોલિંગ દરમ્યાન મળેલી પૂર્વબાતમીના આધારે સ્થાનિક ગુન્હાશોધક શાખાએ સુરેશ દાતણિયા તથા પ્રતાપ પરમાર (રહે. રામનગરી-ભુજ)ને નાની-મોટી ૧૭ જેટલી ચાઈનીઝ દોરીની ફિરકી તથા એક દ્વિચક્રી વાહન સાથે ઝડપી લઈને જાહેરનામાના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# માતા સાથે કચ્છના પ્રવાસે આવેલા મહારાષ્ટ્રના યુવકનું ભુજની હોટેલમાં મૃત્યુ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: બે દિવસ અગાઉ ભાતીગળ પ્રદેશ કચ્છને જોવા-માણવા બે દિવસ અગાઉ માતા સાથે આવેલા મહારાષ્ટ્રના પૂનાના ૩૪ વર્ષીય વિનીત નીતિન દેશપાંડેનું સંભવિત હૃદય બંધ પડી જવાથી મૃત્યુ નીપજતાં અરેરાટી સાથે ગમગીની પ્રસરી હતી, બીજી તરફ ગાંધીધામ શહેરનાં ગુજરાત હાઉસિંગ બોર્ડ સેક્ટર-પાંચ વિસ્તારમાં કિરીટ ખીમજી જોશી (ઉં.વ. ૫૬)એ એસિડ પી લઇને પોતાનું જીવન ટૂંકાવી લીધું હતું. પોલીસ કંટ્રોલ રૂમ પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ, ગત તા. ૯-૧ના રોજ માતા સાથે કચ્છના પ્રવાસે આવેલો વિનીત ભુજના રેલવે સ્ટેશનની સામે આવેલી ડેઝ ઓફ સ્ટુડિયો નામની હોટલમાં રોકાયો હતો. આ દરમ્યાન સવારના આઠ વાગ્યાના અરસામાં આ યુવક હોટેલ રૂમના બાથરૂમમાં બેભાન અવસ્થામાં મળી આવ્યો હતો. તેને સારવાર અર્થે ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં ખસેડાતાં ફરજ પરના તબીબે મૃત જાહેર કરતાં ભુજ બી-ડિવિઝન પોલીસે અકસ્માત મોતનો ગુનો દર્જ કરી તજવીજ હાથ ધરી છે.

દરમ્યાન, મૃતક વિનીત જન્મથી હૃદય સંબંધિત તકલીફ અને હાઈ બ્લડપ્રેશરની દવા લેતો હોવાનું પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે તેમ તપાસકર્તા પી.એસ.આઈ મયૂરભાઈ પટેલે જણાવ્યું હતું.

# મુંદરામાં પુત્રીની નજર સામે જ નરાધમ પિતાએ માતાની કરપીણ હત્યા કરી

ભુજ: કચ્છના બંદરીય મુંદરા તાલુકાના ભદ્રેશ્વર ગામમાં એક પિતાએ પોતાના સંતાનોની નજર સામે માતાની નિર્દયતાપૂર્વક છરી વડે કરપીણ હત્યા કરી, ફરાર થઇ જતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી. મુંદરા મરીન પોલીસ મથકના પી.આઈ પી.કે.રાડાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, બનાવ ગત રાત્રે એકાદ વાગ્યાના સુમારે હત્યારા અભુ મામદ ગોધે સૌ પ્રથમ ત્રણ પુત્રીઓ અને એક પુત્ર જે જુદાં જુદાં રૂમમાં નિંદ્રાધીન હતા તેના દરવાજા બહારથી બંધ કરી દઈ, ચા બનાવવાના બહાને તેની પત્ની હવાબાઈ (ઉ.વ.૪૭)ને ગાઢ નિંદ્રામાંથી ઉઠાડી હતી. આ વેળાએ અચાનક અભુ મામદ ગોધ તીક્ષ્ણ છરી વડે પત્ની પર ઘાતક હુમલો કરી દીધો હતો. માતાની મરણચીસોના પગલે રૂમમાં પુરી દીધેલાં સંતાનો જાગી ગયાં હતા. મોટી પુત્રીએ આ ભયાનક મંજરને બારી વાટે જોયો હતો. તરફડિયાં મારતી પત્નીના શ્વાસ થંભે ત્યાં સુધી ઝનૂનપૂર્વક છરીના ઉપરાઉપરી ઘા મારી, તેનું ઢીમ ઢાળી દઈને અભુ નાસી છૂટ્યો હતો.

# ભાવનગરમાં બેન સાથે મોબાઇલમાં વાત કરતા શખ્સને ઠપકો આપવા જતા યુવકની હત્યા : ૪ આરોપી ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના અકવાડામાં યુવતી સાથે મોબાઈલ ફોનમાં વાતચીત તેમજ વોટ્સએપમાં ચેટ કરતો હોવાનો ઠપકો આપવા ગયેલા મામા ભાણિયા પર ચાર શખ્સે છરી વડે પ્રાણઘાતક હુમલો કરી ગંભીર ઇજા પહોંચાડી હતી.મામા ભાણિયાને ગંભીર હાલતે હોસ્પિટલે ખસેડવામાં આવેલ જ્યાં મામાનું મોત નિપજ્યું હતું.

આ બનાવ અંગેની વિગતો એવી છે કે ભાવનગર શહેરના ઘોઘા રોડ મોટા શીતળા માતાના મંદિર પાસે આવેલ ખોડીયાર નગર એક ખાતે રહેતા દિલીપભાઈ રમેશભાઈ ડાભીના મામાના ભાગીદાર નીતેશભાઈના કાકાની દીકરી સાથે અલ્પેશ ધીરાભાઈ સોલંકી નામનો શખ્સ ફોનમાં વાતચીત તેમજ વોટ્સએપમાં ચેટ કરતો હતો. જે બાબતેનો ઠપકો આપવા માટે દિલીપભાઈ અને મામા દિનેશભાઈ હમીરભાઇ ચૌહાણ ( ઉ.વ ૩૦ ) અને ભાગીદાર સહિતના સભ્યો અલ્પેશના ઘરે હતા. તેવામાં અલ્પેશ તથા તેનો ભાઈ રાહુલ તેની સાથે પાછળથી આવેલા સુરેશ ઉર્ફે ઘુઘી અને કાનજી ઉર્ફે કાનો ડાભીએ મામા ભાણિયાને ગાળો આપી ઝપાઝપી કરી અલ્પેશે મામા દિનેશભાઈને પકડી રાખેલ અને રાહુલે છરીના ઉપરા ઉપરી ઘા ઝીંકી મરણતોલ ઈજા કરી ત્યાંથી ચારેય ઈસમો નાસી છૂટયા હતા.અને મામા ભાણિયાને ગંભીર ઇજા થતા ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ભાવનગર હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા.જ્યાં દિનેશભાઈ હમીરભાઇ ચૌહાણનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.આ બનાવ સંદર્ભે દિલીપભાઈએ ચાર ઇસમ વિરુદ્ધ ઘોઘારોડ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

# રાજકોટનાં સાંઢિયા પુલનું કામ હજુ પણ અધૂરું, કૉંગ્રેસ મેદાનમાં ઉતર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ જામનગર રોડ ઉપર આવેલ વર્ષો જૂનો સાંઢિયા પુલ ૭૫ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો છે, પરંતુ રેલવે ટ્રેક ઉપર જે સ્ટીલ ગર્ડર લોન્ચ કરવાના છે. તેની મંજૂરી નહીં મળતા કામમાં વિલંબ થઇ રહ્યો છે. તંત્ર દ્વારા વહીવટી પ્રક્રિયા પહેલા પૂર્ણ કરવાની હોય છે, પરંતુ તે સમયસર પૂર્ણ નહીં થતા જામનગર રોડને જોડતા વિસ્તારો જેવા કે બજરંગવાડી, વોરા સોસાયટી, વાંકાનેર સોસાયટી, રેલનગર, લોકો કોલોની સહિતના વિસ્તારોમાં રહેતા લાખો લોકો હેરાન પરેશાન થઈ રહ્યાં છે. લોકો પરેશાન થઈ રહ્યાં હોવાના કારણે ત્વરિત કામગીરી પૂર્ણ કરવા કૉંગ્રેસના પૂર્વ મહામંત્રી કલ્પેશ કુંડલીયા અને અશોકસિંહ વાઘેલાએ તંત્રને રજૂઆત કરી હતી. રજૂઆતમાં રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૨ અને વોર્ડ નંબર ૩ની સરહદને વિભાજિત કરતા જામનગર રોડ ઉપર રૂ. ૭૫ કરોડના ખર્ચે નિર્માણાધીન સાંઢિયા પુલનો પ્રોજેક્ટ નિયત સમય મર્યાદામાં એટલે કે માર્ચ-૨૦૨૬માં પૂરો થાય તેમ નથી. કારણ કે પછી એક વિક્ષેપ આવતા હોવાથી આ કામગીરીમાં વિલંબ થઇ રહ્યો છે, તેમ સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. સાંઢિયા પુલના કામે સેન્ટ્રલ પોર્શનમાં એટલે કે રેલવે ટ્રેકની બરોબર ઉપરના ભાગે સ્ટીલ ગર્ડર લોન્ચ કરવા રાજકોટ મહાનગરપાલિકાએ અગાઉ રેલવે તંત્ર પાસે મંજૂરી માગી હતી. જે ન મળતા ડિસેમ્બરમાં પુલનું લોકાર્પણ કરવાનું સત્તાધિશોનું સપનું રોળાયું હોવાનું જાણવા મળ્યું હતું.

# ગીર સોમનાથમાં અભયમ હેલ્પલાઈને પાંચ હજાર કરતા વધારે મહિલાને મદદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહિલાઓને જરૂર પડે ત્યારે કાનૂની મદદ, કાઉન્સેલિંગ માટે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન હંમેશાં કાર્યરત રહે છે. ગીર સોમનાથમાં પણ વર્ષ ૨૦૧૫થી આ હેલ્પલાઈન કાર્યરત છે અને ૫,૮૭૬ મહિલાને મદદ મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

જિલ્લામાં છેલ્લા ૧૦ વર્ષની કામગીરી દરમિયાન ૨૭,૭૬૧ મદદની અપીલ મળી હતી, જેમાં સલાહ, સૂચન અને માર્ગદર્શન આપવામાં આવ્યા હતા, જેમાંથી ૫,૮૭૬ મહિલાને ઘટનાસ્થળે પહોંચી અભયમે મદદ કરી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ૫૩૦ એવા પણ કિસ્સા છે, જેમાં તાત્કાલિક ટીમે આવી પીડિતાનું રેસ્ક્યુ કર્યું હતું અને ૪૦૭ કિસ્સામાં કાઉન્સેલિંગ દ્વારા સ્થળ પર સમાધાન કરવામાં સફળ રહ્યું હતું. લગભગ ૧૨૦ જેટલી મહિલાઓને કાનૂની સેવા અને અન્ય મદદ પૂરી પાડી હતી.